# એકબીજાને સમજીએ

[ગુલામ રસૂલ કુરેશી સ્મૃતિ મેમોરિયલ
અને
વસંત-રજબ કોમી એકતા કેન્દ્રના
ઉપક્રમે યોજેલ – ચાર વ્યાખ્યાનો]

: વ્યાખ્યાતાઓ :
શ્રી યાસીન દલાલ, રાજકોટ
શ્રી યશવંતભાઇ શુકલ, અમદાવાદ
પ્રો. જે. એસ. બંદૂકવાલા, વડોદરા
શ્રી અસગરઅલી એન્જિનિયર, મુંબઈ

: પ્રકાશક :
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈનીવાડી, દિલ્હીદરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦૦૦૪.

# એકબીજાને સમજીએ

ગુલામ રસૂલ કુરૈશી સ્મૃતિ મેમોરિયલ
અને
વસંત-રજબ કોમી એકતા કેન્દ્રના ઉપક્રમે
યોજેલ - ચાર વ્યાખ્યાનો


વ્યાખ્યાતાઓ
શ્રી યાસીન દલાલ, રાજકોટ
શ્રી યશવંતભાઈ શુક્લ, અમદાવાદ
પ્રો. જે. એસ. બંદૂકવાલા, વડોદરા
શ્રી અસગરઅલી એન્જિનિયર, મુંબઈ



: પ્રકાશક :
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, દિલ્લી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪

❑ પ્રકાશક :
**મનુભાઈ પંડિત**
મંત્રી, મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪

❑ પ્રથમ આવૃત્તિ : નકલ પાંચસો
ઑક્ટોબર, ૧૯૯૪

❑ કિંમત રૂપિયા બાર

❑ મુદ્રક : મહેશ મુદ્રણાલય
દૂધેશ્વર,
અમદાવાદ-૪.

# પ્રાસંગિક બે બોલ

મર્હૂમ ગુલામરસૂલ મિયાંસાહેબ કુરેશી જેવા નેકદિલ બુઝર્ગની રાષ્ટ્રીયભાવના અને આઝાદી જંગમાં એમણે આપેલી કુરબાનીની મધુરસ્મૃતિ તથા વસંતરાવ હેગિષ્ટ અને રજબઅલી લાખાણી જેવા નવલોહિયા યુવાનોએ અમદાવાદના સન ૧૯૪૬ના કોમી હુલ્લડમાં - કોમી એકતા - ખાતર, સ્વેચ્છાએ વહોરી લીધેલી શહીદીની પાવન સ્મૃતિ, આજે પણ પ્રેરક બની શકે છે.

હરિજન આશ્રમ ટ્રસ્ટ સાબરમતી (અમદાવાદ) અને ભાલ-નળકાંઠા પ્રાયોગિક સંઘ, ગૂંદી આશ્રમે આ મધુર અને પાવનસ્મૃતિને, સાકાર સ્વરૂપ આપવાનું ઠરાવ્યું. શ્રી ગુલામરસૂલ કુરેશી, હરિજન આશ્રમની - 'ઈમામ મંઝિલ'માં રહેતા હતા. આ ઈમામ મંઝિલને સલામત રાખી, બાજુની ખુલ્લી જમીનમાં - 'ગુલામ રસૂલ કુરેશી સ્મૃતિ હૉલ' બાંધવાનું અને તેમાં તથા ઈમામ મંઝિલમાં 'વસંત-રજબ કોમી એકતા કેન્દ્ર'નું કામ શરૂ કરવાનો નિર્ણય કર્યો હતો.

એના એક ભાગરૂપે યોજાયેલ વ્યાખ્યાનમાળાના આયોજનમાં આ બીજા વર્ષે ચાર વિષયો પર ચાર વ્યાખ્યાતાઓને વિષયવાર એક વ્યાખ્યાન આપવા તથા પ્રમુખસ્થાન માટે શ્રી ટી.યુ. મહેતાને વિનંતી પત્રો લખ્યા હતા. પાંચે મહાનુભાવોએ ઉષ્માપૂર્વક સંમતિ તો આપી જ, એટલું જ નહીં, એ સહુએ આખો દિવસ સભામાં ઉપસ્થિત રહી, બધાનાં વ્યાખ્યાનો સાંભળવાનું દાક્ષિણ્ય દાખવી, વ્યાખ્યાતા ઉપરાંત શ્રોતા તરીકે ઉપસ્થિત રહી, જે ઔચિત્ય અને આદર બતાવ્યાં તે ખૂબ સ્પૃહણીય રહ્યાં.

ડલહાઉસીથી પ્રખર વિચારક, અધ્યાત્મનિષ્ઠ સાધિકા વિદુષી વિમલાતાઈ ઠકાર લખે છે : 'વિષયોનું ચયન અને વક્તાઓનું ચયન બંને સંકેત આપે છે કે કાર્યક્રમ સફળ થશે.'

અને ખરેખર, વિમલાબહેનની અપેક્ષા કહો કે આશીર્વાદ કહો, તે મુજબ કાર્યક્રમ સફળ રહ્યો. શ્રોતા-વક્તાઓ વચ્ચે જાણે એકતાર બંધાયો હોય તેમ મન મૂકીને કહેવાયું, અને હૃદયને અપીલ થાય તેમ ઝીલાયું. શ્રી યશવંતભાઈની વિવેકી નિરૂપણ શૈલી; પ્રો. બંદૂકવાલાની સહજ નિર્ભીકતાભરી વેધકવાણી; શ્રી અસગરઅલીભાઈની નિરાગ્રહ ધાર્મિકતા અને યાસીનભાઈની તર્કબદ્ધ, બુદ્ધિયુકત અને વૈજ્ઞાનિક દલીલોથી સમજાવવાની સરળ શૈલી - એમ બધાની વિવિધ લાક્ષણિકતાઓથી સભર વ્યાખ્યાનો, ખરેખર દાદ માગી લે તેવાં થયાં.

અમદાવાદ ભદ્રમાં આવેલ સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારકભવનમાં યોજાયેલ કાર્યક્રમ, સંખ્યા વધી જવાથી છેલ્લી ઘડીએ સ્થળમાં ફેરફાર કરી, બાજુમાં જ આવેલ મજૂર મહાજન સંઘમાં રાખવામાં આવ્યો હતો. તેમાં સરદાર સ્મારકના તેમ જ મજૂર મહાજનના નાનામોટા તમામ કાર્યકરો અને અગ્રણીઓએ આપેલ સહકારનો નોંધપાત્ર ફાળો છે, અને તે માટે અમે એ બંને સંસ્થાના ઋણી છીએ.

આમ આ વ્યાખ્યાનો પુસ્તિકારૂપે પ્રગટ થાય છે. વ્યાખ્યાનો સ્વયં સ્પષ્ટ છે, એ તો વાંચતાંની સાથે જ વાચકો સ્વયં અનુભવી શકશે. સાચી વાતનું જ્ઞાન થાય, અને દર્શન સાફ થાય તો પણ આપણામાં રહેલા પૂર્વના સંસ્કારો એમ ઝટઝટ ભૂંસાતા નથી. એટલે જ્ઞાન તથા દર્શન પછી તેનું આચરણ થઈ જે ચારિત્ર્ય નિર્માણ થવું જોઈએ તે નથી થતું. આ વ્યાખ્યાનોના ચારે વિષયોનો આ આપણી મર્યાદામાં વ્યવહાર ગોઠવવો કઠણ છે.

તો બીજી તરફ વ્યાખ્યાતાઓએ સાદી, સરળ ભાષામાં, દાખલા-દલીલોથી પોતપોતાના વિષયને સમજાવ્યો છે. તેને આ વ્યાખ્યાન વાચનાર વાચક પોતાના જીવનમાં વ્યવહારમાં તેનું આચરણ કરવા ઈચ્છે તો તે પોતાની શકિત-મતિ અને ભકિત મુજબ, હાથવગો કરીને તેનું આચરણ કરી શકે, તેવો સહેલો પણ છે, એમ પણ આ વાંચ્યા પછી વાચક અનુભવી શકશે. એવો અમને વિશ્વાસ છે.

વ્યાખ્યાનો વિચાર અને વાણીના સ્તરેથી વર્તનમાં ઊતરે તેવા સ્પષ્ટ હેતુથી થયેલ આયોજનના અનુસંધાનમાં હવે પછી એવું વિચાર્યું છે કે આ પુસ્તિકાના વાચકોમાંથી જેમની ભાવના હોય, અને થોડો-ઝાઝો જે કંઈ સમય આપી શકે તેવી વ્યકિતઓનું એક મિલન અમદાવાદમાં ઈમામમંઝિલમાં ગોઠવવું અને કોમી એકતા, બિનસાંપ્રદાયિકતા, રાષ્ટ્રની અખંડિતતા અને એકતા તેમજ સર્વધર્મ ઉપાસનાનું કામ કઈ રીતે શરૂ કરવું? તેનો ચોક્કસ કાર્યક્રમ તૈયાર કરવો.

જેમને આ કામમાં રસરુચિ હોય તે સહુને આ માટે નીચેના સરનામે સંપર્ક કરવા વિનંતી છે.


**વસંત–રજબ કોમી એકતા કેન્દ્ર**
ઈમામ મંઝિલ, હરિજન આશ્રમ
અમદાવાદ-૩૮૦ ૦૨૭

**અંબુભાઈ મલૂકચંદ શાહ**
ટ્રસ્ટી
ભાલ-નળકાંઠા પ્રાયોગિક સંઘ

**જીવણલાલ જયરામદાસ**
ટ્રસ્ટી
હરિજન આશ્રમ, ટ્રસ્ટ

# સર્વધર્મ ઉપાસના

**- યશવંત શુકલ**

ન્યાયમૂર્તિ શ્રી મહેતા સાહેબ, ભાઈશ્રી અંબુભાઈ, યાસીનભાઈ, અસગરઅલીભાઈ, બંદુકવાલા સાહેબ અને સર્વ મિત્રો,

ભાઈશ્રી અંબુભાઈએ હમણાં જ જાહેર કર્યું કે, સર્વધર્મ ઉપાસના એ વિષય મને આપવામાં આવ્યો છે. જ્યારે તેમણે મને બોલવા માટે આમંત્રણ આપ્યું ત્યારે મેં તે સહર્ષ સ્વીકાર્યું હતું, કારણ કે આવા પ્રયોગો વખતોવખત થતા નથી. આ એક બહુ સરસ અર્થપૂર્ણ સમારંભ યોજાયો છે, જે દ્વારા કેટલા બધા વિચારો, નવલા વિચારો, નવલી વાનગી આપણે પામ્યાં છીએ, અને તે પણ કુરેશી સાહેબ અને વસંત-રજબની યાદમાં. એટલે મારે ના પાડવાનું તો કારણ જ નહોતું. વળી બીજાં વ્યાખ્યાનોમાંથી મને ઘણું બધું શીખવા મળે એવો પણ સંજોગ હતો. પણ મેં શ્રી અંબુભાઈને પત્ર લખીને જણાવ્યું કે, તમે મારા માટેના વિષયને સર્વધર્મ ઉપાસના શબ્દ આપ્યો છે એને બદલે સર્વધર્મ સમભાવ કર્યો હોય તો કેમ ? અથવા સર્વધર્મ મમભાવ કે પછી સર્વધર્મ સમન્વય કહ્યો હોય તો કેમ ? આમ મારી મનગમતી વાત મેં કરી હતી. પણ એમણે કહ્યું કે "ના, તમે સર્વધર્મ ઉપાસના ઉપર જ બોલો એવો મારો આગ્રહ છે." આમ એમણે મને થોડોક મૂંઝવણમાં તો મૂકયો, પણ મારી મૂંઝવણ ઓછી કરવા માટે જ જાણે કે એમણે એક નાની પુસ્તિકા મને મોકલી આપી. એ હતી પૂ. સંતબાલજીની, "સર્વધર્મ - ઉપાસના. એનો મેં અભ્યાસ પણ કર્યો.

હું જાણું છું કે, પૂ. મુનિ શ્રી સંતબાલજી જૈન સાધુ હોવા છતાં તેઓ સર્વધર્મના ઉપાસક હતા. એમણે એક સર્વધર્મપ્રાર્થના પણ રચી છે, જેમાં કેટલા બધા વિશ્વવંદ્ય ધર્મસ્થાપકોનાં નામ તેમણે સમાવ્યાં છે. એમાં ગાંધીજીનું પણ નામ લીધું છે, ગાંધીજીએ કોઈ ધર્મ કે પંથ નથી સ્થાપ્યો તોપણ. પૂ. સંતબાલજી જાણતા હતા કે ગાંધીજી ધર્મ જીવ્યા હતા. એટલે એમનું નામ પણ એમણે અંદર મૂક્યું છે. હવે પેલી પુસ્તિકા વાંચી ગયો, તોયે મારા મનની અવઢવ પૂરી શમી નહોતી, એનો મારે જાહેર એકરાર કરવો જોઈએ. એનું કારણ કે એ છે કે

'ઉપાસના' શબ્દનો અર્થ થાય છે કશીક ધાર્મિક ક્રિયા, કશીક ધાર્મિક પ્રવૃત્તિ. હું ઈશ્વરસ્મરણ કરું, યજન કરું, ભજન કરું, હું આરતી નૈવેદ્ય એ બધાનો આશ્રય લઉં, અને સાથે હું બીજી ક્રિયાઓ કરું ત્યારે તે ઉપાસના કહેવાય. હવે સવારમાં મેં જે પ્રવચનો સાંભળ્યાં તે બહુ સુંદર પ્રવચનો હતાં . સાંભળીને ન્યાલ થયો. એમણે જગતના જે ધર્મોની વાત કરી એમાં ઈસ્લામ હતો અને હિન્દુ ધર્મ પણ આવ્યો. તથાપિ આપણે બીજા ધર્મો પણ અંદર ઉમેરી લઈએ. બૌદ્ધધર્મ અને જૈનધર્મ, એ તો હિન્દુ ધર્મના ફાંટાઓ રૂપે ઉપસ્યા હતા, જોકે આમ તો સ્વતંત્ર હતા. છતાં હિન્દુધર્મ સાથે, વેદધર્મ સાથે, એમનું પુષ્કળ સામ્ય છે, ભલે પરિભાષા જુદી હોય. તે ઉપરાંત આપણે ખ્રિસ્તીધર્મ લઈએ અથવા આપણે શીંટો ધર્મ લઈએ, કે તાઓ ધર્મ લઈએ. આ બધા ધર્મોનો આપણે બારીકાઈથી અભ્યાસ કરીએ ત્યારે બધી વિગતોમાં બધા ધર્મો સરખા છે એવું તો નહીં કહી શકાય, પણ તત્ત્વમાં એ બહુ સરખા ઊતરે છે.

તો ધર્મનું તત્ત્વ શું છે એ પ્રશ્ન આવે. "ધર્મસ્ય તત્ત્વમ્ નિહિતમ્ ગુહાયામ્." ધર્મનું તત્ત્વ ગુફામાં સંતાડી રાખેલું છે. અર્થાત્ એ હજી સુધી કોઈના હાથમાં પૂરેપૂરું આવ્યું હોય તેવું આપણને લાગતું નથી. અત્યાર સુધીમાં આપણને જે ધર્મો મળ્યા છે એ મહાપુરુષોના પ્રયોગોરૂપે મળ્યા છે, મહાપુરુષોની ચિંતનપ્રસાદીરૂપે મળ્યા છે, અથવા મહાપુરુષોના પોતાના તપના ફળરૂપે મળ્યા છે; એમ કહો કે એમની સમગ્ર સાધનારૂપે મળ્યા છે. પણ એથી કરીને એમાં છેક છેલ્લો શબ્દ ઉચ્ચારાયો છે એવું આપણે કહી નહીં શકીએ.

આમ ધર્મને બે રીતે તપાસી શકાય : એક તો ભગવાને કોઈકને પ્રેરણા કરી અને કહ્યું કે, મારી આટલી વાણીનો પ્રસાર કર. વેદના ઋષિઓ જે સૂક્તો ઉચ્ચારે છે એમાં એવો એક અણસાર આવે છે. એમણે કશુંક સાંભળ્યું અને કહ્યું. એમણે જે સાંભળ્યું એ ઈશ્વર પાસેથી સીધું વહી આવ્યું એમ એમણે અનુભવ્યું એટલે પછી એમણે એનો પ્રસાર કર્યો. આ ઉપરથી વેદનાં સૂક્તોને શ્રુતિ કહેવામાં આવે છે. શ્રુતિ એટલે જે પ્રત્યક્ષ સાંભળ્યું હતું તે. પોતે જાતે સાંભળ્યું હતું, એટલે કે પોતાને સ્વયં અનુભવ થયો હતો, એક આધ્યાત્મિક અનુભવ થયો હતો, એમ પણ આપણે કહી શકીએ. એવો અનુભવ, જેને પોતાનું આખું અસ્તિત્વ સમર્પી દેવાય. અથવા કોઈ ઊંડી જિજ્ઞાસાથી ઊંડી શોધયાત્રા ચાલતી હોય અને શોધતાં શોધતાં અચાનક પ્રકાશ લાધે, એવો અનુભવ. જેમ ન્યૂટનને પ્રકાશ લાધ્યો હતો.

કે એ શોધ્યા કરતો હતો કે આ બધું આમ કેમ છે ? પછી ફળને ઝાડ પરથી પડતું જોયું ત્યાં એકદમ પ્રકાશ આવ્યો કે, મોટી વસ્તુઓ નાની વસ્તુને આકર્ષે છે. આ પ્રકાશને ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત કહે છે. તો જેમ વૈજ્ઞાનિકોને સહસા જ્ઞાન થાય, પુષ્કળ મથામણ ચાલતી હોય, પુષ્કળ પ્રયોગો ચાલતા હોય, માર્યા માર્યા ફરતા હોય અને અચાનક સ્ફુરી આવે કે, આનું કારણ આ હોઈ શકે. પછી તો આખી તાર્કિક પ્રક્રિયા જડી આવે, જે પહેલાં એમના ધ્યાનમાં હોય પણ નહીં. એ તો પાછળથી ગોઠવાય. પણ એનો વાંધો નહીં. પરંતુ આવું ઈન્ટયૂઈશન - આવી સહજપ્રેરણા અચાનક જ પ્રદીપ્ત થાય. પાછળથી એના જે તાળા મેળવવાના થાય તે મેળવી લેવાય.

તો માણસજાતે ઈશ્વરને આ રીતે શોધ્યો છે. માણસજાતે કશીક પ્રગતિ પણ કરી છે. તો માણસજાત એટલે કોણ ? આ એક પ્રશ્ન છે. માણસ એ ઉત્ક્રાંતિનું ફરજદ છે. આપણે જે સ્વરૂપે આજે હરીએ-ફરીએ છીએ એ સ્વરૂપમાં આપણા પુરાતનકાળના પૂર્વજો ફરતા હતા એવું માનવાનું કારણ નથી. દસ લાખ વર્ષ પહેલાં કે વીસ લાખ વર્ષ પહેલાં જ્યારે વાંદરો મનુષ્ય બન્યો - એટલે કે, એક પ્રકારનો વાંદરો મનુષ્ય બન્યો - તે વખતે એની પાસે ભાષા નહોતી. જેવા બીજા પ્રાણીઓના વહેવારો હતા એવા જ તેઓના પણ હતા. એની ચિંતનશીલતા એટલી કે એને એમ થયું કે હું ટટ્ટાર થાઉં આટલો વિચાર એની ચિંતનશીલતાનું પારખું છે. પછી તો પોતાને ટટ્ટાર કરતો કરતો કંઈક કેટલીયે સદીઓ પછી એ પૂરો ટટ્ટાર થઈ શકયો અને જેમ જેમ એ ટટ્ટાર થતો ગયો તેમ તેમ એનાં નવાં નવાં સંતાનો અર્ધા પર્ધા, પોણાં એમ ટટ્ટાર થતાં ગયાં. આ રીતે એક પ્રકારની ભૌતિક ઉત્ક્રાંતિ મનુષ્યની થઈ. પણ મનુષ્યને મનુષ્ય શબ્દ વળગ્યો એનું મુખ્ય કારણ એ છે કે, એ વિચારશીલ પ્રાણી છે. એ મનન કરી શકે છે. જે મનન ન કરી શકે એ મનુષ્ય નથી. જે મનન કરે તે મનુષ્ય. મન્ ટુ થીંક, થીંક કરી શકે, વિચારી શકે તે મનુષ્ય. આવો મનુષ્ય વિચારતાં વિચારતાં કયાં લગી પહોંચી ગયો છે ? આજની અવસ્થાનો વિચાર કરીએ તો આજની જે અણુવૈજ્ઞાનિક શોધો છે ત્યાં સુધી તે આવી પહોંચ્યો છે. ફિલોસોફીમાં પણ એ ઘણો આગળ વધી ગયો છે. અઘરામાં અઘરા વિચારો એણે સેવ્યા છે. ગણિતના મોટા કોયડાઓ ઊભા કર્યા છે અને એના ઉત્તરો પણ આપ્યા છે.

એક રીતે મનુષ્યની જ્ઞાનસાધના એ પ્રકારે ચાલી છે અને જ્ઞાનનો સંભાર

એટલો બધો વધી ગયો છે કે એક માણસ આખી જિંદગી આપે તો પણ મનુષ્યે જેટલું જ્ઞાન ભેગું કર્યું છે એટલું બધું એક આયુષ્યમાં તે ન પામી શકે. "મેન ધ અનનોન" એ નામનું પુસ્તક નોબેલ પારિતોષિકવિજેતા એલેકસીસ કેરેલનું છે. એમાં એણે કહ્યું છે કે, એક માણસ ૨૧મા વર્ષે ગ્રેજ્યુએટ થાય એ પછી પોતાના વિષયો ઉપરાંત બાકીના મહત્ત્વના વિષયો હસ્તગત કરવા માંડે — ઈતિહાસ જાણે, વિજ્ઞાન જાણે, ભૌતિક વિજ્ઞાન જાણે, ગણિત જાણે, સમાજશાસ્ત્ર જાણે, મનોવિજ્ઞાન જાણે, જે મુખ્ય મુખ્ય વિષયો માણસના જીવન પર પ્રકાશ નાંખી શકે અને એને પોતાના જીવનધોરણની સમજૂતી આપી શકે એવા બધા વિષયો એ જાણે તો એ શીખતાં સમજતાં એ પિસ્તાલીસ વર્ષનો થઈ જાય. એટલે ૨૧ વર્ષ પછી બીજાં ૨૪ વર્ષ નાંખે ત્યારે ૪૫મા વર્ષે એને કંઈક કંઈક અરુંપરું જ્ઞાન થાય કે હું કોણ છું ? કેવો છું ? પણ, એય છેવટનું જ્ઞાન છે એવું તો ત્યારે પણ નહીં કહી શકાય. એટલે સામટે સરવાળે મનુષ્યે જે જ્ઞાન સંચિત કર્યું છે તે મનુષ્યને પોતાને ઓળખવા માટે પણ પૂરતું નથી.

આ એવી ભૌતિક હકીકત છે, જેનો માણસ જાતે સ્વીકાર કરવો જ પડે. એની વચ્ચે વચ્ચે એવો અણસાર આવે કે આને તો આત્મજ્ઞાન થયું છે. એવા માણસો પૂજાયા પણ છે. એટલે કે મોટા મોટા ધર્મસંસ્થાપકો પૂજાયા છે. જેમ કે ક્રાઈસ્ટ પૂજાયા છે. હિન્દુસ્તાનમાં જે મોટા મોટા ઋષિમુનિઓ થઈ ગયા વસિષ્ઠ, વિશ્વામિત્ર વગેરે અને બુદ્ધ અને મહાવીર પણ થયા, તેઓ પૂજાયા છે. રામ અને કૃષ્ણ અને બીજાં અનેક દેવદેવીઓ પણ પૂજાયાં છે. પણ ગાંધીજી એવો દાવો નહીં કરે. હું આ એટલા માટે કહેવા માગું છું કે, ગાંધીજી એવા જમાનામાં થયા જ્યારે બુદ્ધિવાદનો સૂર્ય તપી રહ્યો હતો. ગાંધીજી એવું નહીં કહે કે, મારામાં ઈશ્વરી તત્ત્વ છે. ગાંધીજી એટલું જ કહે કે હું તો સત્યનો નમ્ર સાધક છું. હું સત્યનો નમ્ર શોધક છું. અહિંસા મારી કાર્યપદ્ધતિ છે પણ અંતિમ સત્ય હું પામ્યો નથી. સત્યનો માર્ગ ખાંડાની ધાર જેવો છે. પણ ગાંધીજીને મન ઈશ્વર સત્ય છે એમ નહીં, સત્ય ઈશ્વર છે. આ એક મોટી કબૂલાત છે, કેમ કે, ઈશ્વર સત્ય છે એમ કહેવામાં ઈશ્વર નામની એક સ્વતંત્ર હસ્તીને માનવા બરાબર તે થાય. હમણાં ભદ્રાબહેને કબીરજીનું સરસ ગીત ગાયું કે, આજે હરિએ હરિને જોયો. હરિને પોતાને જોવાની લત પડી ગઈ છે, ને એ પોતાને જ જોયાં કરે છે, એવું આપણે જરૂર કહી શકીએ. પોતાની સાથે જ એ સંભાષણ માંડી બેઠો છે, એ પોતે પોતાની જ મદિરા પીએ છે. એ પોતે જ પોતાની બંસરી બજાવે છે, કેમ કે, આ ભર્યા ભર્યા બ્રહ્માંડમાં એના

સિવાય બીજું કંઈ જ નથી. આ કલ્પના પણ પૂર્વેના ઋષિમુનિઓએ-ચિંતકોએ - કરેલી છે : "એકમ્ સત્ વિપ્રા બહુધા વદન્તિ". સત્ય એક જ છે, માત્ર વિદ્વાનો એને જુદી જુદી રીતે વર્ણવે છે. આ ખંડમાં અત્યારે દોઢસો-બસ્સો માણસો બેઠા છે, તો દરેક વ્યક્તિ નોખી નોખી વ્યકિત છે. પણ હું એમને નોખા નોખા માનું એ મારો ભ્રમ છે. બધાની અંદર પરમતત્ત્વનો વાસો છે, બધામાં પરમાત્મા છે, બધામાં પરમાત્માનું સ્વરૂપ છે અને તત્ત્વની દૃષ્ટિએ આપણે સૌ એક જ છીએ, અને આટલા બસ્સો જ નહીં પણ આખી પાંચ અબજની દુનિયાની વસ્તી છે અને એથી પણ વધારે છે, એ બધામાં ઈશ્વરનો વાસો છે. બધાં ઈશ્વરનાં સ્વરૂપો છે. વૈવિધ્ય દેખાય છે, એ માયા છે.

તો પછી મારે માયામાં માનવું કે શું કરવું ? આ એક મોટો પ્રશ્ન છે. મને જે પ્રત્યક્ષ અનુભવો થાય છે, વાસ્તવિક અનુભવો થયા કરે છે, તેના આધારે તો મારા બધા જીવનવ્યવહારો ચાલે છે. એ બધાને માયા ગણીને ફગાવી દેવા ? તો પછી મારે ખાવું-પીવું કે નહીં ? આ પણ એક પ્રશ્ન આવે. આ પ્રશ્નનો બહુ સરસ જવાબ આપણા ગુજરાતના મોટા મનીષિ સાક્ષર ગોવર્ધનરામે 'સરસ્વતીચંદ્ર'ના લક્ષ્યાલક્ષ્ય પ્રકરણમાં આપ્યો છે. એમણે કહ્યું છે કે આપણે પાણી પીએ છીએ તેને પાણી કહીએ છીએ, પણ, વૈજ્ઞાનિકો એને એચ.ટુઓ. કહે છે. બે ભાગ હાઈડ્રોજન, એક ભાગ ઑક્સિજન. પણ સામાન્ય માણસો એવું કહેતા નથી. શું પીઓ છો ? તો બે ભાગ હાઈડ્રોજન અને એકભાગ ઑક્સિજન પીઉ છું એમ આપણે કહેતા નથી. આપણે કહીએ છીએ કે, પાણી પીઉ છું. તો આ રીતે વસ્તુને જોવાની એમણે જે એક વિશિષ્ટ દૃષ્ટિ આપી તે એ કે, માણસની બુદ્ધિ જ્યારે નીચલી અવસ્થાએ હોય ત્યારે એણે જે જોયું હોય તે અને ઉપલી અવસ્થાએ પહોંચે ત્યારે જે અનુભવ કરે તે અને તેથીય ઉપલી અસ્થાએ પહોંચે ત્યારે જે અનુભવ કરે તે આ બધાની અંદર તાત્ત્વિક રીતે એક દોર ચાલ્યાં કરે છે. એનો અર્થ એવો નથી કે ઉપલી અવસ્થા નીચલી અવસ્થાને જૂઠી ઠરાવે છે. નીચલી છે તો ઉપલી છે ને ? એટલે નીચલી અવસ્થામાંથી માણસ ઉપલી અવસ્થામાં જાય તો તે પણ છે અને આ પણ છે. સૌ સૌની જેવી માનસિક અવસ્થા. એટલે નીચલી અવસ્થાને મિથ્યા કહેવાનું કોઈ કારણ નથી. સંસાર માયા છે એમ કહેવાનું કારણ નથી. સંસાર પણ છે અને બ્રહ્મ પણ છે. આ રીતે ગોવર્ધનરામે જે ખુલાસો કર્યો તે ખૂબ જ વાસ્તવિક છે.

પણ એ ચર્ચાનો વિષય નથી. મુખ્ય વાત આ છે કે જુદી જુદી પરિસ્થિતિમાં વેદો અનેક દેવોને યાદ કરે - કોઈક વખતે વરુણને, કોઈક વખતે ઈન્દ્રને કે કોઈક વખતે સૂર્યને યાદ કરે, કોઈક વખતે વિષ્ણુને યાદ કરે, - જો કે, વિષ્ણુ બહુ મોડા આવ્યા — આને અંગ્રેજીમાં "હેનોથીઈઝમ" કહે છે. અધિદેવવાદ એવો શબ્દ આપણે વાપરી શકીએ. અમુક સમયે વેદોના વિચારકોમાં એક દેવ મોટો હતો. વરુણ જ મોટામાં મોટો દેવ છે, પછી સૂર્ય જ મોટામાં મોટો દેવ છે. એમ એનાં બધાં વર્ણનો ચાલે. પછી આપણને એનો વારસો મળ્યો. આપણે બધાને મોટા કર્યા. એટલે હિન્દુ ધર્મને જ્યારે બ્રહ્મતત્ત્વનો વારસો મળ્યો, ઉપનિષદોનો વારસો મળ્યો ત્યારે ઘણા દેવો હાજરાહજૂર હતા. એટલે અનેક દેવોમાં માનવાવાળો આ ધર્મ થયો. પરિણામે બધાને આવડી રહ્યું કે આપણે વરુણને મોટા દેવ ગણીએ, એથી કરીને સૂર્ય નાનો દેવ થતો નથી. સૂર્ય પણ મોટો દેવ છે, વરુણ પણ મોટો દેવ છે. એમ બધાને સ્વીકારવાની મનોદશા આ ભૂમિમાં જે ધર્મો પેદા થયા એમાં સ્વાભાવિક રીતે આવી ગઈ.

જ્યારે બૌદ્ધ ધર્મ આવ્યો ત્યારે એણે પણ કહ્યું કે બધા ધર્મોનો તમે આદર કરો. શું કરવાનું છે ? મૈત્રી રાખો, કરુણા દેખાડો, તટસ્થ બની જાઓ. બસ, આ કરવાનું છે. મૈત્રી, કરુણા, ઉપેક્ષા અને મુદિતા. પ્રસન્ન રહો. ધર્મનાં આ ચાર મુખ્ય લક્ષણ છે. લગભગ આ જ મર્મ - આ જ શબ્દો નહીં પરંતુ આ જ ભાવો જૈન ધર્મમાં પણ છે. સમાન્તરે આ બધા જે ગુણો-લક્ષણો સ્વીકારાતાં ચાલ્યાં, એમાંથી દરેકને પોતપોતાનાં દેવ-દેવીઓ પણ મળી ગયાં. એક અદ્ભુત વાત જે આનંદશંકર ધ્રુવે નોંધેલી છે તે એ કે તેત્રીસ કરોડ દેવદેવીઓને આ દેશ માને અને તેમ છતાં એ કહે કે આ તેત્રીસ તેત્રીસ કરોડ દેવ- દેવીઓ છે એની અંદર એક જ પરમતત્ત્વ છે, અને જે શ્રેષ્ઠ પરમતત્ત્વ છે એ નિરંજન છે, નિરાકાર છે. બ્રહ્મ છે, એ નિર્ગુણ છે, એ જાતિરહિત છે. તમે એનું પૂરું વર્ણન જ કરી શકતાં નથી. એ ન ઈતિ, ન ઈતિ, ન ઈતિ, છે. એવું જે પરમતત્ત્વ છે એમાં કશાની બાદબાકી નથી. આખો સંસાર છે, આખું વિશ્વ છે અને વિશ્વની એકેએક વસ્તુ એની અંદર આવી ગઈ. એની બહાર કશું નથી. જો બહાર હોય તો પોતે બહાર છે એટલે પુરુષ-સૂક્તના ઉદ્‌ગાતાએ ગાયું : સહસ્રશીર્ષા પુરુષઃ સહસ્રાક્ષઃ, સહસ્રપાદ્ । સભૂમિં તિષ્ઠતો વૃત્વા, ત્યતિષ્ઠદ્દશાંગુલમ્ " કે, એને હજાર હાથ છે, એને હજાર પગ છે, હજાર આંખો છે, આખી પૃથ્વીને ઘેરી વળેલો હોવા છતાં પૃથ્વીથી દશ આંગળ એ ઊંચો છે. એટલે પૃથ્વી કરતાંય મોટો છે. એટલે વિશ્વ એનામાં સમાઈ ગયું છે.

એ વિશ્વમાં સમાઈ ગયો નથી. આ એક વર્ણન થયું. આ પુરુષસૂક્ત એક ઊંચું આધ્યાત્મિક સૂક્ત છે.

આમ મનુષ્યની ચેતના જેમ જેમ વિકાસ પામતી ગઈ, ઉત્ક્રાંતિ થતી ગઈ તેમ તેમ એના વિચારો ઊર્ધ્વગામી થતા ગયા, એ વધારે સ્પષ્ટ બનતો ગયો.

કેટલાક વૈજ્ઞાનિકો એમ પણ કહે કે ધર્મની ઉત્પત્તિ ભયમાંથી થઈ છે. આ માણસ જાતને જે ધર્મ મળ્યો છે એનું ઉદ્ભવસ્થાન ભય છે. એ જ્યારે પ્રાકૃત માનવ હતો, જ્યારે ટોળાઓમાં વસતો હતો, લગભગ જંગલી હતો, પ્રાણી હતો, ખોરાકની શોધમાં આમતેમ ભટકતો હતો તે દિવસોમાં માણસ મૂંઝાયેલો રહેતો હતો. એને ભય લાગતો હતો. આકાશમાં મેઘગર્જના થાય તોય એ થથરી ઊઠતો. આકાશમાં વીજળી ચમકે તો પણ થથરી ઊઠતો. રાત્રે અંધકાર ફેલાતાં પણ બીએ. આવો એ માણસ પોતાના જીવનના સાતત્ય માટે મથ્યા કરતો. પણ જેમ જેમ એ અનુભવ લેતો ગયો તેમ તેમ એ સમજતો ગયો કે ભલે વિજળી આકાશમાં ઝબૂકે પણ મને મારી નાખવાની નથી. ભલે ગર્જનાઓ થાય પણ મને ખાઈ જવાની નથી. આ અનુભવ થતાં થતાં તે ધીરે ધીરે સ્વસ્થ થયો. પછી આ શું છે એ સમજવા મથ્યો અને એમાંથી કલ્પનાઓ ચાલી. જ્યાં જ્યાં માણસ જાત વસતી હતી ત્યાં ત્યાં સર્વત્ર આવી કલ્પનાઓ થઈ. એટલે મનુષ્યના સમાજો જ્યાં જ્યાં બંધાયા ત્યાં ત્યાં સર્વત્ર ધર્મો ઉદય પામ્યા. અને એ ધર્મ કલ્પનાનો, અનુમાનોનો, અનુભવનો વિષય બની રહ્યો. હજી આજ સુધી કોઈપણ ધર્મે છેવટની વાણી ઉચ્ચારી નથી. પ્રત્યેક ધર્મ જો પાળવામાં આવે તો સમજાય કે તે વિકાસદશામાં છે .

પણ, માણસ જાતને ધન્યવાદ આપવો જ ઘટે કે ધર્મ આપણે કેવળ માણસ જાતમાં જોઈએ છીએ. બીજા પ્રાણીઓમાં ધર્મ છે એવું આપણે કહી શકતા નથી. આ ધર્મ કોઈક રીતે મનુષ્યના મનને બાંધે છે અને એને નિયમોમાં રાખે છે. એને આચાર પૂરો પાડે છે, આચાર પાછળ રહેલા વિચારો પૂરા પાડે છે અને એમ કરીને એને એવી દોરવણી આપે છે કે મનુષ્યો એકબીજાના સમાગમમાં રહીને પણ તોફાન ન કરે. ધર્મ શબ્દનો અર્થ જે ધારણ કરે તે એવો થાય છે. જે તોડી નાંખે છે એ ધર્મ નહીં. એટલે સવારે અસગરઅલીભાઈએ અને યાસીનભાઈએ બહુ સરસ વાત કરી કે, જે જુદા પાડે છે એ ધર્મ નથી, જે ભેગા કરે છે એ ધર્મ છે. ધર્મનું કામ ભેગા કરવાનું છે, ધારણ કરવાનું છે ,બાંધી રાખવાનું છે. એટલે કે જેઓ પોતપોતાને છૂટાછવાયા માણસો ગણે છે, જેઓ પ્રાણી, પંખી જંતુઓથી પોતાને

અલગ ગણે છે તેઓ આખા સંસારને એકરૂપ ગણીને વર્તે અને પરસ્પર પ્રત્યે કેવો પ્રેમભર્યો વર્તાવ કરવો જોઈએ એ શીખે એને માટે ધર્મ છે.

ધર્મ આચારમૂલક છે. ધર્મમાં જો આચાર ન હોય તો એ ધર્મ બની શકે જ નહીં. ધર્મ કેવળ વિચાર નથી પણ આચરવા માટેનો વિચાર છે. મનુસ્મૃતિમાં પણ ધર્મનાં જે લક્ષણો ગણાવ્યાં છે એમાં પહેલું લક્ષણ બાંધતાં કહ્યું છે કે **"આચારઃ પ્રથમો ધર્મઃ"** આચરણ એ પહેલો ધર્મ છે. તમે નિયમને આચરણમાં મૂકો તો ધર્મ થાય. તો સમજાય કે એકનું આચરણ બીજાને દુઃખરૂપ બનવું ન જોઈએ. જો મારું આચરણ કોઈના દુઃખનું નિમિત્ત બને તો મારું આચરણ ખોટું કહેવાય. એટલે મારું આચરણ અને તમારું આચરણ એનો કયાંક તાળો મળવો જોઈએ. આવો તાળો મેળવવામાં હજી સુધી માણસ પૂરેપૂરો સફળ થયો નથી. પણ જેટલે અંશે સફળ થયો છે એટલે અંશે પૃથ્વી ઉપર ભેગાં વસવાનું આવડી રહ્યું છે. આજે પાંચ અબજ ને ત્રેપન કરોડની જે વસ્તી છે એ તાળો મેળવવાનું પુણ્ય છે. આટલાં બધાં માણસો ભેગાં રહી શકયાં છે તો લડતાં-ઝઘડતાં, હસતાં-રમતાં, એકબીજાની સાથે મહોબ્બત કરતાં, એકબીજાની ખોડ કાઢતાં, કજિયો કરતાં, વ્યવહારો સંભાળતાં એમને ઘણું બધું આવડી રહ્યું છે. પણ, આ વિવિધ અને વિરોધી વ્યવહારો છે. એ વ્યવહારોને જોતાં જોતાં આપણે એમ સમજીએ છીએ કે કંઈ નહીં તો પણ એણે ભેગા જીવવાની કોઈ પ્રયુક્તિ શોધી કાઢી છે. પણ આ પ્રયુક્તિનું જે કંઈ હાડ છે તે તો ધર્મતત્ત્વ છે.

આ ધર્મતત્ત્વ એ ઉપાસનાનો વિષય છે ખરો, આવો એક પ્રશ્ન થાય. એટલે અંબુભાઈએ જ્યારે મને આ વાત કરી ત્યારે મારે ઉપાસના કરવી હોય તો કોની કરવી, એ પ્રશ્ન જાગ્યો. હું બુદ્ધિપૂર્વક, વૈજ્ઞાનિક દષ્ટિથી ઈશ્વરનું અસ્તિત્વ સ્વીકારી લઈને ચારે કોર પરમતત્ત્વ વ્યાપ્ત છે, એમ કહું તો એ પરમતત્ત્વ વ્યાપ્ત છે એમ બોલવું અને પરમતત્ત્વ વ્યાપ્ત છે એમ અનુભવવું એ બેની વચ્ચે કંઈ ફેર ખરો ? અને પરમતત્ત્વ કેવું છે ? એને આંખ છે, નાક છે, કાન છે, શું છે ? તો એક વસ્તુ તો સમજાઈ રહેલી છે કે, આજની ગમે તેવી સમૃદ્ધ માનવ ચેતનાથી પણ એનું કશુંય વર્ણન થઈ શકે એમ નથી. એ ન ઈતિ, ન ઈતિ, ન ઈતિ હોય તો ઉપાસના મારે કોની કરવી ? કઈ રીતે કરવી ? આ એક મૂંઝવતો પ્રશ્ન. હું જો ઉપાસના કરું તો મારે પરમતત્ત્વનો આકાર બાંધવો પડે.

હવે મનુષ્યે પોતાની ત્રેવડ ખાતર આકારો પણ નિર્મ્યા છે. એ કારણે તો અનેક

સંપ્રદાયો છે. પરમતત્ત્વ જો એકમેવાદ્વિતીયમ્ હોય તો ધર્મ તો એક જ હોય - પણ સંપ્રદાયો અનેક છે, એનું કારણ એ છે કે મનુષ્યની આવડત મુજબ એણે પોતાના ઈષ્ટદેવને આકાર આપ્યો છે. ઈસ્લામમાં અલ્લાહ એક છે એમ કહ્યું તો ત્યાં મૂર્તિપૂજા નથી. પણ મૂર્તિપૂજા ન હોય તો પણ જોઈ શકાય છે કે મનુષ્ય મૂર્તતા વગર પ્રસંગ પાડી શકતો નથી. બીજા અનેક વ્યવહારોમાં મૂર્તતા ઊતરી આવે છે. આમ કોઈક ને કોઈક પ્રકારે માણસ કશાકને ને કશાકને વળગે છે. આ એક સાર્વત્રિક પરિસ્થિતિ છે. તો આપણે શું કરીશું? આ એક પ્રશ્ન આવે.

જે કોઈ ધર્મ જગતમાં પ્રગટયો એણે જો છેવટનો શબ્દ ઉચ્ચાર્યો હોય તો તો આપણને સરળતા થઈ જાય. પણ દરેક ધર્મ પરત્વે પણ આપણે જોઈએ છીએ કે, અનેક અર્થઘટનોને અવકાશ છે. એ કુરાને શરીફ હોય કે, ભગવદ્ગીતા હોય કે, વેદ હોય કે એ ભગવાન મહાવીર કે, ભગવાન બુદ્ધની વાણી હોય; પણ આપણે જોઈ શકીએ છીએ કે પાછળથી આવેલા ધર્મધુરંધરોએ અર્થો કરવાની રીતે અનેક વૈવિધ્યપૂર્ણ નિર્ણયો આપ્યા છે.

તો આપણે શું કરવું જોઈએ? એ એક પ્રશ્ન છે. મેં પૂજ્ય સંતબાલજીનું પુસ્તક વાંચ્યું એમાં કાકાસાહેબ કાલેલકરની પ્રસ્તાવના હતી. એમાં કાકાસાહેબ કાલેલકરે એ મતલબનું લખ્યું હતું કે, આ નિરૂપણમાં જૈન ધર્મ તરફ વિશેષ ધ્યાન અપાયું છે. પૂ. સંતબાલજી જૈન હતા, એટલે એમણે વધારે અભ્યાસ જૈનત્વનો કર્યો હોય એ સ્વાભાવિક છે. હવે જૈન ધર્મ પણ એક પરમ ઉદાર ધર્મ છે. આપણે જોઈ શકીએ છીએ કે, જૈન ધર્મમાં કોઈ ઈશ્વર નથી, તત્ત્વ છે. એટલે સૂક્ષ્મ રીતે એમ કહી શકાય કે જૈન ધર્મ મૂર્ત ખ્યાલો કરતાં અમૂર્ત તરફ વધારે ઢળનારો ધર્મ છે. ભગવાન બુદ્ધનું પણ એવું છે. એ તો મોક્ષ શબ્દ પણ વાપરતા નથી. એ નિર્વાણ શબ્દ પ્રયોજે છે. આ નાના નાના ફેરફારો બહુ મોટા છે. ભલે નાના હોય, તત્ત્વમાં ઘણા મોટા છે. આમ છતાં એવું તો કહી શકાય કે આ બધા જુદા જુદા ધર્મો છે. અને એક વખતે એ સ્થિર થયા, અનુયાયીઓએ સ્વીકાર્યા તે પછી એમાં ફાંટા પણ પડે છે. બૌદ્ધ ધર્મમાં પણ હીનયાન-મહાયાનના ફાંટા પડયા. જૈન ધર્મમાં પણ દિગમ્બર, શ્વેતામ્બર, મૂર્તિપૂજક, શ્વેતામ્બર સ્થાનકવાસી અને તેરાપંથી ને એવા બધા ફાંટા પડયા. હિન્દુ ધર્મમાં તો આચાર્ય આનંદશંકર ધ્રુવે કહ્યું છે તેમ તેત્રીસ કરોડ દેવતા એકબાજુએ અને પરમતત્ત્વ બ્રહ્મ બીજી બાજુએ. આ બંનેમાં

માને ત્યારે હિન્દુ થવાય. એટલે તેત્રીસ કરોડ દેવતાને પણ છાંટો નાખવાનો અને પછી કહેવાનું કે, **આકાશાત્ પતિતમ્ તોયમ્ યથા ગચ્છતિ સાગરે । સર્વ દેવ નમસ્કારમ્ કેશવમ્ પ્રતિ ગચ્છતિ ॥** એટલે કે બધા દેવોને નમસ્કાર કરીએ તે એક માત્ર કેશવને પહોંચે છે.

મારે જેનું નામ દેવું હોય તેનું દઉ. વિષ્ણુનાં સહસ્ર નામની તો પુસ્તિકા મળે છે. હવે એકલા વિષ્ણુના સહસ્ર નામ હોય તો બીજા દેવોનાં નામોનો સરવાળો કરીએ. માણસ જાતને નામ પડે ત્યારે ચેન પડે છે. એ પોતે જન્મે ને ગુજરે ત્યાં સુધીમાં એનાં કેટલાં બધાં નામો પડે છે. થોડા ખીજથી પડે છે. થોડાં પ્રેમથી પડે છે, પણ નામો તો પડયાં જ કરે છે.

એટલે નામ અગત્યનું નથી. તમે અલ્લા કહો, ગૉડ કહો, ઈશ્વર કહો, ગમે તે કહો પણ અંદર જે તત્ત્વ પડયું છે તેને ઓળખવાનું છે. આ તત્ત્વ ખેંચવાનો પ્રયત્ન મહાત્મા ગાંધીજીએ આશ્રમ ભજનાવલી તૈયાર કરાવી તેમાં પાડયો છે. દુનિયાના અત્યાર સુધીમાં થઈ ગયેલા અને ચાલ્યા આવતા જે ધર્મો છે એનું તત્ત્વ ખેંચી લો અને એ તત્ત્વ હંમેશા પ્રાર્થનામાં લાવો. આ સર્વધર્મ ઉપાસના થઈ. કોઈ એક ચોક્કસ ધર્મવાળો, ઉપાસના કરવાવાળો આને વિશે એમ નહીં કહે કે, આમાં અમારું સમસ્ત ધર્મતત્ત્વ આવી ગયું. એ બહુ ઉદાર હોય તો કદાચ કહે પણ ખરો. પણ, નહીં તો એને એમ લાગ્યા કરવાનું કે કશુંક આમાં ખૂટે છે.

પરંતુ, પ્રત્યેક ધર્મનું જે તત્ત્વ છે એને જ્યારે આપણે પકડમાં લઈએ છીએ ત્યારે એટલું સમજાય છે કે માનવની યુગો દરમ્યાનની મથામણને અંતે એને જે દર્શન લાધ્યું છે,તેનો અણસારો એમાં દેખાય છે.

એટલે આપણે જોઈ શકીએ છીએ કે, આ મોટા ધર્મો ગણાવ્યા એમની તોલે આવે તેવા ધર્મો હજી થયા નથી. જે થયા છે તે જામી ગયા છે. એના ફાંટા પડશે, એના અર્થનિર્ણયો બદલાશે, નવાં અર્થઘટનો થયાં કરશે. પણ મૂળ તરફ એ ફરી ફરીને વળશે.

સાથે સાથે આપણે એ પણ જોઈ શકીએ છીએ કે, નવા ધર્મો આવ્યા નથી તો જે જૂના ધર્મો રહ્યા છે એમના તત્ત્વભાગ પર દષ્ટિપાત કરીએ છીએ ત્યારે પ્રતીત થાય છે કે આખી માણસ જાતની યુગો દરમ્યાનની મથામણ કે, હું કોણ છું? કયાંથી આવ્યો છું? કયાં જવાનો છું? અને શાને માટે આ બધું? આ ચાર પાયાના પ્રશ્નો

છે. માણસ જાત સતત પોતાને એ પૂછતો રહે છે. બર્ટ્રાન્ડ રસેલે પોતાની "હિસ્ટરી ઑફ વેસ્ટર્ન ફિલોસોફી"ની પ્રસ્તાવનમાં આ પ્રશ્નોને 'ફિલોસોફર્સ નૉમેન્સ લેન્ડ' તરીકે ઓળખાવ્યા છે. એટલે કે ફિલોસોફર્સનું આ નધણિયાતું ખેતર. હું કોણ છું? જે જવાબ હોય તે આપો. તમારે જે આપવો હોય તે આપો—હું કોણ છું ? તો કહું 'હું યશવંત શુક્લ છું'. એ સાચો જવાબ નથી એ કદાચ મને ચોંટાડેલું, વળગાડેલું એક નામ છે. એટલે ખરું જોતાં યશવંત શુકલનો કોઈ અર્થ મારા અસ્તિત્વ સાથે કે વ્યકિતત્વ સાથે નથી બંધાયો. માત્ર હું ખોવાઈ ન જાઉ એટલા માટે અને ઘેર સલામત પાછો ફરું એને માટેની આ વ્યવસ્થા છે. હું કોણ છું ? કયાંથી આવ્યો છું ? કયાં જવાનો છું ? અને હજી વધારે 'કિમિદમ્ સરવમ્" આનો પૂરો ને પાકો જવાબ નથી. જેનો જવાબ જડે નહીં તેની શોધ ચાલે. એટલે કવિવર રવીન્દ્રનાથ ટાગોરે ફરિયાદ કરી "વ્હેર રોડ્ઝ આર મેઈડ, આઈ લૂઝ માય્ વે" "જ્યાં રસ્તાઓ ઝાઝા છે, ત્યાં હું ભૂલો પડું છું".

આ ચાર મહાપ્રશ્નો છે તો શું જવાબ જડે નહીં ત્યાં સુધી બેસી રહેવું આપણે ? અત્યાર સુધીમાં જે ઉત્તરો રજૂ થયા છે એને આપણે 'વર્કિંગ હાઈપોથીસીસ" કામચલાઉ અનુમાનો કહીશું. આ પછી શોધ આગળ ચલાવો. આપણે સાચા પંથેથી પાછા નહીં વળીએ તો હજી વધારે સાચો પંથ જડશે. પણ જો એમ કહો કે આ તો બધાં ગપ્પાં છે અને પાછા વળી ગયા તો તમને કશું મળે નહીં. એટલે મુખ્ય પ્રશ્ન આ છે : તમને સત્યની ખરેખર લગની છે ખરી ? આ વિશ્વનું રહસ્ય શોધવાની, આ વિશ્વનો સર્જનહાર શોધવાની જો ખરેખરી લગની હોય તો જે ધર્મો રચાઈ ગયા છે એના નિષ્કર્ષોનો અભ્યાસ કરો, અને તમારી શોધ જો હોય તો અંદર ઉમેરો.

આ રીતે આપણે જો ચાલીએ તો ઉપાસનાને અવકાશ છે. બૌદ્ધિકો અને વૈજ્ઞાનિકો તો કહેવા લાગશે કે જ્યાં કાર્ય હોય છે ત્યાં કારણ હોય છે. કારણ વગર કાર્ય સંભવતું નથી. તો આ જે અનંત વિશ્વ છે એનું કારણ શું ? એના કારણની પાછળ પાછળ જતાં, કારણનું કારણ અને તેનું કારણ શોધતાં જેને ઉપનિષદો "કારણમ્ કારણાનામ્" કહે છે તેની શોધ કરવા જતાં, આપણને જે કંઈ અણસાર આવે છે, જે કંઈ અનુમાન બાંધવાનું મન થાય છે, એને આપણે 'વર્કીંગ હાઈપોથીસીસ' કહી. એને ઈશ્વરનું નામ આપી શકાય છે. ઈશ્વરનો અર્થ તો

સાદો છે, મોટો. ઘણા ઈશ્વરલાલો આ જગતમાં ઘૂમે છે. પણ આપણો ખરો ઈશ્વર તે છે, જે મહાન છે, જે સમર્થ છે. તે સૌથી મોટું કારણ, તો એ ઈશ્વરને આપણે "કારણમ્ કારણાનામ્" કહીશું ને એના પર ધ્યાન સ્થિર કરીશું. એ એક પ્રકારની ઉપાસના થઈ. તમારી બધી અવઢવ છોડીને એક બિન્દુ પર તમારા ચિત્તને આણીને તમે એનું જરાક ધ્યાન ધરો. કદાચ કંઈક પ્રકાશ પડે. એથી ઓછામાં ઓછું આટલું તો થશે જ કે, તમારું વ્યકિતત્વ સંધાશે, અને વ્યકિતત્વ સંધાય એટલે માણસ માણસ બને.જ્યાં સુધી વ્યક્તિત્વ વિચ્છિન્ન હોય ત્યાં સુધી માણસ માણસ બની શકતો નથી. એટલે ઉપાસના, ધ્યાન એ બધું કરવાને માટે વ્યકિતત્વને એક બિંદુ ઉપર લાવવું પડે, સાધનાને સ્થિર કરવી પડે અને વિષયને તપાસવો પડે. આ જો આપણી પ્રવૃત્તિ હોય તો સંભવ છે કે, કોઈકવાર જેમ વૈજ્ઞાનિકોને ખળકો આવે છે એ પ્રમાણે આપણને પણ આવે, અને કારણનું કારણ કદાચ જડી જાય, કદાચ પેલો જ સામેથી આવે ને કહે કે, હવે તું રહેવા દે, હું જે કરું છું તે જ તું કહે છે. હરિએ હરિને જોયો એવું થઈ જાય પછીથી. એટલે ખરેખર તો જે મોટું તત્ત્વ છે તે આ છે કે ઈશ્વર અને આ સૃષ્ટિ જુદાં નથી. એ એક જ છે. એ બેને ભિન્ન કરી શકાય જ નહીં. અને ભિન્ન કરી શકતા નથી એટલા માટે આપણે નમ્રપણે પોતાનો બધો ગર્વ ગળવા દઈને એને નમન કરીએ, એનું ધ્યાન ધરીએ.

આટલું જો આપણે કરીએ તો એ એક પ્રકારની ઉપાસના થઈ. આ ઉપાસનામાં હું હિન્દુ ધર્મ કે એનાં ઉપનિષદો કે, એના વેદો, કે એનાં શાસ્ત્રો કે એની પ્રાર્થનાઓ કે, એની સ્તુતિઓને લાવું, તો શા માટે હું ઈસ્લામને ન લાવું, શા માટે હું ખ્રિસ્તી ધર્મની પ્રાર્થના ના લાવું ? એવું મારે લાવવું જોઈએ. એટલે જ ગાંધીજીએ આશ્રમ ભજનાવલીમાં કાર્ડીનલ ન્યુમેનનું 'લીડ કાઈન્ડલી ટુ ધ લાઈટ" એ પોતાને ગમતું સ્તવન આમેજ કર્યું અને ટહેલ નાંખી કે કોઈ આનું ભાષાંતર કરી આપો. આખરે નરસિંહરાવ દિવેટિયાએ "પ્રેમળ જ્યોતિ તારો દાખવી મુજ જીવનપંથ ઉજાળ" એ ભાષાન્તર પૂરું પાડયું. એમાંનું 'મારે એક ડગલું બસ થાય' એ ગાંધીજીનું જીવનસૂત્ર હતું. હું બધું જાણી શકતો નથી, પણ સમજીને એક ડગલું ભરું એટલી જગા મારે જોઈએ, આટલું એક ડગલું મારે બસ થાય. "વન સ્ટેપ ઈઝ ઈનફ ફોર મી", આ પ્રાર્થના ગાંધીજીએ લીધી તો કબીરનાં ભજનો લીધાં ,મીરાનાં લીધાં, નરસિંહનાં લીધાં, કેશવહરિનાં પણ લીધાં. આમ આશ્રમ ભજનાવલીમાં સર્વધર્મ ઉપાસનાનું હાર્દ પડેલું છે.

સંતબાલજીના એક જ સ્તવનની અંદર સર્વધર્મ ઉપાસના સ્વયમ્ પડેલી છે. આ જો આપણે ધ્યાનમાં રાખીએ તો બે હેતુઓ સરે : પોતાના સિવાયના બીજા ધર્મ વિશેનો આદર અંકિત થાય; કોઈપણ ધર્મની નિંદા કરવાનું કારણ ન રહે. ત્યારે એટલું સમજી લેવું જોઈએ કે આ ભૂગોળમાં અનેક સ્થળે વિચરતો માણસ, અનેક ઠેકાણે રહેતો માણસ, અનેક ભાષાઓ બોલતો માણસ, અનેક અનુભવો કરતો માણસ અને અનુભવોના પ્રતિભાવો આપતો માણસ જુદી જુદી રીતે વર્તવાનો. અને છતાં આપણાથી જે કંઈ જુદું હોય તે તિરસ્કરણીય છે એવું માની ન લેવાય. જુદું છે ભલે, પણ તેથી જ એ વિચારણીય છે. અને જો આપણને યોગ્ય લાગે તો સ્વીકાર્ય પણ છે. એ રીતે જો આપણે ચાલીએ તો જગતમાં સંવાદ વધે, અને કદાચ, ઈશ્વર જો હોય તો, એ રાજી થાય કે હવે મારી ઈચ્છા તૃપ્ત થાય છે.

સર્વધર્મઉપાસનામાં નમ્રતા છે. એમ કહી શકાય કે, એમાં એક મોટો મનોભાવ છે, સૌની સાથે મેળાપ સાધવાનો. સર્વધર્મ ઉપાસનામાં પ્રત્યેક ધર્મનો આદર છે. સર્વધર્મ ઉપાસનામાં આપણે એમ કહી શકીએ કે, ધીરે ધીરે કરતાં પૂર્વગ્રહો ઓગાળવાની એક પ્રયુક્તિ પડેલી છે. આ જો ધ્યાનમાં રાખીએ તો સર્વધર્મ ઉપાસના માણસ જાતને એક કરવા માટેની ભૂમિકા બાંધી આપે છે.

તેમ છતાં મારે કહેવું જોઈએ કે, જે ધર્મમાં મનુષ્ય જન્મ્યો હોય અથવા તો જન્મ્યા પછી એણે પોતે જે ધર્મ બુદ્ધિપૂર્વક સ્વીકાર્યો હોય એને માટેનો એનો પક્ષપાત દૂર કરાવવા જઈશું તો ઝઘડા થશે. એનો પક્ષપાત એની પાસે રહેવા દો. માત્ર એને એટલું સમજવા દો કે, બીજા ધર્મોનો પણ આદર કરવો ઘટે છે. આટલું એને બોલવા દો. સ્વામીનારાયણ ધર્મની એક પ્રાર્થનામાં એક પંક્તિ આવે છે : "નિંદત નહીં કોઈ દેવ કો". કોઈ દેવની નિંદા નહીં. આ એક મોટી વાત થઈ કે કોઈ દેવની નિંદા ના કરવી. નિંદા ન કરવી એટલો ભાવ જો દૃઢ થાય તો મનુષ્ય જાત સુખી રહી શકે એવું માનું છું. સર્વધર્મ ઉપાસના જેવું આપણને આશ્વાસન અને પ્રેરણા આપનારું સાધન ત્યારે મળી રહે એમ હું સમજું છું.

આપે સૌએ મને ખૂબ શાંતિથી સાંભળ્યો તે માટે આપનો અને આપ સૌને સંબોધવાની મને તક આપી તે માટે ભાઈશ્રી અંબુભાઈ અને ભાલ-નળકાંઠા પ્રાયોગિક સંઘનો હૃદયપૂર્વક આભાર માનું છું.

(તા. ૨-૭-૧૯૯૪ના રોજ વસંત-રજબ શહીદદિન નિમિત્તે યોજાયેલ વ્યાખ્યાનમાળામાં અપાયેલ વ્યાખ્યાન.)

# કોમી એકતામાં આપણું કર્તવ્ય

- યાસીન દલાલ

ગઈ સાલ યશવંતભાઈ શુકલ અને હું રાણપુર અને ધંધુકા ગયેલા. અને ત્યાં હિન્દુ-મુસ્લિમ મિત્રોની વચ્ચે કલાકો સુધી વાતો કરેલી. અને ખૂબ સારી એવી એક વિચાર ગોષ્ઠિ ચાલેલી. આજે અહીં અમદાવાદ શહેરમાં એ જ પ્રકારનું આયોજન ફરીથી થાય છે એથી આનંદ થાય છે. શ્રી ટી.યુ. મહેતા સાહેબનું પુસ્તક "ઈસ્લામનું રહસ્ય : સૂફીવાદ" આપ સૌને મળશે. વાંચશો ત્યારે ખ્યાલ આવશે.

આજે બહુ જ સંકોચ સાથે મેં શ્રી ટી.યુ. મહેતાના પુસ્તક "ઈસ્લામ અને સૂફીવાદ"નું વિમોચન કર્યું છે. પુસ્તક ગઈકાલે જ મારા હાથમાં આવ્યું અને હું આખું જોઈ ગયો. બહુ જ સુંદર પુસ્તક થયું છે. અને આપણે જે વિષયો રાખ્યા છે એમાં એક વિષય છે "કોમી એકતામાં આપણું કર્તવ્ય" તો આપણું કર્તવ્ય શું હોઈ શકે એનો એકટીવ રિપ્લાય, ક્રિયાશીલ જવાબ તે આ પુસ્તક છે. આપણે ત્યાં કોમી એકતા કેવી રીતે આવી શકે એ વિષે આપણે ઘણી વાતો કરીએ છીએ ગાંધીવાદી વિચારધારા, સર્વોદયવાદી વિચારધારા, સર્વધર્મ સમભાવ એ બધી આપણે વાતો કરીએ તો મને હંમેશા એમ લાગ્યું છે કે, વૈચારિક સ્તરે જ્યાં સુધી પાયાથી લોકોને આપણે કેટલીક સાચી વાતો નહીં કહીએ ત્યાં સુધી કોમી એકતા ખરા અર્થમાં આવવી મુશ્કેલ છે. ભેગા થઈએ ને વાતો કરીએ, સારી સારી અને ડાહી ડાહી વાતો કરીને ગાંધીજીને યાદ કરીએ. વસંત-રજબને યાદ કરીએ. પણ આજનો સમય છે એ આઝાદીના સમય કરતાં ઘણો જુદો પડી ગયો છે. ઘણાં નવાં પરિમાણો ઉમેરાયાં છે કોમી એકતાનો પ્રશ્ન હોય કે બિનસાંપ્રદાયિકતાનો એમાં ઘણાં પરિમાણો ઉમેરાયાં છે. અને એનો બૌદ્ધિક રીતે આપણે અભ્યાસ ના કરીએ અને બૌદ્ધિકતાની ભૂમિકાએ આ પ્રશ્નને ચર્ચીએ નહીં ત્યાં સુધી એ બધી વાતો પરિણામ વિનાની બની રહે એવું મને ફીલ થયા કરે છે. હવે એમાંનો એક મુદ્દો આ છે કે જનસમૂહ, પછી એ હિન્દુ સમાજ હોય કે મુસ્લિમ સમાજ, એમને બંનેને બીજાના ધર્મ વિશે ને પોતાના ધર્મ વિષે પણ બહુ ખ્યાલ નથી. આમાં મહેતા સાહેબે પણ કહ્યું છે કે, ભારતને જ્યાં સુધી સાંસ્કૃતિક કે એકતાથી બાંધશું નહીં ત્યાં સુધી આ પ્રશ્ન ઉકલવાનો નથી. મુસ્લિમ સમાજને પણ કહેવું પડશે કે ઈસ્લામ શું છે ? ખરા અર્થમાં તમે સમજો. આજે સામાન્ય મુસલમાન કમનસીબે ઈસ્લામને જ

સમજતો નથી. અને મુલ્લાં મૌલવીઓ જે સંકુચિત વાતો કરે છે એનાથી દોરવાઈ જાય છે. તો ખરું ઈસ્લામનું રહસ્ય તો સૂફીવાદમાં છે. કુરાન શરીફ અને હદીસ તો બરાબર જ છે. કુરાન જે રીતે અસ્તિત્વમાં આવ્યું, ઈસ્લામનો જે રીતે ઉદ્‌ભવ થયો એ બીજા બધા ધર્મો કરતાં થોડાક જુદા સંજોગોમાં થયો. પયગંબર માત્ર ધર્મ પ્રચારક ન હતા, પણ શાસક પણ હતા. એટલે માત્ર એમના જીવનમાંથી અને કુરાન શરીફમાંથી આપણે જોઈએ તો ઈસ્લામનું બધું જ રહસ્ય ન પણ નીકળે. બલકે કેટલીક વાતો એવી નીકળશે કે જે એ સમયના તકાદારૂપ ઉદ્‌ભવેલી, ત્યારે ફિલોસોફિકલી જોવું પડે. જેમ આપણે ત્યાં ભારતીય ફિલોસોફીમાં વેદાંત છે, ઉપનિષદો છે, ગીતા છે. એ કક્ષાએ ઈસ્લામને સમજવો હોય તો સૂફીવાદ અને જુદા જુદા સૂફીઓ જે દેશ દુનિયામાં થઈ ગયા એમનું જીવન અને એમની ફિલસૂફી સમજીએ તો ઈસ્લામનું સાચું રહસ્ય મળે. મહેતા સાહેબે બતાવ્યું છે કે, ઈસ્લામમાં દ્વૈતવાદ છે જે જૈન ફિલોસોફીને થોડું મળતું આવે છે. દ્વૈત અને અદ્વૈતનો ત્યાં સંઘર્ષ થાય. ઈસ્લામમાં કઈ રીતે દ્વૈત આવે છે એ બહુ વિગતવાર સમજાવ્યું છે અને એમણે સૂફી સંતોનું જીવન બહુ જ સરળ ભાષામાં રજૂ કર્યું છે જેમ કે, મન્સુર "અહમ્ બ્રહ્માસ્મિ" જેમ ભારતીય સંસ્કૃતિમાં કહેવાય છે, એમ અરબીમાં છે "અન્હલ હક્ક" અન્હલ હક્ક એટલે 'હું જ ઈશ્વર છું' જેમ સોક્રેટીસને ઝેરનો પ્યાલો આપી દેવામાં આવ્યો, એમ "અન્હલ હક્ક કહેનારને ફાંસીએ ચઢાવવામાં આવ્યો. એ મન્સુર કોણ હતો ? શા માટે એને ફાંસી આપવામાં આવી ? એ મન્સુરથી માંડી અને બીજા કેટલાય સૂફી સંતો ગઝાલી અને બધાના જીવન ઉપર એમણે પ્રકાશ પાડયો છે.

શરૂઆતમાં શ્રી દશરથલાલ ઠક્કરે આ પુસ્તકની પ્રસ્તાવના લખી છે એમાં એક સુંદર પ્રસંગ છે. અત્યારે તસ્લીમા નસરીનના કિસ્સાથી આપણે બધા વાકેફ છીએ. સલમાન રશ્દીની જેમ એને પણ મારી નાંખો એવા ફતવા છૂટયા છે. બિચારી ભૂગર્ભમાં જતી રહી છે. એણે રદિયો પણ આપ્યો છે કે, 'આ મીસ કોટેડ' હું આવું કાંઈ બોલી નથી. તો માની લઈએ કે બોલી હોય તો આવું બોલવું એ ઈસ્લામમાં ગુનો નથી, એનો આધાર આ પુસ્તકમાં છે.

સદીઓ પહેલાં ઈસ્લામમાં એક સૂફી સંત થઈ ગયાં. હઝરત રાબીયા બસરી એ રાબિયાએ એ જમાનામાં એટલે કે આઠમી સદીમાં એમ કહેલું કે, ધર્મમાં કેટલાક ફેરફાર જરૂરી છે એટલે ત્યારે પણ વિરોધ થયેલો. એની પાસે કેટલાય લોકો ટોળે વળીને મળેલા પ્રશ્નોત્તરી કરેલી, કેવી રીતે ફેરફાર જરૂરી છે. એમણે એક જ

દાખલો આપેલો કે ઈસ્લામમાં એમ કહેલું છે કે તમે ખુદાને ચાહો અને શેતાનને ધિક્કારો. એટલે રાબિયા કહે છે કે મને ઈસ્લામને ચાહવાની વાત મંજૂર છે, પણ, શેતાનને ધિક્કારવાની વાત મને મંજૂર નથી. હું ખુદામાં એટલી બધી ઓતપ્રોત થઈ ગઈ છું કે એના સિવાય મને કશું જ સૂઝતું નથી પછી હું એના સિવાય બીજાને ચાહી પણ શકું નહીં ને ધિક્કારી પણ શકું નહીં. એટલે આટલા પૂરતું મારો મતભેદ છે. હવે આમ જોઈએ તો બહુ ફિલોસોફીકલ વાત હતી, ઊંડી વાત હતી. પણ સદ્ભાગ્યે એ લોકોના સમયમાં હજી આટલી બધી અસહિષ્ણુતા નહીં આવી હોય. એટલે રાબિયાને લોકો સમજી શક્યા અને એમને કોઈ પરેશાની ભોગવવી પડેલી નહીં. એટલે આ નાનકડું પુસ્તક છે, પણ આમાં આવી કેટલીક ઉપયોગી વાતો, કેટલાક ઉપયોગી પ્રસંગો મહેતા સાહેબે અભ્યાસ કરીને કહ્યા છે અને આપણને આશ્ચર્ય થાય, આનંદ થાય કે, એક હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ કક્ષાનો માનવ બિલકુલ કાયદાની આંટીઘૂંટીમાં જીવનભર ગૂંચવાયેલો રહ્યો હોય એમને આટલો સમય મળ્યો અને એમણે આટલો બધો અભ્યાસ કર્યો, જૈનેઝમનો, હિન્દુઝમનો, અને ઈસ્લામનો, અને ઈસ્લામનો અભ્યાસ પણ એક બિનમુસ્લિમ દ્વારા. એટલે બહુ જ બિરદાવવા જેવી વાત હોય તો આ છે કે, એકબીજાના ધર્મ અને એના મર્મને આપણે સમજીએ અને તેમને લઈને જે ખોટી વાતો કહેવામાં આવે છે, ખોટો જે પ્રચાર કરવામાં આવે છે એનો જવાબ આપવા માટે આ જ રસ્તો છે, દરેક ધર્મનું આવું રહસ્ય આવું સાચું તત્ત્વ હોય છે. એમણે તો સૂફીવાદની વાત કરી કુરાન શરીફ પણ આપણે વાંચીએ.

મારા પુસ્તકમાં અને કૉલમમાં મેં ઘણા દાખલા આપેલા છે. ઈસ્લામમાં આ લોકો એટલે મૌલવીઓ એમ કહે છે કે અમે કહીએ એ જ સાચું. ઈસ્લામમાં કોઈ દલીલને અવકાશ હોઈ શકે નહીં. કુરાનમાં બધું જ જ્ઞાન આવી ગયું છે. એક વખતે મેં એક મૌલવીને કહેતા સાંભળેલા કે, વિજ્ઞાન એ તો ઈસ્લામની દાસી છે, વિજ્ઞાનનું કોઈ અલગ અસ્તિત્વ હોઈ શકે જ નહીં. બધું જ રહસ્ય, બધું જ જ્ઞાન કુરાનમાં આવી ગયું છે. પછી મેં એક પ્રસંગ વાંચ્યો કે મુઆદ કરીને એક માણસ હતો તેની ગર્વનર તરીકે નિમણૂક કરવાની હતી. પયગંબર એનો ઈન્ટરવ્યુ લે છે અને પ્રશ્ન પૂછે છે કે તું કઈ રીતે આ નવા પ્રદેશ ઉપર શાસન કરીશ ? ત્યારે એણે કહ્યું કે હું પવિત્ર કુરાનનું વાંચન કરીશ અને એમાંથી જે માર્ગદર્શન મળશે એ મુજબ ચલાવીશ. પયગંબર સાહેબ કહે છે કે કુરાનમાંથી જો કોઈ ઉત્તર ન મળે એવો જો પ્રશ્ન આવ્યો તો તું શું કરીશ ? હવે અહીંયાં સૂચિતાર્થ છે કે, કુરાન શરીફમાં

પણ કશુંક એવું હોઈ શકે છે. કોઈ સમસ્યા કે જેનો જવાબ ત્યાં ના હોય. તો કહે છે કે, હું આપની હદીસને અનુસરીશ. હદીસમાંથી ઉકેલ ના મળે તો ? કહે હું, શરીઅતને અનુસરીશ. અને શરીઅતમાંથી ન મળે તો ? તો કહે કે હું મારી જાત સાથે સંવાદ કરીશ, હું મારા અંતરઆત્માને પૂછીશ, મારી કૉમનસૅન્સનો ઉપયોગ કરીશ અને પછી અમલ કરીશ. ત્યારે પયગંબર કહે છે કે હવે તું આમાં પાસ. જ્યારે આ એક જ દાખલો એટલું બધું કહી જાય છે કે, ઈસ્લામમાં ઈજ્નોહાદ છે "ઈન્ડીવીઝયુલ થીન્કીંગ" ઈસ્લામમાં ક્યાંય એમ કહ્યું નથી કે માણસે પોતાની સ્વતંત્ર બુદ્ધિમત્તાનો અંત આણી દેવો, કદી કોઈપણ બાબતમાં સંશય કરવો જ નહીં કોઈપણ બાબતમાં ચર્ચા કરવી જ નહીં. આવું હાર્ડ ઍન્ડ ફાસ્ટ કશું છે જ નહીં બલકે ખુલ્લો ધર્મ છે અને કુરાનના અર્થઘટન પણ અનેક જાતના થયેલા છે. મૌલાના આઝાદનું કુરાન આપણે વાંચીએ તો એમાં આપણને કેટલા બધા અર્થઘટનો ઉદારમતવાદી મળે. અંગ્રેજીમાં પીકથોલનું, ફ્રાંસમાં રોડીન્સને લખેલું છે. જાતજાતના અભ્યાસ થયા છે એ બધા આપણે જોઈએ ત્યારે આપણને એમ લાગે કે ઈસ્લામનું જે ચિત્ર આપણી સમક્ષ રજૂ કરવામાં આવે છે એ ચિત્ર નથી, અને સર્વાંશે સાચું પણ નથી. તો પછી થાય છે શું ? મુશ્કેલી સર્વાંગી ત્યાંથી જ સર્જાય છે કે જે આમાં સાંપ્રદાયિકો છે, સામેના પક્ષના એ લોકો આ જ વાતને પકડે છે. જે વાત શાહીઈમામ કહે કે બીજા સંકુચિત મૌલવી કહે અને આ લોકો હથિયાર તરીકે આગળ લે અને લોકો સમક્ષ રજૂ કરે કે જુઓ, આ મુસલમાનો એટલે આ. ઈસ્લામ એટલે આ, આ તો બંધિયાર ધર્મ છે. અને આમાં તો તલવાર લઈને ફેલાવો થયો છે.

એક વખત પોરબંદરમાં હતો ત્યારે પહેલી વખત લેખ લખ્યો, "કેરેવાન" નામનું ઈંગ્લીશ છાપું આવે છે એમાં. તો એક મૌલવી મારી સામે લડવા આવ્યા. મને કહે કે 'તમે કુરાન વાંચ્યું છે ?' તો મેં કહ્યું, 'વાચ્યું છે'. તો તમને ખબર છે ? એમા લખ્યું છે કે, 'આપણે હિન્દુઓની વચ્ચે રહીએ તો બિનમુસ્લિમોની વચ્ચે રહીને એમને સાફ કરવાના છે, એમની સામે તલવાર લઈને લડવાનું છે. મેં કહ્યું, 'એવું તો મેં કંઈ વાંચ્યું નથી કયાંય.' તમે દાખલો આપો તો. તેમણે એક કુરાનની આયાત કાઢીને બતાવી. મેં કહ્યું કે, મિત્ર તમે વચ્ચેનો રેફરન્સ અદ્ધર ટાંકો છો. એની આજુબાજુનો સંદર્ભ કેમ ચૂકી જાવ છો ? એમાં શરૂઆતમાં એમ કહેલું હતું કે, તમે જે દેશમાં રહો છો એ દેશની પ્રજા સાથે હળીમળીને રહો, એની સાથે ઝઘડો કરો નહીં. તમારા ધર્મ પાલનમાં કોઈ ખલેલ ન પહોંચાડે તો તમારે કોઈ

સાથે ઝઘડે નથી. પણ તમારા ધર્મપાલનમાં કોઈ ખલેલ પહોંચાડે તો ચોક્કસ તમે એની સાથે જેહાદ કરો. મેં કહ્યું કે, 'આમાં જો અને તો છે. આપણે ભારતમાં રહીએ છીએ અને તમારા અને મારા ધર્મ પાલનમાં કોણે ખલેલ પહોંચાડી ? આપણે દિવસમાં પાંચ વખત મસ્જિદ ઉપર બાંગ પોકારીએ છીએ, લાઉડસ્પીકર ઉપર અને છતાં કોઈ રોકતું નથી. તો તમે કઈ રીતે કહો છો કે મારે બીજા લોકો સાથે લડવું ? તલવાર લઈને લડવું ! એમની વચ્ચે રહીને એમને ખતમ કરવા. મારે કોઈને ખતમ કરવા નથી.' તો આ જાતનું વિકૃત અર્થઘટન જાણી બૂઝીને રીતસર ફેલાવવામાં આવે છે.

મુશ્કેલી એ છે કે, હિન્દુ સમાજમાં અને મુસ્લિમ સમાજમાં બેઝીકલી કેટલાક પાયાના તફાવત છે. એક તો હિન્દુ સમાજ, હિન્દુ ધર્મમાં કોઈ સુગ્રથિત "ઓર્ગેનાઈઝ રીલીઝીયન" જેવું છે જ નહીં. એક જાતની વિચારસરણી છે, એક પ્રકારની જીવનની ફિલસૂફી છે. પરિણામે એમાં ખુલ્લાપણું છે. જાત જાતના સંપ્રદાયો છે. પેટાસંપ્રદાયો છે. એટલે આપોઆપ કેટલીક સહિષ્ણુતા આ તથ્યમાંથી આવી ગઈ છે. બીજું કે હિન્દુ સમાજમાં અનેક વખત સુધારાની ચળવળો રાજા રામમોહન રાયથી થતી આવી છે. પરિણામે એમાં આધુનિકતાનો પણ એક પાયો છે. અને ત્રીજુ હિન્દુ સમાજમાં આઝાદી પછી અને પહેલાં પણ શિક્ષણનું પ્રમાણ ત્યારે પણ મુસ્લિમો કરતાં વધુ હતું, આજે ઘણું વધારે છે. જ્યારે આઝાદી પછી મુસ્લિમોમાં શિક્ષણનું પ્રમાણ બિલકુલ વધ્યું જ નહીં. બલકે, મામૂલી ફેરફાર થયો હશે. એટલે સાધારણ મુસલમાન છે એ તો હજી પણ મોટે ભાગે અરબી જાણતો હોતો નથી. કુરાનના પ્રાદેશિક ભાષાઓમાં, ભારતીય ભાષાઓમાં અનુવાદ બહુ મોટાપાયે ઉપલબ્ધ નથી. હોય તો યે કોઈ વાંચતું નથી. મુસ્લિમ મહિલાઓ પણ જે વાંચે, એ પણ હંમેશા કિતાબો વાંચી વાંચીને એમ જ માને કે આપણો ધર્મ મહાન છે.

"યા અય્યોહન્નાસ" જેવો શબ્દ કુરાનમાં આવે છે. એનો અર્થ છે, "હે માનવજાત" મતલબ કે કુરાન કોઈ એક સંપ્રદાયને ઉદ્દેશીને લખાયું નથી. માનવજાતને માટે લખાયું છે. મુસલમાન એ કે જે ઈસ્લામના સિદ્ધાંતોનું પાલન કરે. પાલન એટલે ક્રિયાકાંડ નહીં, પણ ઈસ્લામના પાયાના વૈચારિક સિદ્ધાંતોને મુસલમાનો અનુસરે. પાંચ વખત નમાઝ પઢીનેય દસ વખત એથી વિરુદ્ધ આચરણ કરતો હોય એ મુસ્લિમ કઈ રીતે હોઈ શકે ?

આ બધું હું સમજાવું, પણ સામાન્ય મુસલમાનના મગજમાં આ ઊતરતું નથી. પરિણામે એક આખો જબરજસ્ત સમાજ, દસ-બાર કરોડની વસ્તીવાળો સમાજ-છેલ્લાં પાંચ દાયકાથી અંધકારમાં, અશિક્ષણમાં અને આવા ખોટા અર્થઘટનોથી પીડાય છે. અને પછી એમાં વધારે ઉમેરો કર્યો આપણા રાજકારણીઓએ. બિનસાંપ્રદાયિકતાનો સાચો અર્થ શું છે ? મેં અંબુભાઈને કહેલું કે મારે આની વાત થોડી કરવી છે. બિનસાંપ્રદાયિકતાનો સાચો અર્થ આપણે હાથમાં લઈએ તો એક વખત એમ લાગે કે ઈસ્લામને સેકયુલારીઝમ સાથે કોઈ નિસ્બત ના હોઈ શકે. થોડાક આગળ જઈએ અને ઉપરછલ્લી વિચારધારાઓથી ઉપર જઈએ તો દુનિયાના કોઈ ધર્મ સાથે સેકયુલારીઝમને ટકરાવ હોઈ શકે નહીં. સેકયુલારીઝમનો માર્કસવાદી અર્થ ન લઈએ. સેકયુલારીઝમની આપણા દેશમાં અત્યારે ત્રણ-ચાર વિચારધારાઓ છે. માર્કસવાદી વિચારધારા છે, ગાંધીવાદી વિચારધારા છે, ગાંધીવાદીઓ સારી સારી ઊંચી વાતો કહેશે. ઉપદેશો આપશે. હિન્દુ-મુસ્લિમ ભાઈભાઈની વાતો કરશે. સારી જ વાત છે. હેતુ ખરાબ નથી. પણ, એથી આગળ બિનસાંપ્રદાયિકતાનો સાચો મર્મ શું ? તો ગાંધીજી જે પ્રાર્થનાઓ કરાવતા એથી અંદર જઈએ તો સેકયુલારીઝમના ખ્યાલથી એ બહુ મેળ બેસે નહીં. સેક્યુલારીઝમ આપણામાં બહુ ઓછા લોકો જાણે છે. કેટલાક રાજકારણીઓ હવે એમ કહે છે કે, સેક્યુલારીઝમ નહીં, સર્વધર્મ સમભાવ. પણ સર્વધર્મ સમભાવ સાથે પણ એને મેળ નથી. "સેકયુલારીઝમ ઈઝ પ્યોરલી વેસ્ટર્ન આઈડીયોલોજી". પશ્ચિમમાં જ્યારે ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં વિજ્ઞાનની શોધખોળ જ્યારે જબરજસ્ત થવા માંડી અને ગૅલેલિયો, કોપરનિક્સ આ બધાએ જ્યારે પુરવાર કર્યું કે, ધર્મ ગ્રંથોમાં બધું લખ્યું છે તે સાચું નથી. પૃથ્વી ચોરસ નથી પણ ગોળ છે. સૂર્ય પૃથ્વીની આસપાસ ફરતો નથી. પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે. આવાં કેટલાંય તથ્યો અને રહસ્યો ખુલ્લાં કર્યાં. અને પરિણામે ધર્મગ્રંથો અને ધર્મગુરુઓ જે કહેતા હતા એ ઉપદેશો અને વિજ્ઞાન વચ્ચે એક ટક્કરની ભૂમિકા સર્જાઈ. અને ટક્કરની ભૂમિકામાંથી હોલિયોક જેવા લોકોએ આ સિદ્ધાંત આપ્યો જે સેકયુલારીઝમ છે.

આપણે ધર્મ અને વિજ્ઞાન જ નહીં પણ ધર્મ અને શિક્ષણ, ધર્મ અને કાનૂન, ધર્મ અને રાજ્યસત્તા આ બધા વચ્ચે જો ભેદરેખા નહીં દોરીએ તો આ સંઘર્ષ માણસ-જાતને મારી નાંખશે. એક પછી એક શોધખોળોમાં ટ્રેન, મોટરકાર, ઈલેક્ટ્રિકસિટી આ બધાની શોધખોળ થવા માંડી, એટલે ધર્મ અને બીજાં ક્ષેત્રો

વચ્ચેની ભેદરેખા દોરવાનું જરૂરી બન્યું. યુરોપમાં ત્યારે રાજાની સાથે ધર્મની સમાંતર સત્તા હતી. એટલે ધર્મની વાતો હોય તો ચર્ચ નક્કી કરે, પોપ નક્કી કરે. ધીમે ધીમે લોકોએ નક્કી કરી નાખ્યું કે ધર્મને હવે આપણે વ્યક્તિની અંગત માન્યતાનો પ્રશ્ન ગણીએ. બિનસાંપ્રદાયિકતાના ખ્યાલમાં પહેલામાં પહેલો પાયાનો સિદ્ધાંત હોય તો આ છે કે, ધર્મ એ વ્યક્તિની અંગત માન્યતાનો પ્રશ્ન છે. માણસ પોતાના ઘરમાં પોતાનો ધર્મ અગર તો પૂજા-પાઠ, નમાઝ પઢવી હોય, મૂર્તિપૂજા કરવી હોય તો એ બધું કરે. પણ એને બજારમાં ન લાવે, અર્થકારણમાં ન લાવે, રાજકારણમાં ના લાવે, શાળાના શિક્ષણમાં ના લાવે અને કાનૂનમાં ના લાવે. કાનૂન સૌને માટે સરખો. આ એનો પાયો હતો. અને પછી એમણે બધા જાતજાતના સિદ્ધાંતો નક્કી કરીને આપ્યા. ધીમે ધીમે એ યુરોપની પ્રજાને આ વાત ગળે ઊતરી ગઈ. એટલે એમણે પાંચ-પચ્ચીસ વર્ષે, પચાસ વર્ષે ધર્મ અને વિજ્ઞાનના સંપૂર્ણપણે છૂટાછેડા કરી નાંખ્યા. અને પોપપૉલને વેકીટનમાં જગ્યા કાઢી આપી. એને અલગ દેશનો દરજ્જો આપ્યો. આજે પણ પોપપૉલ દુનિયાની કોઈપણ જગ્યાએ જાય તો એને રાજ્યના વડાનું માન મળે. પણ, એથી વિશેષ યુરોપની પ્રજા ઉપર આની કોઈ અસર નથી. એટલે યુરોપની પ્રજા જે સેક્યુલર બની અને ધર્મની આ અસર ધર્મના દૂષણોની નાગચૂડમાંથી મુક્ત ના થઈ હોત તો આજે સમગ્ર માનવજાતે જે આટલો બધો વિકાસ કર્યો એ ન થયો હોત. આપણે જ્યાં પહોંચી ગયા એ જમાના સુધી, એસ.ટી.ડી., પી.સી.ઓ; જે ઘેર ઘેર, શેરીએ આવી ગયાં, એ ન થયું હોત. આપણે એક મિનિટમાં અમેરિકા સાથે વાત કરી શકીએ છીએ. આ બધાના પાયામાં સેક્યુલારીઝમ છે એવું મારું માનવું છે. જો સેક્યુલારીઝમે આવી ધર્મ અને વિજ્ઞાન અને ધર્મ અને બીજાં ક્ષેત્રોના છૂટાછેટા ના કરાવ્યા હોત તો આ સંઘર્ષ ચાલ્યાં જ કરત. અને માનવજાત આટલી સુખી અને સમૃદ્ધ થાત નહીં. પણ, જે સત્ય યુરોપની પ્રજાને સમજાયું, એ એશિયા, આફ્રિકા, લેટીન અમેરિકાની પ્રજાને હજી સમજાતું નથી. અને પરિણામે એશિયાના દેશો લડતા રહે છે. ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ આ બધાની સમસ્યાઓ સરખી. બધા એક સરખા પછાતપણાથી પીડાય છે. પણ, ધાર્મિક કટ્ટરતાના રોગે એમને પરેશાન કર્યા છે. એટલે ભારતનું હંમેશા ધ્યાન હિન્દુ-મુસ્લિમ સમસ્યામાં હોય, પાકિસ્તાનનું હંમેશા ધ્યાન કાશ્મીર ઉપર હોય, બાંગ્લાદેશની અંદર કાયમ, ઝઘડા. એટલે આ બધામાં ધાર્મિક કટ્ટરતા છે. અને આમાં કોઈપણ દેશે સેક્યુલારીઝમને સાચા અર્થમાં અપનાવ્યું નથી. આપણે પણ

આપણા દેશમાં થોડાક ઈતિહાસમાં જઈએ તો જવાહરલાલ નહેરુને જોઈએ તો "હી વૉઝ ધી ઑન્લી સેકયુલર પ્રાઈમમીનીસ્ટર ઑફ ઈન્ડિયાં" બીજા ઘણા અવગુણો હશેં પણ એ પૂરેપૂરા વૈજ્ઞાનિક દષ્ટિબિંદુમાં માનતા. એમના લખાણોમાં એક બિલકુલ સાચા સેકયુલર તરીકેનું ચિત્ર ઊપસે છે. એમણે કદી રાજ્યમાં ધર્મની ભેળસેળ કરેલી નહીં. એમણે કદી મંદિર-મસ્જિદની મુલાકાત લઈને સસ્તી ધાર્મિક લાગણી જીતવાનો પ્રયત્ન કરેલો નહીં. અલબત્ત, જ્યારે ૫૪-૫૫માં જ્યારે શારડા ઍકટ આવ્યો ત્યારે અપેક્ષા એ હતી કે એમણે હિન્દુ સમાજમાં સુધારા-વધારા કર્યા, અને બહુપત્નીત્વ ઉપર પ્રતિબંધ મૂકયો, એવા સુધારા જો બીજા સમાજમાં અને જો મુસ્લિમ સમાજમાં કરાવ્યા હોત તો ચોક્કસ ઘણો ફેર ત્યાંથી જ પડી જાત. પણ, ત્યારે એમણે એવો ખુલાસો કર્યો કે, મુસ્લિમો લઘુમતીમાં છે અને એમને એમ ના લાગવું જોઈએ કે બહુમતી પોતાની ઈચ્છાને લાદી રહી છે. માટે એમનામાંથી આ માંગણી આવવા દો ત્યારે આપણે જોઈ લઈશું. આપણે જાણીએ છીએ કે આપણા બંધારણમાં માર્ગદર્શક સિદ્ધાંતો છે. કલમ-૪૪ સ્પષ્ટપણે કહે છે કે, રાજ્ય સમાન નાગરિકો ઘડવાનો પ્રયત્ન કરશે. પણ, એ પ્રયત્ન તો થયો જ નથી. પણ એની ઊંધી દિશામાં આપણે ધીમે ધીમે જવા માંડયા.

નહેરુ પછી શાસ્ત્રી આવ્યા. શાસ્ત્રીને તો કોઈ લાંબો સમય મળ્યો નહીં. પણ, ઈન્દિરાબહેનનું શાસન આવ્યું. આપણા દેશની ઘણીખરી સમસ્યાઓ ઉદ્દ્ભવી અને આજે જે દેશની દુર્દશા છે એના ઊંડાણમાં જઈએ તો ઘણાં ખરાં કારણોમાં ઈન્દિરા ગાંધીની ખોટી નીતિઓ જોવા મળે છે. એમણે સત્તા સંભાળીને પહેલી જ વાર કૉંગ્રેસની સામે પડકાર આવ્યો. કયાંક કયાંક સંયુકત વિધાયક દળોની સરકારો આવી. એમને માટે સત્તા કેવી રીતે ટકાવવી એ પ્રશ્ન આવ્યો. એમને જવાહરલાલ નહેરુ જેવું જ્ઞાન નહોતું. બહુ ઓછા લોકો જાણે છે કે એ ગ્રેજ્યુએટ પણ નહોતાં થયાં. એમને વિજ્ઞાન, સંસ્કૃતિ વિશેનું જ્ઞાન બિલકુલ અલ્પ. એટલે સલાહકારો ઉપર એમને ચાલવાનું હતું. અને સલાહકારોએ એમના મગજમાં ઘુસાડી દીધું કે આ દેશમાં મુસ્લિમો, લઘુમતીઓ, હરિજનો, પછાત વર્ગો, આદિવાસીઓ એમની બહુમતી છે. ૬૦ થી ૭૦ ટકા છે અને જે સર્વણો છે એ નાની લઘુમતીમાં છે. અને એમનો સવર્ણોનો અવાજ છાપાંઓ સુધી, શહેરોના મધ્યમવર્ગ સુધી સીમિત છે. મતપેટીઓમાં નિર્ણય તો આ લોકો કરે છે. એટલે આ લોકોને આપણે જો જીતી લઈએ તો પછી બીજા બૌદ્ધિકોની, શિક્ષિતોની કે

પ્રેસની ચિંતા કરવાની જરૂર નથી.શ્રીમતી ઈન્દિરા ગાંધીએ એ નીતિ અપનાવી લીધી. અને મંદિરમાં જવાનું શરૂ કર્યું, મસ્જિદમાં જવાનું શરૂ કર્યું. દરગાહમાં જવાનું શરૂ કર્યું. અને જાતજાતનાં માદળિયાં બાંધ્યાં. યજ્ઞો કર્યા, ધીરેન્દ્ર બ્રહ્મચારી આવે ને વડાપ્રધાનના ઘરમાં પડયા રહે. એમને વડાપ્રધાન કરોડોની ગ્રાન્ટો આપે. એટલે બિલકુલ આપણે જાણે અઢારમી સદીમાં જવાનું હોય એ જાતનો આખો ખેલ શરૂ થઈ ગયો અને એ ધીમે ધીમે શરૂ થતો થતો આજની અવસ્થા સુધી પહોંચ્યો. મને બરોબર યાદ છે કે, જ્યારે બાંગ્લાદેશની રચના થઈ તે રચના પછી ઈન્દિરા ગાંધી મુસ્લિમોની સભામાં જઈને બોલ્યાં કે, તમને પાકિસ્તાન તૂટવાનો અફસોસ હશે તે હું સમજી શકું છું. પણ, એ કર્યા સિવાય આપણો છૂટકો નહોતો. એટલે એમણે ગર્ભિત રીતે એમ કર્યું કે, મુસ્લિમો પાકિસ્તાન તરફી છે. અને પાકિસ્તાન એમણે તોડયું માટે એમને અફસોસ છે એ અફસોસ પાછો જસ્ટીફાઈડ છે. એટલે એમણે બચાવનામું રજૂ કર્યું. વડાપ્રધાન કક્ષાની વ્યકિત  જ્યારે આવાં વિધાનો કરે ત્યારે અને કમનસીબે જ્યારે જ્યારે એમણે આવું કહ્યું ત્યારે દેશમાંથી કોઈ મોટો નોંધપાત્ર વિરોધ ન થયો. આંધ્રમાં જઈને કહે કે, જુઓ તમારે ત્યાં વિરોધપક્ષનું રાજ છે એટલે અહીંયાં હિન્દુઓ અને મુસ્લિમોનાં રમખાણો  થાય છે. શ્રીનગરમાં જઈને કહે કે ભારતમાં મુસ્લિમો લઘુમતીમાં છે તેમને સુરક્ષા જોઈતી હોય તો મારી પાસે આવો, જમ્મુમાં કહે કે, કાશ્મીરમાં તો હિન્દુઓ લઘુમતીમાં છે, એટલે તમારું રક્ષણ હું કરીશ. આમ લઘુમતી-બહુમતી હરિજન-સવર્ણ આ બધી લાગણીઓ જે દબાઈ ગઈ હતી, સપાટી ઉપર આવતી નહોતી એ બધાને એમણે ઢંઢોળીને જાગૃત કરી, બધાની આઈડેન્ટીટીને પાછી જાગૃત કરી, તમે હરિજન છો, તમે મુસલમાન છો, કોંગ્રેસ જ આ બધાનો ઉદ્ધાર કરે એમ છે. બીજું, હિન્દુ કોમવાદીઓ ઉપર ભયંકર ઉઘાડા પ્રહારો કરવાનું શરૂ કર્યું. અને મુસ્લિમ કોમવાદીઓની સામે એમણે ટીકા તો નહી કરવાની પણ એમની સાથે સત્તામાં ભાગીદારી થઈ. જ્યારે લોકસભામાં એમની બહુમતી તૂટી, બે મુસ્લિમ લીગના સભ્યો હતા, કોઈ મોટો પ્રભાવ પાડે એવડી બહુમતી નહોતી કે, બળ નહોતું તો પણ ટેકો લીધો. અને કેરલમાં મુસ્લિમ લીગની સાથે સત્તામાં ભાગીદારી કરી. આપણી બિનસાંપ્રદાયિકતામાં વિકૃતિ મોટામાં મોટી આવી હોય તો એ દિવસથી આવી કે જ્યારે શાસકપક્ષે કે જે રાતદિવસ બિનસાંપ્રદાયિકતાનો દંભ કરતાં થાકતો નથી, એમણે મુસ્લિમ લીગ કે જે પાકિસ્તાની રચનામાં નિમિત્ત બનેલી, ભાગલા પહેલાં જેણે પાકિસ્તાનની

ખુલ્લી માંગણી કરેલી એ મુસ્લિમ લીગ સાથે આજે પણ કૉંગ્રેસ સાથેનું સત્તામાં ગઠબંધન ચાલુ છે. અને પછી બચાવમાં શું કહે કે આ મુસ્લિમ લીગ જુદી છે, આઝાદી પહેલાંની નથી જુદી છે તો એનું નામ મુસ્લિમ લીગ શા માટે છે. સેકયુલર ભારતમાં મુસ્લિમ લીગનું અસ્તિત્ત્વ જ કઈ રીતે હોઈ શકે ! એ આજે પણ છે. અને એના બનાતવાલા સાહેબ 'ઝી' ટીવી ઉપર 'આપકી અદાલત'માં આવીને પાછા કહે છે કે, ભલે અમે અમારા પક્ષનું નામ મુસ્લિમ લીગ રાખીએ, પણ અમે સાચા સેકયુલર છીએ. અડવાણી કહે કે હિન્દુત્વ અમારો આધાર છે. પણ, સાચા સેકયુલર અમે જ છીએ. આપણે ત્યાં મુસ્લિમ લીગનું સેકયુલારીઝમ છે એવું વિશ્વ હિન્દુ પરિષદનું સેકયુલારીઝમ છે, કૉંગ્રેસનું સેકયુલારીઝમ છે. કાંશીરામનું સેકયુલારીઝમ છે અને બધાનાં પાછાં સેકયુલારીઝમ બોગસ છે. બધાનું ધ્યાન મતપેટી પર છે. એનો એક જ હેતુ છે કે પ્રજાને કેમ ઉલ્લુ બનાવવી. અને સેકયુલારીઝમના નામે સત્તા હાંસલ કરવી.

આપણા રાષ્ટ્રપતિ સત્તા પર આવે, પહેલું કામ આપણા સૌના ખર્ચે સરકારી ખાસ ચાર્ટડ પ્લેનમાં જઈ તિરુપતિના મંદિરમાં જાય. ત્યાં જઈને પૂજાપાઠ કરે. પાછા આવીને ખ્વાજાસાહેબની દરગાહે જાય. વળી, પાછા એક ગુરુદ્વારાની મુલાકાત લેશે. એકાદ ચર્ચમાં જાય એટલે એમનું સેકયુલારીઝમ પૂરું થઈ ગયું. આપણા વડાપ્રધાન એકબાજુથી એમ કહે કે મંદિરનો પ્રશ્ન સેકયુલારીઝમમાં ન ચાલે. તમે લોકો એને રાજકારણમાં ભેળવો છો. પણ પોતે શંકરાચાર્યને મળવા જાય. પછી જાહેર કરે કે મંદિર તો અમે બનાવી દઈશું. તો પછી ભાજપમાં અને તમારામાં શું ફેર રહ્યો ? તમે શંકરાચાર્યને મળો. તમે પણ મંદિર માટે ટ્રસ્ટો બનાવો. તમે એમના જવાબ આપવા માટે જુદા જુદા ટ્રસ્ટો ઊભા કરાવો. તો આમાં સેકયુલારીઝમ રહ્યું કયાં ? એટલે બિનસાંપ્રદાયિકતાનો સાચો અર્થ આમાં કયાંય પણ આવતો નથી. બિનસાંપ્રદાયિકતાની સાથે થોડેક અંશે દુન્યવીવાદ જોડાયેલું છે. ઘણી વ્યાખ્યાઓ આપણા દેશમાં થયેલી છે. બ્લેકશીલ્ડે કહ્યું : "સમ કાઈન્ડ ઑફ ઍડજસ્ટટ", ગજેન્દ્ર ગડકરે કહ્યું કે ભાઈ આ તો સર્વધર્મ સમભાવ છે, વાત સાચી છે. બીજા બધા ધર્મનું તત્ત્વ એકઠું કરીએ પણ ખરેખર તે આમાં બેસતું નથી. બિનસાંપ્રદાયિકતા એટલે ધર્મની બાબતમાં રાજ્ય નિરપેક્ષ જ રહે, બિલકુલ જ. કોઈપણ ધાર્મિક માળખામાં દખલ ન કરે. એમાં કશું જ માથું મારે નહીં. ધર્મના નામે કોઈપણ પ્લેટફોર્મમાં જાય નહીં. આપણે ત્યાં પારસીની

બૉર્ડિંગ હોય છે, હિન્દુધર્મની અને મુસ્લિમધર્મની શાળાઓ હોય છે. ઉદ્‌ઘાટનો કરવા પ્રધાનો જાય છે. મસ્જિદનું ઉદ્‌ઘાટન કરવા પણ પ્રધાનો જાય છે. મંદિરનું ઉદ્‌ઘાટન કરવું હોય તો પણ જાય છે. અને સરકારી સમારંભમાં સરકારી મકાનનું ભૂમિપૂજન કરવાનું હોય કે શિલાન્યાસ કરવાનો હોય ત્યાં પૂજાપાઠ થાય છે.

મહેતા સાહેબની જેમ એક જસ્ટીસ સિંહા સાહેબ હતા પહેલાં યુ.પી.માં તે ખૂબ ઉગ્ર વિરોધ કરતા. કહેતા "ધીસ ઈઝ નોટ સેકયુલારીઝમ" તમે સરકારી કામોમાં પૂજાપાઠ કેવી રીતે કરાવી શકો ? આજે તમે એસ.ટી. કોર્પોરેશનમાં જાવ દરેક એસ.ટી.ના ડ્રાઈવર માથે કોઈ માતાજીનો ફોટો રાખ્યો હોય છે. કોઈ મુસ્લિમ ડ્રાઈવર હોય તો દરગાહ હોય ત્યાં બસ ઊભી રાખે અને સલામ કરે. પણ આ સેકયુલારીઝમ નથી. સરકાર કેમ બોલતી નથી ? તમે કાગળ લખો તો કોઈ નોંધ પણ ન લે. એટલે હવે એવું થઈ ગયું, કે ધર્મના નામે કશું જ બોલી શકો નહીં. કરોડો રૂપિયા ખર્ચીને શહેરના રસ્તા સુધાર્યા સુધરાઈએ, કાલે હોળી આવીને રસ્તા તોડી નાંખ્યા. ઈલેકિટ્રકના વાયર તોડી નાંખશે. ઈલેકિટ્રકના વાયરમાંથી બારોબાર કનેકશન લઈ લેશે. ગરબા ઉત્સવ હોય કે બીજો કોઈ મહોત્સવ હોય લાઈટનું કનેકશન લેવા માટે કાયદાની કોઈ જરૂર નથી. હમણાં છેલ્લે છેલ્લે લશ્કરમાં પણ વિવાદ થયો. નમાઝની છૂટ હોવી જોઈએ. વી.પી. સિંઘ સાહેબ આપણા કેટલી કેટલી અપેક્ષાઓ જગાડનાર ઊંચામાં ઊંચા વડાપ્રધાન આપણા. એમની પાસેથી આપણને એમ હતું કે દેશને સુધારશે, બિલકુલ નોનકરપ્ટ, બિલકુલ ચોખ્ખા માણસ. પણ કમનસીબે રાજરમતમાં પડી ગયા. પહેલાં રથયાત્રા કાઢી અડવાણીએ તો એમણે મંડલયાત્રા કાઢી. અને મુસ્લિમોના સંબંધની બાબતમાં એ "ઈન્દિરાની પુરુષ આવૃત્તિ જેવા હતા." ઈન્દિરા ગાંધીએ જે કર્યુ બલકે એનાથી આગળ ૨૬મી જાન્યુઆરીએ લાલકિલ્લા પરથી જાહેરાત કરે છે કે, ઈદેમિલાદની રજા રહેશે, કોઈ મુસલમાનોએ રજા માંગી ન હતી. ભારતના મુસલમાનોનો ઉદ્ધાર રજા જાહેર કરવાથી થઈ જવાનો છે ? એને શિક્ષણ જોઈએ છે. એને નોકરી જોઈએ છે. એને એ આપો. એને બદલે તમે રજા આપો છો ? હવે મુસલમાનોએ માંગી નહોતી એ રજા એમણે આપી. તરત હિન્દુ કોમવાદીઓને પ્રચારનું હથિયાર મળી ગયું કે જુઓ સરકાર ફેવર કરે છે, મુસલમાનોને રજા આપે છે. એક કટાર લેખકે લખ્યું કે, રામનવમીની રજા નથી. એમણે એમ લખવું જોઈએ કે, બંનેની ન હોવી જોઈએ. પેલાની આપી તો

રામનવમીની આપો. આ વલણ તો એક કોમવાદની સામે બીજો કોમવાદ, ઊભો કરે છે જ્યારે વી.પી. સિંઘને ચૂંટણી લડવાનો વારો આવ્યો ત્યારે એમને પણ પૂછવામાં આવ્યું કે તમારી પાસે આરીફ મહંમદ ખાન હતા. તમારે ચૂંટણી જીતવી હતી તો તમે એમને ઘેર બેસાડી દીધા. અને તમે શાહી ઈમામને લઈને રખડયા. તમારામાં અને રાજીવ ગાંધીમાં, તમારામાં અને ઈન્દિરા ગાંધીમાં અને કૉંગ્રેસમાં શું ફેર ? રાજકોટ આવ્યા. ચીમન મહેતા સાથે હતા. એમની સાથે ડાયલોગ કર્યો ઉગ્ર વિવાદ કર્યો કે તમે આરીફ મહંમદખાનને બેસાડી દીધા. તમારે શાહી ઈમામ જ જોઈએ છે ? વી.પી. સિંઘે જવાબ આપ્યો કે ભાઈ, સમાજ સુધારવાનો ઠેકો અમે નથી લીધો. એ કામ તો તમારું છે. મેં કહ્યું, વાંધો નહીં તમે સમાજ સુધારક નથી એ હું સમજું છું. પણ તમે સમાજને બગાડવાનો ઠેકો લીધો છે ? કમ સે કમ સમાજ બગડે એવા કાઉન્ટર એકશન તો ના લો. સમાજ સુધારકને મદદ થાય એવું વલણ કરો ને ! કમ સે કમ ન્યુટ્રલ થઈ જાવ. તમે આરીફ મહમંદખાનને સાથે ન લીધા વાંધો નહીં. તો શાહી ઈમામને પણ ન લીધા હોત તો સારું હતું. પણ તમે તો મત મેળવવા માટે તો ગમે તેનો સાથ લો છો.

આપણે જ્યારે આઝાદ થયા અને પાકિસ્તાનની રચના ધાર્મિક આધાર ઉપર ઈસ્લામિક રિપબ્લિક તરીકે થઈ. અને ઘણા લોકોને એમ હતું કે ભારત પણ હિન્દુ રાજ્ય જાહેર થશે. એનાં ઘણાં કારણો હતાં. પણ આપણે એ માર્ગે ન ગયા સદ્‌ભાગ્યે. આપણા નેતાઓ દૂરંદેશી વાળા ઘણા સારા પરિપકવ હતા. પણ પછી પાકિસ્તાનની રચના ધર્મને આધારે થયા પછી બે વસ્તુ અગત્યની બનતી હતી કે જે મુસ્લિમ સમાજ અહીંયાં રહી ગયો એની મોટી ફરજ બનતી હતી કે હવે અમે જ્યાં ભારતમાં રહીએ છીએ, એ ખરા અર્થમાં સેકયુલર છીએ, એવું ગાઈ બજાવીને પુરાવા આપવાની જરૂર નથી. મુસ્લિમોએ કોઈ અપરાધ ભાવ અનુભવવાની જરૂર નથી. પણ એક બાજુ એમનું વર્તન એવું પણ ન હોવું જોઈએ કે, જેથી સતત તેમના પર આંગળી ચીંધવામાં આવે કે, ભાઈ તમે હજી સેકયુલર નથી બન્યા.

શાહબાનુ કેસમાં મોટામાં મોટી કસોટી થઈ ગઈ ભારતના મુસ્લિમોની. શાહબાનુનો કિસ્સો સમજવા જેવો છે. મુસ્લિમ મહિલાને ચાલીસ વર્ષથી ભરણપોષણ મળતું હતું કાયદા મુજબ. એ રાતોરાત થયેલો કાયદો નહોતો. સુપ્રીમ કોર્ટે અચાનક ચુકાદો નવો આપ્યો નહોતો. અને ચાલીસ વર્ષથી ભરણપોષણ મળતું હતું એમાં કોઈ મુસ્લિમ લીગે વિરોધ કર્યો નહોતો. જમિયતે

ઈસ્લામે નહોતો કર્યો. મુસ્લિમ તલ્લાક શુદા મહિલા હોય તો એને ભરણપોષણ આપવું જોઈએ. પેલો માણસ વકીલ છે. મહિને પંદર-વીસ હજાર કમાય છે. એ કેમ ભરણ-પોષણ ના આપે ? સાથે સાથે સુપ્રીમ કોર્ટે થોડી ટિપ્પણી કરી. શરિયતમાં લખ્યું હોય કે બીજામાં લખ્યું હોય તેથી કાયદામાં ચાલે નહીં. એવી ટિપ્પણી કોને મળતી હતી ? વર્ષો પહેલાં મહારાજ લાયબલ કેસ થયેલો. એમાં મેથ્યુ કરીને કોઈ જજે કહેલું કે, What is morally wrong, can't be the-logically right ધર્મમાં લખ્યું હોય પણ નૈતિક રીતે ખોટું હોય તો ધર્મની વાત ન ચાલે. પાયાના માનવ મૂલ્યો એનાથી વિરુદ્ધ કોઈ ધર્મ જઈ શકે નહીં. કોઈ ધર્મના આદેશો જતા હોય તો આજના જમાનામાં ન ચાલે. એને પકડીને લોકો તૂટી પડયા. રૂઢિચુસ્ત લોબીએ મુંબઈમાં ને બધે સરઘસો કાઢયાં. સામે ઉદાર મતવાદી લોબી પણ હતી. એમણે પણ આંદોલન કર્યું. રાજીવ ગાંધીને મળીને આવેદનપત્ર આપ્યું. પણ રાજીવ ગાંધીને નઝમા હેપતુલ્લા ને બધા સાથી મિત્રો હતા, એમણે ઠસાવી દીધું કે ના ના, આમાં તો આપણે મુસ્લિમ મત ગુમાવીશું. હવે જુઓ નઝમા હેપતુલ્લા, સલમાન ખુરશીદ (અત્યારે આપણા નાયબ વિદેશમંત્રી) એ બિલકુલ આધુનિક રીતે જીવે છે. નઝમા હેપતુલ્લાને આપણે જોઈએ તો કોઈ રૂઢિચુસ્ત મહિલા આપણને લાગે નહીં. અને છતાં જ્યારે નિર્ણય લેવામાં આવ્યો ત્યારે એમણે અત્યંત રૂઢિચુસ્ત નિર્ણય લેવડાવ્યા. અને પરિણામે એમણે કાયદા સુધારી, બંધારણ સુધારી અને વિશ્વમાં ક્યાંય ઈસ્લામી દેશોમાં પણ નથી, એવો કાયદો કર્યો. આમાં મુશ્કેલીની અને કરુણતાની વાત તો એ છે કે આપણા દેશમાં બિનસાંપ્રદાયિકતાના નામે મુસ્લિમ રૂઢિચુસ્તોને જે પંપાળવામાં આવે છે એવું ઈસ્લામી દેશોમાં પણ નથી. પાકિસ્તાનમાં પણ બહુપત્નીત્વ પર પ્રતિબંધ છે. મોટાભાગના મુસ્લિમદેશોમાં તલ્લાક આપણે ત્યાં અપાય છે એ રીતે નથી આપતા. ક્યાંક કોર્ટમાં જવું પડે છે. ક્યાંક ઉલેમાઓ પાસે જવું પડે છે. ક્યાંક પહેલી પત્નીની મંજૂરી લેવી પડે છે. જાત-જાતના નિયમનો છે. કુરાનમાં પણ કહેલું છે કે, તલ્લાક એ ખુદાને બિલકુલ ન ગમતી, એટલે ના છૂટકે તમને એમ લાગે કે આમાં વિકલ્પ નથી, તમને એમ લાગે કે બીજી પત્નીની સાથે પહેલી પત્નીને અન્યાય નહીં કરો તો જ તમે બીજાં લગ્ન કરો પણ, એ બધું કાઢી નાંખ્યું અને પેલો આગળનો ભાગ લઈ લીધો. બીજું, ક્રિમીનલ પ્રોસીજર કોડ છે ભારતમાં જે બધાને માટે સરખો છે. સિવિલ કોડ જુદા જુદા છે. સિવિલ કોડમાં પણ ભારતમાં જે સિવિલ કોડ છે, મુસ્લિમ કોડ એ મુસ્લિમ કોડ કંઈ શેરિયત મુજબ કે કુરાન

મુજબ છે નહીં. અંગ્રેજોના જમાનામાં વૉરેન હેસ્ટિંગ્ઝના જમાનામાં ઘડાયેલો, રચાયેલો આવે છે. એમાં ઘણું એવું છે કે જે ઈસ્લામથી પણ જુદું પડે છે.

પ્રશ્ન આ છે કે કોઈપણ ધર્મ ખાબોચિયું બનીને રહી શકે નહીં એ વહેતું ઝરણું હોય તો જ એમાં તાજગી આવે. એ પાયાના મૂલ્યો સાથે બાંધછોડ ના કરે. પણ કેટલીક વાતો એવી છે કે જે માત્ર જે તે સમયની ભૌગોલિક અને ઐતિહાસિક જરૂરિયાતો મુજબ છે. અને એમાં જો આપણે ફેરફાર કરીએ તો ધર્મના હાર્દને કંઈ નુકસાન થતું નથી.

બીજું આજની દુનિયામાં હ્યુમન રાઈટ્સ, માનવ અધિકારોનું મોટુ મહત્ત્વ છે. જે દેશો પહેલાં ફાંસીની સજા આપતા હતા તેમણે પુનઃ વિચારણા કરી. તો આજના જમાનામાં કેટલીક સજાઓ છે, ઈસ્લામમાં એક સજા સંગસાર કરવાની છે. પથ્થર મારી મારીને મારી નાંખવો. કેટલીક સજાઓ ત્રાસદાયી છે તે આજના જમાના સાથે અસંગત લાગે. આપણે ત્યાં છે પણ નહીં, બીજા કેટલાક ઈસ્લામી દેશોમાં છે. પણ, ઈસ્લામી દેશોમાં પણ બેવડાં ધોરણો છે. રાજકર્તાઓને માટે તો એ એક કવર જ છે, પોતાની સત્તા ટકાવવાનું, ભારત જેવા દેશ સામે ઝેર ઓકવા માટે એ ઉપયોગી છે, સાચા ઈસ્લામનું પાલન તો છે જ નહીં. જો એમ હોત તો પાકિસ્તાન દુનિયાનું સુખી રાષ્ટ્ર હોત. અને ત્યાં કોઈ માફિયા ટોળી ના હોત. ત્યાં ખુનામરકી ન હોત, ત્યાં હિંસા ના હોત. ઈસ્લામિક રિપબ્લિક છે. પણ, ત્યાં તો સાચો ઈસ્લામ છે જ નહીં, ત્યાં ઈસ્લામના નામે એક આડંબર છે. જેમ કે, બેન્કીંગ સિસ્ટમ હતી જ નહીં તો એની વાત કયાંથી હોય ? બેન્કીંગ સિસ્ટમ તો હમણાં જ આવી. તો એની સાથે કયાં વિરોધાભાસ છે ? છતાં નીકળી પડયા વોરા ધર્મગુરુ, આદેશ આપ્યો કે, બેન્કોમાં થાપણ નહીં મૂકવી. અમારા ગામમાં એક મુસ્લિમ સંસ્થા ગરીબોને લોનો આપે. વ્યાજ લેવાય નહીં એટલે શું કરે ? પહેલેથી પૈસા આપે, એમાંથી આઠ ટકા, છટકા પૈસા-રકમ કાપી લે. શેના ? પૂછો તો કહે, આ તો સર્વિસચાર્જ છે. એટલે વ્યાજનું બીજું નામ શોધી કાઢયું. એટલે દંભ કરે પણ સાચી વાત ન કહે કે આમાં કયાંય ઈસ્લામ સાથે કોઈ વિરોધાભાસ નથી. ઈસ્લામનું ઉલ્લંઘન કયાંય નથી. ધર્મમાં આવું કંઈ છે જ નહીં. જે વાત હતી તે જૂની હતી. એનો સંદર્ભ જૂનો હતો. પણ, લોકોને ધર્મના ક્રિયાકાંડ ઉપર ઓવર એમ્ફેસાઈઝ કરી એમને ક્રિયાકાંડની ચુંગાલમાં રાખી મૂકવા છે. અને ધર્મનાં જે સારભાગરૂપ તત્ત્વો છે, નૈતિક મૂલ્યો છે એની નજીક એમને પહોંચવા જ દેવા નથી.

હિન્દુ ધર્મમાં પણ મુશ્કેલી એ થઈ કે જે મુસ્લિમ સમાજનાં દૂષણો હતાં એ બધાં હવે હિન્દુ સમાજ ઉપર લાદવાના વ્યવસ્થિત પ્રયત્ન થઈ રહ્યા છે. એ લોકો કટ્ટરતાવાદી છે તો આપણેય બનો. મહાભારતના ડાયલોગ રાહીમાસુમ રઝા નામનો માણસ કેમ લખે છે ? આવાં આંદોલનો કરે. ટીપુ સુલતાનનું ચિત્રણ આવું કેમ કર્યું છે ? હું એમને કહું છું કે તમે મુસ્લિમ કોમવાદનું અનુકરણ કરો છો. અને એ હિન્દુ સમાજમાં તો બિલકુલ નહીં ચાલે. કારણ કે હિન્દુ સમાજ તો આ પ્રકારનો બંધિયાર, આ પ્રકારનો સ્થગિત તો છે જ નહીં. કોમીએકતા વિશે જ્યારે હું વિચારું છું ત્યારે ત્યારે મને તો એમ લાગે છે કે, ભારતમાં કોમી સમસ્યા નથી. આજે પણ ભારતમાં નાના નાના ગામોમાં જુઓ મુસ્લિમો હિંદુઓ હળીમળીને રહે છે. જ્યારે બાબરી મસ્જિદનો પ્રશ્ન ચાલતો હતો ત્યારે મેં રાજકોટમાંથી ૨૫૦ મુસલમાનોની સહીઓ લીધી. શાહી ઈમામને સામે ચાલીને મોકલી કે આ મસ્જિદ સોંપી દો. બંધ પડેલી છે. સિત્તેર વરસથી નમાઝ એમાં થતી નથી. અને ત્યાં રામ જન્મ્યા હતા કે નહીં એ પ્રશ્ન ગૌણ છે. કારણ કે, એ ધાર્મિક આસ્થાનો પ્રશ્ન છે. ૮૦ ટકા બહુમતીનો પ્રશ્ન છે. પણ એમણે માન્યું નહીં. મારો એક લેખ વાંચીને પાંચસો હિંદુઓએ વિરોધ કરતા પત્ર લખ્યા કે તમે મસ્જિદ સોંપી દેવાની વાત કેમ કરો છો ? આ કેમ ચાલે ? હિન્દુ કટ્ટરવાદીઓને શરણે જવાય ? હિન્દુ સમાજ આ છે. ભારતમાં જ્યાં રમખાણો થાય છે ત્યાં મોટેભાગે લોકો સ્થાનિક છે ત્યાં એક બીજા ઉપર હુમલો કરતા નથી. સિવિલ વૉરનાં કોઈ નિશાન આપણે ત્યાં જોવા મળતાં નથી. બહારનાં જ તત્ત્વો આવીને તોફાનો કરાવી જાય છે. અને એ તોફાન ડામવામાં જે સ્થાનિક લોકો હોય છે તે ઘણીવાર હળીમળીને સંયુક્ત રીતે સામનો કરે છે. અને ત્યારે મને એમ લાગે છે કે, સાચા સેકયુલારીઝમને ભલે આપણે સમજ્યા હોઈએ કે ના સમજ્યા હોઈએ, પણ સામાન્ય પ્રજા સમજી શકી છે. માનવવાદ અને બુદ્ધિવાદ આવે ત્યારે બિનસાંપ્રદાયિકતા સિદ્ધ થાય. પણ, કોમી એકતામાં તો આપણે કસોટી પાર કરી ગયા. મસ્જિદ તૂટી ,આટલો બધો દેશમાં હોબાળો થયો. આખા દેશમાં લાગણીઓ ઉશ્કેરાઈ ગઈ. એને એક વર્ષ ઉપર સમય થઈ ગયો. આજે દેશમાં તનાવ નથી, રમખાણો નથી. અમદાવાદમાં નથી, મુંબઈમાં નથી. લોકો સમજી ગયા કે હવે આપણે શાંતિ અને સ્થિરતા જોઈએ છે. હવે આ ઝઘડા નથી જોઈતા. એકબીજા એકબીજા ઉપર વેર લે, તે હવે ખત્મ કરવું છે. પરિણામે હિન્દુ સાંપ્રદાયિક તાકાતોનો પણ ચૂંટણીમાં પરાજય થયો.

મારો મૂળ મુદ્દો આ છે કે આઝાદી પછીના ભારતમાં, છેલ્લા દાયકામાં હિન્દુ સાંપ્રદાયિક તાકાતો ઊભરી એનાં બે જ કારણો છે. એક આપણે મુસ્લિમ કોમવાદને હંમેશા હળવાશથી લીધો. મુસ્લિમ ફન્ડામેન્ટાલીઝમની આપણે ગંભીરતાથી નોંધ લીધી નહીં. ભારતમાં ખોમેનીના અનુયાયીઓ ઘણાં. દિલ્હીમાં એક જમાનામાં ઘેર ઘેર ખોમેનીના પ્લેમ્ફલેટ વેચાતાં હતાં. મને કાયમ ઈરાનથી ખોમેનીનું સાહિત્ય આવતું હતું ઉર્દૂમાં, ઈંગ્લિશમાં. ભારતમાં જે મુસ્લિમ પ્રેસ છે, ગુજરાતમાં પણ નીકળે છે. એમાં એક જ વાત કાયમ હોય અને તે મુસ્લિમ કોમવાદનું સમર્થન. ઔરંગઝેબ સારો માણસ છે. એનું ખોટું ચિત્રણ થાય છે. હિન્દુ સમાજ આવો છે. આવું જ એકતરફી ચિત્ર ખોમેનીના હંમેશા એમાં વખાણ આવતાં. આપણે કોઈએ એની સામે ગંભીરતાથી નોંધ લીધી નહીં. એ ખોમેની જ્યારે ઈરાકના સદ્દામહુસેન સાથે ઝઘડયો, અને ઈરાન અને ઈરાકનું યુદ્ધ થયું. તો હવે શું કરવું ? ખોમેનીનાં વળતાં પાણી થયાં અને સદ્દામહુસેન એક મુસ્લિમ કટ્ટરવાદી હિંસક મુસ્લિમ નેતા તરીકે બહાર આવ્યો. તો ભારતના મુસ્લિમોના એક જૂથે એને ટેકો આપવાનું શરૂ કરી દીધું ! મુંબઈમાં મુસ્લિમોનું સરઘસ નીકળ્યું, જુમ્માની નમાઝ પઢીને, એમના હાથમાં બેનર હતાં, છોકરાઓના હાથમાં કે, સદ્દામહુસેન તમે કૅમિકલ બોમ્બનો ઉપયોગ કરો. ઈસ્લામ શું આ કહે છે ? મુંબઈના મુસ્લિમોએ આવું સરઘસ કાઢયું, એ સરઘસ ઉપર મુંબઈની પોલીસ તૂટી પડી. પોલીસે અત્યાચાર કર્યો. મુસ્લિમ યુવકોને પકડી પકડીને શૂટ કર્યા. દસ મુસ્લિમ યુવકો માર્યા ગયા. હું આનો બચાવ નથી કરતો પણ જો ભારત જેવા સેક્યુલર દેશમાં રહીએ અને આપણે જો આવાં સરઘસો કાઢીએ, આવાં બેનર કાઢીએ, તો ગમે તેવી પોલીસ ગમે તેવો લિબરલ હિન્દુ હશે, એને પણ તમે કોમવાદી બનાવી દેશો. "શેતાનિક વર્સીસ" પર ભારતે સૌ પ્રથમ પ્રતિબંધ મૂકયો. અને જ્યાં પેલો રહે છે ત્યાં ઈંગ્લેન્ડે ના પાડી દીધી ભારત સરકારની પ્રશંસા કરવી જોઈએ, એના બદલે તમે બ્રિટિશ હાઈકમિશનર ઉપર સરઘસ લઈ જાઓ અને ત્યાં જઈને તમે ધમાલ કરો, આ બિલકુલ યોગ્ય લાગતું નથી. એટલે આપણે મુસ્લિમ કોમવાદનાં કેટલાંક પાસાં છે એની ઉપેક્ષા કરી. શું કારણ ? આપણા રાજકર્તાઓએ આ રમત શરૂ કરી, અંગ્રેજોને પણ સારી કહેવડાવી દે એવી ભયંકર ખરાબ રમત, હિન્દુઓ અને મુસ્લિમોના ભાગલા પડાવવા, હરિજન અને સવર્ણોમાં ભાગલા પડાવવા, પહેલાં મસ્જિદનો પ્રશ્ન આવે તો કહેવું કે મુસ્લિમો સાચા છે. પછી હિન્દુ એકતાની યાત્રા આવે એને

ઈન્દિરા ગાંધી આશીર્વાદ આપે, પછી રાજીવ ગાંધી અયોધ્યામાંથી ચૂંટણી પ્રચાર શરૂ કરે, રામરાજ્યનું નામ લે અને શિલાન્યાસની અનુમતિ બુટ્ટાસિંઘ આપે. એટલે બંને પક્ષોને પંપાળી પંપાળી એક પણ વોટબેંક તૂટે નહીં એવી રમત એ લોકોએ શરૂ કરી. એનો આપણે લોકોએ, આમ પ્રજાએ તો ઠીક, બૌદ્ધિકોએ, અખબારોએ જોઈએ એટલો ઉગ્ર વિરોધ કર્યો નહીં. અને પરિણામે પ્રજામાં આજે આ સ્થિતિ આવી.

હિન્દુપ્રજા ઘણી સહિષ્ણુ છે, છતાં હિન્દુ સમાજના એક વર્ગ ઉપર હવે ધીમે ધીમે એવી લાગણી ઘર કરતી જાય છે કે આ લોકો તોફાની છે. આ લોકો બૉમ્બ બનાવે છે. આ લોકો આ કરે છે. પાકિસ્તાન તરફી છે. ક્રિકેટ મેચની વાત હોય તો તાળીઓ પાડે છે. હવે આમાં બધું સાચું નથી તેમ બધું ખોટું પણ નથી. હું મુસ્લિમ હોવાથી મુસ્લિમ સમાજની વચ્ચે રહું છું. મને ઘણીવાર કેટલીક વસ્તુઓ જોઈને અફસોસ થાય છે. મારા પોતાના નજીકના એક સગા મારા ઘેર બેઠા હતા. ટી.વી. પર મેચ ચાલતી હતી. પાકિસ્તાનના કોઈ ખેલાડી જીતે તો તાળીઓ પાડે. એટલે મારી દીકરીએ એમને કહ્યું કે આમ કેમ કરો છો ? તો કહે કે આપણો દેશ જીત્યો. તો મારી દીકરીએ કીધું કે આપણો દેશ જો તમે પાકિસ્તાન સમજતા હો તો તમારે પાકિસ્તાન જતા રહેવું જોઈએ. બહુ જ ફ્રેન્કલી એને કહી દીધું. આવા લોકો ઓછા હશે. પણ, નથી એમ આપણે કહી શકીએ એમ નથી. એને 'ઓવર એમ્ફેસાઈઝ' કરવામાં આવે છે. એને ઉઠાવીને એનો પ્રચાર બનાવવામાં આવે છે. પણ એ સાચું નથી એમ નહીં કહી શકીએ. મુસ્લિમોમાં પણ હવે એવું જ થઈ ગયું. એક વર્ગ આમ જ માનવા માંડયો. આ દેશમાં આપણું કોઈ સ્થાન નથી. આપણે આ જ રીતે સુખી થઈ શકીશું. ટકી શકીશું, બચી શકીશું, અને હિન્દુઓમાં પણ હવે એક વર્ગ એવો ઊભો થવા માંડયો કે જેના વિશે મુસ્લિમોની આવી વનસાઈડ છાપ ઊભી થઈ ગઈ. અને એ છાપ ભૂંસવા માટે આપણે પ્રયત્નો કરવાના છે. અને એ પ્રયત્નોમાં આ છે સૂફીવાદ.

હું ફરીથી એ મુદ્દો ભારપૂર્વક કહેવા માગું છું કે ઈસ્લામનું જે ખોટું ચિત્ર રજૂ થાય છે તે માટે મુસ્લિમો જ જવાબદાર છે. શાહીઈમામને પૂછશો તો એનો ઈસ્લામ આ જ છે. કટ્ટર ઈસ્લામ. કાફીરોની સામે આમ કરો, ફલાણું કરો, ઢીકણું કરો, મૌલાના આઝાદનું કુરાન કોણ વાંચે છે ? મુસ્લિમ લાઈબ્રેરીમાં મૌલાના આઝાદનું કુરાન તમને નહીં મળે. મૌલાના આઝાદનું ચિત્ર તમને કઈ મુસ્લિમ સંસ્થામાં જોવા મળે છે ?

આજે વૈદુદ્દીનખાન આટલા વર્ષે એક સારા મૌલવી મળ્યા. અસગરઅલીભાઈ પણ ખરા, કેટલા બધા અભ્યાસથી લેખો લખે છે કે દર અઠવાડિયે એમનો સુંદર ઈંગ્લિશમાં લખેલો અભ્યાસાત્મક લેખ મને મળે છે. પણ તે તેમને જાતે છાપીને મોકલવો પડે છે. કારણ કે અખબારો હવે બહુ છાપતાં નહીં હોય. અખબારો કયારેક કયારેક છાપે છે. પણ, એમની પાસે એટલું છે કે એમને જાતે છાપીને અખબારોમાં પ્રસાર કરવું પડે છે. વૈદુદ્દીનખાને સ્પષ્ટપણે કહ્યું કે આ ઈસ્લામ નથી. પટનામાં ઈસ્લામિક લાઈબ્રેરી છે. સારામાં સારી. એના બદર કરીને કોઈ લાઈબ્રેરિયન છે. તેમણે કહ્યું કે, ભાઈ કાફરની વ્યાખ્યા આ નથી. કાફર એટલે તમે કહો છો એ મુસ્લિમ ન હોય, એમ નહીં પણ, ઈશ્વરમાં ન માનનાર હોય, નાસ્તિક હોય, આવો હોય તેવો હોય એ કાફર. એની ઉપર મોરચા ગયા. એને બિચારાને પરેશાન કર્યો. હિન્દુસમાજમાંથી અનેક સ્વરો આવે છે. એમાંથી સર્વધર્મ આવે છે. ગાંધીવાદનો સ્વર આવે છે, સરદાર સ્મારક ટ્રસ્ટનો સ્વર આવે છે. જ્યારે મુસ્લિમ સમાજમાંથી એક જ આ ચાલ્યા કરે છે કટ્ટરતા અને પરિણામે છાપ એવી જ પડેને કે મુસ્લિમ સમાજમાં તો આ જ છે. મને મારા હિન્દુ કટાર લેખકમિત્રો ઘણીવાર પ્રશ્ન કરે કે હવે તો યાસીનભાઈ હદ થઈ ગઈ. તમારા મુસ્લિમભાઈઓ જે કરે છે તે કોઈ દેશમાં ચાલે નહીં. હું એમને એમ જ કહું તમારી વાત બિલકુલ સાચી છે. પણ તમે મુસ્લિમોની વચ્ચે બોલો તો ખબર પડે કે આમ મુસલમાન શું વિચારે છે ? મુસ્લિમોમાં પણ જ્ઞાતિઓ છે. આ કોઈ સમજતું નથી. મહેતા સાહેબે આ સૂફીવાદનું લખ્યું, હવે એક પુસ્તક એવું લખવાની જરૂર છે કે ભારતનો મુસ્લિમ સમાજ એ ખરા અર્થમાં, ઈસ્લામિક સોસાયટી નથી. ધેટ ઈઝ એ ઈન્ડિયન સોસાયટી. એમાં થોડોક ઈસ્લામનો કટ્ટરવાદ આવ્યો પણ જ્ઞાતિવાદ એટલો જ છે, જેટલો હિન્દુ સમાજમાં નથી એટલો જડ જ્ઞાતિવાદ મુસ્લિમ સમાજમાં છે.

અમારા સૌરાષ્ટ્રમાં વોરા, ખોજા, મેમણ ત્રણેની વચ્ચે કોઈ જાતનો મેળ પડે જ નહીં. મને યાદ નથી કે હું કોઈ વોરા ફંકશનમાં ગયો હોઉં. અને કોઈ વોરા ધર્મ સંસ્થાન મેં જોયું હોય. વોરા લોકોની મસ્જિદ જ જુદી. મેમણોની પોતાની મસ્જિદ જુદી. મેમણોની કેટલીક મસ્જિદમાં પાટિયું મારી દીધું છે, અહીંયાં વહાબીઓએ આવવું નહીં. અહીંયાં શિયાઓએ આવવું નહીં. અહીંયાં ઘૂસવાનું જ નહીં. ખુદાનું ઘર- એમાં ઈસ્લામ કહે છે કે એમાં કોઈ પ્રતિબંધ નથી. પણ મુસ્લિમો કહે

છે કે પ્રતિબંધ છે. હું પોરબંદર જ્યારે પહેલીવાર ગયો, શું થયું ? મુસ્લિમોમાં ખત્રી હોય છે, મુસ્લિમોમાં ધોબી છે, મુસ્લિમોમાં વાળંદ છે. મુસ્લિમોમાં ગામેતી છે. મુસ્લિમોમાં વાઘેર છે. બધી જ જ્ઞાતિઓ મુસ્લિમોમાં છે. ભારતમાં અને મંડલપંચની યાદીમાં પચાસથી સો જેટલી જ્ઞાતિઓ મુસ્લિમ છે. હું પોરબંદરમાં એક ખત્રી મુસ્લિમના ઘરમાં ભાડે રહ્યો અને તરત જ ખત્રી સમાજમાં હોબાળો થયો. પોરબંદરમાં એક મુસ્લિમ મદ્રેસા છે. વિકટોરીયા જ્યુબિલી મુસ્લિમ મદ્રેસા. આમ કહેવાય મુસ્લિમ મદ્રેસા. વર્ચસ્વ મેમણોનું. ખત્રીઓને ઘૂસવા જ ન દે. એટલું જ નહીં તેઓ ખત્રીઓનું અપમાન કરે કે તમે મીઠાભાત છો, મીઠાભાત. તમારામાં અક્કલ નથી. એટલે ખત્રીએ એક મેમણને મકાન આપ્યું. એટલે અમારા જે મકાન માલિક હતા એની સામે હોબાળો થયો. એટલે હું સમજી ગયો. એક દિવસે એ કાકાએ આવીને કહ્યું કે, દલાલ માફ કરજો પણ, હું મુશ્કેલીમાં આવી ગયો છું, મારા સમાજમાં. મેં કહ્યું : હું સમજું છું. હું બ્રાહ્મણના ઘેર ભાડે જતો રહીશ. મેં બ્રાહ્મણનું ઘર ભાડે લીધું. બધી વાત થઈ ગઈ. પછી મેં એમને પ્રશ્ન પૂછયો કે તમે મારી જ્ઞાતિ કે ધર્મ પૂછયો નહીં. તો કહે કે મારે જાણવાની જરૂર નથી. મેં કહ્યું કે હું મેમણ છું. મુસ્લિમ જ્ઞાતિ. તો કહે કે તમે ફલાણા એક હિંદુ જ્ઞાતિ નથી ને ? તમે એ ના હોવ તો મકાન આપું. "ધીસ ઈઝ ઈન્ડિયા" આ હિન્દુ સમાજ છે. આ મુસ્લિમ સમાજ છે. એક મુસ્લિમે ખત્રીનું ઘર હતું એટલે મકાન ખાલી કરાવ્યું. અને મેં મકાન ખાલી કર્યું અને રાજકોટ આવ્યો ત્યારે છેલ્લો ઉપદેશ આ જ આપ્યો કે ફલાણી નાતથી ચેતજો. આ વાત એક બ્રાહ્મણ કહે છે, કોઈ મુસ્લિમ નથી કહેતું. આ કેટલીક વસ્તુઓ મુસ્લિમ સમાજમાં છે એ આપણે જાણતા નથી. અને મુસ્લિમોમાં એકતા છે, એમ કહેવાય છે, એકતા હોત તો સુખી થઈ ગયા હોત. એકતા છે એ નેગેટીવ જ છે. સલમાન રશ્દી સામે ઠરાવ કરવો હોય તો બધા ભેગા થઈ જશે. પણ મેં એક મીટીંગ બોલાવી, પોરબંદરમાં મહિલા કૉલેજ કરીએ. કોઈ ના આવ્યું. પેલા મદ્રેસાના ટ્રસ્ટીને હું મળ્યો કે મારે આવી કૉલેજ કરવી છે, મારે મુસ્લિમ કન્યાઓને ભણાવવી છે. તો કહે હું તો આ મદ્રેસા પણ બંધ કરી દેવાનો છું. બીજી હિન્દુ જ્ઞાતિઓમાં નાગર કે પટેલમાં જેવી એકતા છે એવી એકતા મુસ્લિમોની કોઈ જ્ઞાતિમાં નથી. બલકે ઘણીવાર તો સહન કરવું પડે. તમારો એક મુસ્લિમ સારા હોદ્દા ઉપર હોય તો બીજા મુસ્લિમને ઈર્ષાભાવ હોય. આવું પણ અનેક કિસ્સાઓમાં છે. એટલે જે સમાજ ભારતમાં છે તે ભારતીય છે. ભારતમાં સમાજનાં બધાં દૂષણો છે તો, સદ્‌ગુણો પણ છે. બધામાં કટ્ટરતા

નથી. પણ સમસ્યાને આપણે એ રીતે જોતા જ નથી. બલકે કયારેક સમભાવને કારણે જોઈએ છીએ. સમભાવ સારો છે પણ, સમજ્યા વગરનો સમભાવ નુકસાન કરે છે.

મારું કોઈ સંતાન હોય, બાળક હોય અને એ નાદાનિયતથી પણ જો સાચી વાત ન સમજતો હોય તો મારે એની સાથે કઠોર થવું પડે. ભારતનો કોઈ નાગરિક એમ કહે કે મારે 'વંદે માતરમ્' નથી ગાવું તો એને ભારતના કાનૂન મુજબ શિક્ષા જ કરવી પડે. એ ચાલે જ કેવી રીતે ? મારો અહીંયાં પરિચય કરાવતાં જ મેં નમસ્તે કર્યા. આ છાપામાં આવે એટલે પચાસ મુસ્લિમો કાગળ લખશે. 'સાધના' ભાજપનું એક મુખપત્ર છે. એણે મને આમંત્રણ આપ્યું કે તમે દિવાળી અંકમાં એક લેખ લખો. મેં લેખ લખ્યો. મથાળું બાંધ્યું કે 'મને હિન્દુ ઈથોસ માન્ય છે. 'કારણ કે, કોઈપણ દેશમાં ઈથોસ હોય છે. સંપ્રદાય જુદી વસ્તુ છે. લોકાચાર જુદી વસ્તુ છે. હું કોઈ મળે ને નમસ્તે કરું એ સંપ્રદાય નથી. પણ, એ લોકાચાર છે. મારા ઘણા હિંદુ મિત્રો કાગળ લખે છે, તો મને જનાબ યાસીનભાઈ લખે છે. આ પણ લોકાચાર છે, અને મને માન્ય છે. સાંપ્રદાયિકરણ માન્ય નથી. 'સાધના'માં મેં સ્પષ્ટ લખ્યું, હિન્દુ કટ્ટરતાવાદને પણ વખોડી કાઢયું. પણ મારા મુસ્લિમ મિત્રોએ એ વાત નજર અંદાજ કરી લીધી. તમારો લેખ 'સાધના'માં આવે જ કઈ રીતે ? તમે લોકાચારને નામે નમસ્તેને માન્ય કેમ કરી શકો ? એટલે મેં એમને કહ્યું : "ઉપલેટામાં મેં એક સંસ્થા શરૂ કરેલી. એમાં જ્યારે નામો આવે કોઈનાં તો સ્વાભાવિક છે કે આપણા દેશમાં નામ આગળ શ્રી આવે. એટલે આપણે લખ્યું ખજાનચી શ્રી મહંમદભાઈને કે ફલાણાને નિયુકત કરીએ. એક ભાઈ ઊભા થયા. તમે 'શ્રી' શબ્દ શું કામ વાપર્યો ? હિન્દુ ધર્મનો શબ્દ છે. એટલે 'મને ઓન ધ સ્પોટ' સૂઝી આવ્યું કે આનો જવાબ શું આપવો ? મેં એમ કહ્યું કે, આપણે મિસ્ટર રાખીએ તો ? કહે મિસ્ટર બરાબર છે. તો મેં કહ્યું કે જો મિસ્ટર લખવાથી ખ્રિસ્તી નથી થઈ જવાતું તો શ્રી લખવાથી હિન્દુ કયાંથી થઈ જવાય ? તો આવી ગેરસમજોથી પ્રેરાઈને થોડી નફરત, થોડી ગેરસમજ, નાદાનિયત આપણે કાઢવી જ પડે અને એ કાઢવામાં જરૂર પડે તો કડક થવું પણ પડે. જો ભારતમાં મુસ્લિમ કોમવાદ સામે કડક થઈએ, સરકાર કડક થાય તો અંતે એ મુસ્લિમ સમાજના જ હિતમાં છે. અત્યારે જે એમને પંપાળવાનું જે એપિસમેન્ટનું જે ચાલ્યું છે તે એપિસમેન્ટથી મુસ્લિમને કશો જ લાભ થતો નથી. ઈદેમિલાદની રજા મળે છે પણ એમને નોકરી નથી મળતી. એમને શિક્ષણ મળતું નથી. મુસ્લિમોને એપિસમેન્ટમાં નુકસાન

થયું. તુષ્ટિકરણથી મુસ્લિમોને નુકસાન થયું છે. આ માટે હું તો આજના રાજકારણીઓ ઉપર ખુલ્લો આરોપ મૂકું છું, કે એમણે ષડયંત્ર કરી ભારતની લઘુમતીઓને અને એમાં ખાસ કરીને મુસ્લિમોને પછાત રાખ્યા છે. જેથી એ શિક્ષિત ન બને. શિક્ષિત બને તો એમાં વ્યકિતવાદ આવે. એ ઈસ્લામને સમજવા માંડે. અને એ ઘેટાં, બકરાંની જેમ મત કયાંથી આપે ? તો એમની મતબેંક તૂટી જાય. એટલે વ્યવસ્થિતપણે મુસ્લિમ સમાજ કેમ પાછળ રહે, એનું ધ્યાન રખાય છે.

એટલે આપણે જ્યાં સુધી સેકયુલારીઝમને સાચા અર્થમાં નહીં સમજીએ અને એના મૂળમાં જઈને નહીં સમજીએ અને આપણા રાજકર્તાઓને સમજવાની ફરજ નહીં પાડીએ ત્યાં સુધી સુધરવાના નથી. પ્રજાશકિત સુધારી શકશે. અને જ્યાં સુધી આપણે પ્રચંડ લોકમત દ્વારા રાજકર્તાઓને ફરજ નહીં પાડીએ કે હવે તમે આ સેકયુલારીઝમને નામે મંદિર-મસ્જિદની રમત બંધ કરો. મતપેટી, વોટબેંકનું રાજકારણ બંધ કરો. અને દેશના ખરેખર હિતની ચિંતા કરો અને જ્યાં સુધી રાજકર્તાઓને સુધરવાની ફરજ નહીં પાડીએ ત્યાં સુધી આ બખડજંતર ચાલશે. અને પ્રજા તો જેમ જીવે છે તેમ જ જીવતી રહેશે. મેં કહ્યું તેમ કોમી એકતાનો પ્રશ્ન પ્રજાકીય સ્તરે નથી. પણ, એ તો લોકો ખાલી એકબીજા સાથે હળીમળીને રહે એટલા પૂરતું જ મર્યાદિત છે. દેશનો વિકાસ તેથી થઈ જતો નથી. માત્ર શાંતિથી દેશનો વિકાસ નહીં થઈ જાય. કોમી એકતાથી બધું હાંસલ નહીં થઈ જાય. એનાથી આગળ જવું પડશે. કોમી એક્તા ઘણીવાર આભાસી પણ હોય છે. ઘણાં ગામો એવાં છે કે જ્યાં મુસ્લિમ અને હિન્દુઓ અલગ ચોકા બાંધી લે. અલગ પોતપોતાના વિસ્તારનાં પાટિયાં મારી દીધાં હોય. એકબીજા સાથે સંપર્ક જ ના હોય એટલે કોમી એકતા તૂટવાનો પ્રશ્ન જ ન હોય. આ એકતા નથી. પોતપોતાનું ગ્રુપ ઊભું કરી લેવું અને અથડામણમાં આવવું નહીં એ એક પ્રકારનો સંરક્ષણવાદ છે પણ આપણને ઉપયોગી નથી એટલે ખરેખર તો આપણે દેશનો સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક વિકાસ ઈચ્છતા હોઈએ તો આ બે કામ કરવાની જરૂર છે.

(અમદાવાદ ખાતે તા. ૨-૭-૯૪ના રોજ વસંત-રજબ શહીદ દિને યોજાયેલ ગુલામરસૂલ કુરેશી વ્યાખ્યાનમાં શ્રી ટી.યુ. મહેતાના પુસ્તક 'ઈસ્લામ(ધર્મ)નું રહસ્ય : સૂફીવાદ' નું વિમોચન કર્યા બાદ આપેલું વ્યાખ્યાન.)

# "બિનસાંપ્રદાયિકતાનો સાચો મર્મ"

**-પ્રો. જે. એસ. બંદૂકવાલા**

હંમેશા મારી કૉલેજમાં કહેવાય કે, જે બહુ સારી રીતે ભાષણ આપે એના પછી કોઈ વાર લૅકચર ના લેવું. કારણ કે, એના પછી જે લૅકચર લે એની હાલત બહુ ખરાબ થઈ જાય. મારી પહેલાં આ ત્રણ મહારથીઓએ ભાષણો કર્યાં. ત્રણેના મુદ્દાઓ આમ જોવા જઈએ તો અલગ અલગ હતા. યાસીનભાઈએ કોમવાદ ઉપર ભાર મૂકયો. અસગરઅલીભાઈએ ઈતિહાસ પર ભાર મૂકયો. અને મુરબ્બી યશવંતભાઈએ આધ્યાત્મિક વલણ તપાસ્યું. મને છેલ્લે આના ઉપર જવું છે : 'આપણે કરવું શું ?' અસગરઅલીભાઈની સાથે કેટલીક વખત મારી ચર્ચાઓ થાય કે આ કુરાનમાં છે, પણ મૌલાનાઓ ના કહે છે. અને પછી ગાડી તો ત્યાં ને ત્યાં જ અટકી જાય છે. તો હવે આપણે કઈ રીતે કરવું ? તંત્ર કઈ રીતે ચલાવવું ? જ્યારે બાબરી મસ્જિદની શહાદત થઈ તે વખતે અમેરિકાના એક પ્રોફેસર મારી સાથે હતા. એમને મેં ડાયરેક્ટ પૂછ્યું કે તમને ઑવરઑલ શું લાગે છે કે હિન્દુસ્તાન ટકી શકશે ? એણે બહુ વિચારીને જવાબ આપ્યો. એ માણસનો કેટલાં વર્ષોથી ઈન્ડિયા સાથે સંબંધ. મને અંગ્રેજીમાં કહે : "યુ વીલ જસ્ટ મડલ થ્રુ" "તમે માંડ માંડ નીકળી જશો " આના અંદરથી. પણ, તમને તકલીફ બહુ પડશે. હવે આ વાત સમજીને પછી એના ઊંડાણમાં ગયા. તો કહેવાનું આટલું જ હતું કે, તમે માનો છો એટલો હિન્દુસ્તાનની એકતાનો પ્રોબ્લેમ સહેલો નથી. "ઈઝ વેરી વેરી ડિફીકલ્ટ".

તમારા પાસે ઘણી સારી વસ્તુઓ પણ છે. હિન્દુસ્તાનમાં ઘણાં સારાં પાસાંઓ પણ છે. આપણા પાસે એવા ટૉપ લેવલના માણસો પણ તૈયાર થયા છે. કયા દેશમાં ગાંધીજી જેવા મહાત્મા પેદા થયા ? દુનિયામાં ૧૪૦ થી ૧૬૦ દેશો હશે. કયા દેશમાં એના રાષ્ટ્રપિતાએ પોતાની જાતનો ભોગ આપ્યો ત્યાંની લઘુમતીઓના માટે ? હિન્દુસ્તાનને બાદ કરતાં એવો કોઈપણ દેશ એવો નથી. ઝીણાએ કંઈ પોતાનો જાન ત્યાંના હિન્દુઓ માટે નહોતો આપ્યો. જ્યૉર્જ વૉશિંગ્ટને પોતાનો જાન ત્યાંના નિગ્રો માટે નહોતો આપ્યો. ત્યાં ગાંધી જ એકલા છે. એટલે હું ઘણી વખત કહું છું કે બીજા બધા ગાંધીને ભૂલી જશે પણ,

મુસલમાનો કોઈ દિવસ ગાંધીને ભૂલી જઈ નહીં શકે. આ શકય જ નથી. જે ભોગ ગાંધીએ મુસલમાનોના માટે આપ્યો છે એ ભોગ મુસલમાનો ભૂલી શકે જ નહીં. કારણ કે તે મુસલમાનોનાં લોહીના અંદર જ ઊતરી ગયું છે. ગાંધી અને ઝીણાનો જે ઝઘડો હતો એ ઝઘડાનો છેલ્લો દાવ ગાંધીજી દિલ્હીમાં જ રમી ગયા. ગોડસેએ એને મદદ કરી. અગર ગોડસેએ આ પગલું ન લીધું હોત તો ગાંધીજી અને ઝીણાનો ઝઘડો હજી લાંબો ચાલતે. પણ ત્યાં ઝઘડો પૂરો થઈ ગયો. ગાંધીજી જીતી ગયા, ઝીણા હારી ગયા. કારણ કે એ જે શહાદત થઈ એની અંદર ઝીણાની જે ટુ નેશન થીયરી જે હતી, એ જ દિવસે ભાંગી ગઈ. પણ, આપણે તો ગાંધીજીનું જે સ્વપ્ન હતું તે કઈ રીતે આગળ લાવવું એ પ્રોબ્લેમ છે. થોડા દિવસ પછી અમદાવાદમાં રથયાત્રા નીકળશે. એક ગાંડો માણસ પથરો ફેંકે અને જોતજોતાંની અંદર બે-ચાર લાશો પડી જશે. અમે તો વડોદરામાં જોયેલું છે. એ દશ વર્ષનો ગાળો અમારો બહુ ખરાબ ગયો. ૮૧ થી લઈને ૯૦ સુધીનો. હું માનું છું ત્યાં સુધી વડોદરા જેવા નાના શહેરમાં લગભગ ૫૦૦ માણસો માર્યા ગયા હતા એટલા અરસામાં, પાંચસો એમ કહેવું સહેલું છે. પણ, જ્યારે તમે જોવા જાઓ તો કેટલી બાઈઓ વિધવા થઈ ગઈ, કેટલાં બચ્ચાઓ બાપ વગરના થઈ ગયા. એ સ્થિતિ તમે જુઓ તો તમને કલ્પના પણ ન આવી શકે. જગદીશભાઈને (ભૂમિપુત્રવાળા) અમે બધા ત્યાં ફરીએ અને ત્યાંની સ્થિતિ અમારાથી જોવાય એવી નહોતી. તો એના પાછળનાં કયાં કારણો છે અને આપણે શું કરવું ?

હું પોતે મુસલમાન છું. મને કુરાનમાં પૂરેપૂરી શ્રદ્ધા છે, તસ્લીમા નસરીન ઉપરથી મારો એક લેખ લખાયો. મેં એમાં લખેલું કે, તસ્લીમા જો કુરાન બદલવાની વાત કરતી હોય તો પછી એના સાથે અમે રહી ન શકીએ. એક ભાઈનો વિરોધ થયો તમે એમ કેમ કહો છો ? તો મેં કહ્યું : ભાઈ જો, હું તો મુસલમાન છું. અને મુસલમાન તરીકે મને કુરાનમાં પૂરેપૂરી શ્રદ્ધા છે. અને જો શ્રદ્ધા ન હોત તો પછી હું મુસલમાન ન હોત. એટલે એ લાઈન તો મારી કલીયર છે. પણ, તેમ છતાં કુરાનના અને શેરિયતના અમલ કઈ રીતે થાય છે ? અસગરઅલીભાઈ કહે છે તે વાત બિલકુલ સાચી પણ, લોકો સુધી પહોંચાડવું કઈ રીતે ? મોટા મોટા આલીમો કેવી રીતે વર્તે છે ? આજે છાપાંઓમાં આટલું બધું આવ્યું કુરાન, તલ્લાકનું. વડોદરામાં એક ઘણા મોટા આલીમ છે, મૌલાના કમરુદ્દીન એમણે એનાં પત્નીને તલ્લાક કેવી રીતે આપેલી ? મૌલાના કમરુદ્દીનની માએ પાણી માંગ્યું. મૌલાનાની પત્નીથી જરાક ઢીલ થઈ હશે કે,

પોતાના કામમાં હશે. તેની માએ કંઈક બૂમ પાડી, "પાણી મંગતી હૂં દેતી નહીં હૈ." મૌલાના કમરુદ્દીનને ખરાબ લાગી ગયું. 'તું મારી માને પાણી નથી આપતી" ખલાસ, ગુસ્સામાં આવી ગયા, સજા કરી અને કહ્યું : "તલ્લાક તલ્લાક તલ્લાક." હવે આટલો મોટો આલીમ આવી રીતે કરે ? તેમનું સ્થાન ઘણું ઊંચું છે વડોદરામાં, તો પછી સાધારણ કોઈ માણસ આવી રીતે ગુસ્સામાં, કોઈ રિક્ષાવાળો બિચારો આખો દિવસ મહેનત કરી ઘરે જાય, ઘરે જઈને પૈસા માંડ માંડ વીસ પચ્ચીસ રૂપિયા કમાયો હોય અને બચ્ચાઓ પણ ઘણાં હોય, કોઈ નાનો અમથો ઝઘડો થઈ ગયો અને એના મોંમાંથી નીકળી ગયું ,"તલ્લાક તલ્લાક તલ્લાક" તો શું પેલી બાઈ ઘેર જાય ? તો જાય કયાં ? એનું ઘર જ નથી કોઈ, બાપને ત્યાં જઈ શકતી નથી. એની સ્થિતિ એવી નથી કે કંઈક કમાણી કરી શકે. છેલ્લે આ બાઈ જાય કયાં ? એટલે આ બધી વાતો આપણે કરીએ છીએ, સૈયદ શાહબુદીન કહે છે કે, ઔરતનું ધ્યાન બેતુલબાલમાંથી થશે. આજે બધા જાણે છે કે બેતુલબાલમાં રકમ નથી. છતાં સૈયદ શાહબુદીન એવો દાવો કરે છે કે બેતુલબાલમાંથી એનું ધ્યાન રાખવામાં આવે છે. એટલે આ એક જાતનું નાટક છે. અને બહાર આવીને હવે કહેવાની જરૂર છે કે ભાઈ આવું નાટક હવે બંધ કરો, બહુ થયું. કાયદા બરાબર સાચા; પણ એના પાળનારા કેટલા ?

આજે આપણા દેશની અંદર, એકેએક મિનિસ્ટરની સ્પીચ, ગાંધીજીનું નામ લીધા વિના પૂરી નથી થતી. તમે જોવા જાવ કે એમના વર્તનમાં કેટલું છે ? એ જ રીતે છે મહમ્મદ સાહેબનું. મુસલમાનો જે રીતે મહંમદ સાહેબનું જે આચરણ છે તે પ્રમાણે આચરણ થાય છે ? નથી થતું. એ જે રીતે વર્તન કરે છે એમાં ઘણો ફરક છે. પ્રેકટિકલ ને બીલીફ. બીલીફ એક વસ્તુ છે પણ, એકચ્યુઅલ પ્રેકટિકલની અંદર નથી થતું. એટલે હું તો ખાસ આપને અરજ એ કરું કે, પ્રેકટિકલ એન્ગલે જોઈએ કે, આ બિનસાંપ્રદાયિકતાને આપણે ચલાવવી કેવી રીતે ? સૌથી પહેલો સવાલ એ ઊભો થાય કે બિનસાંપ્રદાયિકતા એટલે શું ? ગાંધીજીની બિન-સાંપ્રદાયિકતા, એ નહેરુની નથી. નહેરુ બિનસાંપ્રદાયિકતાએ સરદાર પટેલની નથી. તમે ડેફીનેશનમાં જાવ તો રાધાકિષ્નનું પણ ડેફીનેશન અલગ છે. રાજાજીનું પણ અલગ છે. અડવાણીનું ડેફીનેશન એક આવશે. શાહબુદીનનું ડેફીનેશન બીજું આવશે. તો લેવું કંઈ રીતે ? વાત સાચી યાસીનભાઈની કે બિન-સાંપ્રદાયિકતાનો આખો વિચાર એ વેસ્ટર્ન આઈડિયા છે. હવે, એ વિચારને લીધા

વગર આપણી પાસે કોઈ રસ્તો જ નથી. આઝાદીને આવ્યે ૪૮ વર્ષ થશે, આઝાદીના એ જે વખતે આપણે નક્કી કર્યું કે આપણે બિનસાંપ્રદાયિકતાના રસ્તે જઈશું. તે વખતે કદાચ આપણે વિચાર્યું પણ નહીં હોય પણ એ જે ડિસીઝન બહુ ડિફિકલ્ટ હતું અને એનું ઈમ્પ્લીમેન્ટ કરવું એ વધારે ડિફીકલ્ટ છે. હું આર.એસ.-એસ.ના મિત્રોને કહું છું કે, સરદારે પોતે બિનસાંપ્રદાયિકતાના માટે પરમિશન શા માટે આપી ? નહેરુએ તો હા કહ્યું : કારણ કે, નહેરુનો તો આખો ઉછેર જ એ રીતનો હતો. ગાંધીજીની બિનસાંપ્રદાયિકતા આધ્યાત્મિક જેનો હમણાં યશવંતભાઈએ સારી રીતે ઉલ્લેખ કર્યો. પણ, સરદાર પટેલે શા માટે હા કહ્યું, કારણ કે, એ જાણતા હતા કે બીજો રસ્તો જ નથી હિન્દુસ્તાનમાં. પાકિસ્તાન પાસે પણ કોઈ રસ્તો નથી. આજે જે પાકિસ્તાન પીડાય છે કારણ કે એની આઈડેન્ટીટી જ નથી. એની એક જ આઈન્ડટીટી છે, હિન્દુસ્તાન વિરોધી આંદોલન ચલાવવું. એ ત્યાંનો કોઈપણ પ્રાઈમમિનીસ્ટર આવે, પ્રેસીડેન્ટ આવે, ડિકટેટર આવે, છેલ્લે એને ખુરશી ઉપર ટકવું હોય તો એને હિન્દુસ્તાન વિરોધી વલણ લેવું જ પડે, કારણ કે, એની કોઈપણ આઈડન્ટીટી નથી.

આપણો પ્રોબ્લેમ એ છે કે, આપણી આઈડન્ટીટી આપણા મહારથીઓએ આપી. પણ, આપણે એને હજી ઈમ્પ્લીમેન્ટ નથી કરી શકયા. એને ઈમ્પ્લીમેન્ટ કરવું પણ સહેલું નથી. આપણે સેકયુલારીઝમ પર જવું હોય તો શું શું કરવું પડશે ? તમને તરત જ આઈડિયા આવશે કે આ વસ્તુ બહુ ડિફીકલ્ટ છે. પણ, એ કર્યા વગર રસ્તો પણ નથી. મુસ્લિમો માંગણી કરે કે સલમાન રશ્દીની ચોપડી ઉપર પ્રતિબંધ મૂકો. બિનસાંપ્રદાયિકતામાં એ શકય છે ? જૈન ભાઈઓ કહે કે અમુક અમુક દિવસમાં કોઈપણ માંસ ના ખાય. એ બિનસાંપ્રદાયિકતામાં ચાલે જ નહીં. અગર માની લો કે, કોઈ આગળ આવીને કહે કે ના મારે તો ગૌ માંસ જ ખાવું છે, તો પછી બિનસાંપ્રદાયિકતામાં તમે ના ન કહી શકો. હમણાં કોઈ અમદાવાદનો માણસ કહે કે, ના મને તો સુવ્વરનું જ ગોસ ખાવું છે. તો મુસલમાનો ના ન કહી શકે. "ધેટ્ ઈઝ સેકયુલારીઝમ". એક વખત જો તમે નક્કી કરો કે, આ સેકયુલારીઝમ રાખવું છે તો પછી દરેકને હક્ક છે, તો હું એમ ના કહી શકું કે, મને આ વસ્તુ નથી ગમતી, એટલે તમારાથી આ થાય ના. આપણો એક મોટો પ્રોબ્લેમ કયાં છે કે, આ વસ્તુ હજી આપણે સ્વીકારતા નથી.

મુસલમાનો એવો દાવો કરે કે, આ રમઝાન મહિનાની અંદર હોટલો અને રેસ્ટોરન્ટો ચાલવી ન જોઈએ. એની વાત આપણે સાંભળવી ? એ કહે કે

ભાઈ, અમારા રોજા ચાલે છે એટલે બીજા લોકો પણ બહાર રસ્તા ઉપર કેબીનોની અંદર જમી ના શકે. એ ના ચાલે. હું મુસલમાન, હું મારા ઘરમાં ગમે તે કરું. પણ, બહાર આવું તો નાગરિક થઈ જાઉ. નાગરિકના કાયદા અને કાનૂનો મારે પાળવા જ પડે. પછી હું એમ કહું કે, ના હું મુસલમાન છું એટલે આ લાલ લીટી ઉપર હું નહીં જાઉ. ગ્રીનલાઈટના ઉપર જ ક્રોસીંગ કરીશ. એ તો કઈ રીતે ચાલે ? સેંકડો ગામોમાં મંદિરો અને મઝારોને સરકાર ખર્ચ આપે છે એનું મેન્ટેનન્સ આપણે કરી શકીએ ? આજે હું પોતે મુસલમાન છું. પણ, મારે કહેવું પડે કે, સરકાર હજયાત્રીઓને રકમ ન આપી શકે. સબસીડી ના અપાય. કઈ રીતે અપાય ? મારી પણ તમન્ના છે કે હું હજ પર જાઉ. પણ, મારે મારા ખર્ચે જવું. સરકાર એના બજેટમાં કઈ રીતે મૂકી શકે. તિરુપતિ કે જમ્મુના મંદિરનો ખર્ચ ગવર્નમેન્ટના બજેટમાં મુકાય ? લોકોને પોતાને જે કરવું હોય તે કરે તમારે જે કરવું હોય તે કરો. કોઈ કહે કે હું કોઈમાં નથી માનતો. તો એને છૂટ છે કે ના માન. કોઈ કહે કે મને આમાં માનવું છે, એને પણ છૂટ છે. જેને જે કરવું હોય તે છૂટ છે. "ધેટ્ ઈઝ ધ મીનીંગ ઑફ સેકયુલારીઝમ" અને તે લીધા વગર રસ્તો નથી. મુસલમાનોને સલમાન રશ્દીની બુક નથી ગમતી. હું પણ સામે ચાલીને કહું છું કે, બુક એકદમ ગંદી છે. પણ, છતાં મારાથી એમ ના કહેવાય કે, મારા મિત્ર પ્રોફેસરને વાંચવું છે તો એનાથી ન વંચાય.

મને તો આજે ખુશી એ થાય છે કે આવી એક મીટીંગ ગાંધીયન સંસ્થા તરફથી રાખવામાં આવેલી છે. આજે સવારે મારા મિત્રે કહ્યું કે તમે અંગ્રેજીમાં લખો તો કોણ વાંચે ? વાંચનાર કેટલા ? વાત બિલકુલ સાચી. એ વાત લોકો સુધી પહોંચતી નથી. પણ છેલ્લે આ વાતને બહાર લાવવી જ પડશે. કોઈપણ સરકારી ઉદ્‌ઘાટન થાય, મૌલવી કુરાનની કોઈ આયાત પઢી જાય. આ બાજુ કંઈક સંસ્કૃતના શ્લોકો ગવાય. પણ, જો સરકારી ફંકશન છે તો એમાં આ કઈ રીતે થઈ શકે ? સરકારી ઑફિસમાં આ કઈ રીતે થાય ? અમેરિકા એ રીતે બહુ રિલીજીયસ દેશ છે. પણ, સાથે સાથે સૌથી વધારે સેકયુલર દેશ છે. ધર્મ અને સ્ટેટ એમાં લાઈન એટલી મોટી પડી ગઈ છે કે, તમારે ત્યાં જે કરવું હોય તે કરો, સરકારી ખર્ચે કંઈ પણ ના થાય. સરકારી અમલદારો કંઈ પણ ના કરી શકે. સરકારી ઑફિસોમાં પણ કંઈ ન થઈ શકે.

ઈલેકશનમાં ધર્મનો ઉપયોગ થાય છે. શા માટે ? એમ કહેવું સહેલું છે, કે

રાજકારણીઓ બધા બદમાશ છે. આજે રાજકારણીની ફેવરમાં કોઈ બોલવા જાય તો મૂર્ખો કહેવાય. પણ, રાજકારણી શા માટે આ રીતે વર્તે છે ? કારણ કે, લોકો એવા છે. તમે એમ કહો કે શરદ પવાર બદમાશ કે ચીમનભાઈ બદમાશ કે, આ બદમાશ કે તે બદમાશ. પણ છેલ્લે આ બધા આવ્યા ક્યાંથી ? આપણામાંથી જ ને ? છેલ્લે લીડરો ચૂંટાય છે તો આપણામાંથી જ ને ? હવે, આ બધા ધર્મનો ઉપયોગ શું કામ કરે છે ? અડવાણી શું કામ કરે છે ? અડવાણી મોહમ્મદ અલી ઝીણા જ છે હિન્દુઓના. એની પર્સનલ લાઈફમાં ધર્મ જરા પણ નહીં હોય. પણ એ આ જાણે છે કે, આ વૉટ છે. ખુરશી ઉપર બેસવાનું છે. ખુરશીઓ ઉપર બેસે એટલે ગાડીઓ આવે. બંગલાઓ આવે, પોલીસવાળા સલામ કરે, કલેક્ટર ઊભો રહી ગયો હોય, પૈસાનું તો પૂછવાનું જ નહીં. એક નાનો એવો કોર્પોરેટર પણ આજે લહેર જ કરે છે.

આપણે છેલ્લે પબ્લિકને તૈયાર કરવી પડશે. પબ્લિક નહીં ખેંચાય તો રાજકારણીઓ પણ નહીં ખેંચાય. પબ્લિકના ઉપર આધાર છે. પબ્લિક એ રીતે કહેશે કે મને આ વસ્તુ ગમતી નથી. તમે ના કરો. એટલે ઓટોમેટીકલી બંધ થઈ જશે. કોઈપણ એડ્મિનિસ્ટ્રેશનમાં કમ્પ્લીટલી ઈમ્પાર્શાલિટી હોવી જ જોઈએ. જે આપણે ત્યાં નથી. આપણે બોમ્બેની અંદર બોમ્બ બ્લાસ્ટના સ્ટેટઅપો ચાલે છે. બરાબર છે. જે બોમ્બ ફેંકાયા હોય અને જેનાથી આટલા બિચારા નિર્દોષ લોકો બરબાદ થઈ ગયા, એ લોકોના સામે કેસ ચાલવો જ જોઈએ. પણ, સવાલ એ આવે છે કે આ બાજુ કેમ નથી ? સુરતના અંદર આટલું ભંયકર થઈ ગયું. હજુ સુધી એક પણ એફ. આઈ. આર. ફાટી નથી. બોમ્બેમાં અંદાજે પાંચસો એક માણસો ડિસેમ્બર અને જાન્યુઆરીમાં માર્યા ગયા. એમાં એક પણ એફ. આઈ.આર. ફાટી નથી. આ બિનસાંપ્રદાયિકતા ના કહેવાય. કૉલેજમાં છોકરાઓ ચોરી કરતા પકડાય અને એમાં કોલેજના પ્રોફેસરનો છોકરો હોય તો એના પર હાથ ફેરવીને કહીએ કે જા, જા, બેટા તું લખી નાંખ. તો પેલો બીજો જે આ કરતો હોય, ચોરી કરતાં પકડાય તો એને બહાર કાઢું એ ખોટું થઈ ગયું. પગલાં લેવાય તો બંને જણની સામે લો. અથવા કોઈના પણ સામે ન લો. લેવાં જ જોઈએ પગલાં. આજે જો અમેરિકા આગળ આવ્યું હોય તો તેનું કારણ એ છે કે ભલભલો માણસ હોય, પ્રેસિડન્ટ પણ હોય પણ જો કોઈ બાઈ ફરિયાદ કરે કે પ્રેસિડન્ટે મારા સામે આવું કર્યું તો તરત જ એના સામે કેસ સ્ટાર્ટ થઈ જાય. હવે એ સ્થિતિ આપણી થવી જોઈએ. સુરતના બનાવોની અંદર બહેનોની હાલત કેટલી

ખરાબ થયેલી ! આટલા બધા રિપોર્ટ બહાર પડયા. અસગરઅલીભાઈ અને ધનશ્યામભાઈના રિપોર્ટ છે, કેટલું ડિટેલ છે. હજુ સુધી ગુજરાત ગવર્નમેન્ટે એના પર જરા પણ કંઈ કામ કર્યું નથી. હું તો કહું છું કે, સુરત હંમેશના માટે બદસૂરત થઈ ગયું.

બીજો મુદ્દો લઈએ તો ટાડાનો. ટાડાની કલમ વપરાય છે કઈ રીતે ? આજે ગુજરાતના અંદર મારા અંદાજે છેલ્લા બાર મહિનાના પિરિયડમાં બાબરી મસ્જિદના બનાવ પછી અંદાજે ૫૦૦૦ કેસોમાં 'ટાડા' વપરાયેલ છે. એમાંથી લગભગ સાડા ત્રણ હજાર મુસ્લિમ છે. મને મારા ફ્રેન્ડસ પાસેથી આ ફિગર્સ આવ્યા હતા. ટુ થર્ડ મુસ્લિમ છે. અને એમાં પણ કયા કયા કેસીસ છે, કોઈ ચૌદ વરસનો છોકરો, કોઈ એંશી વરસના ડોસા, એના સામે આતંકવાદની કલમ વપરાય ? એ સુપ્રીમ કોર્ટમાં જઈ શકે ? ગરીબ માણસ સુપ્રીમ કોર્ટમાં કઈ રીતે જાય ? એનું ઘર બિલકુલ તબાહ થઈ જાય. હિન્દુઓનું કટ્ટરપંથીપણું ના ચાલે, મુસ્લિમોનું પણ કોમ્યુનાલીઝમ ના ચાલે. કાલ ઊઠીને શીખો કહે કે અમે આ નહીં ચલાવીએ તો એ પણ ના ચાલે. શીખો એમ કહે કે અમૃતસરની અંદર કોઈ બીડી ના પી શકે. એ ન ચાલે. બજરંગદળની, એવી માંગણી છે કે, અયોધ્યાની અંદર મુસ્લિમ પગ ન મૂકી શકે આ વિસ્તારના અંદર. એટલા માટે તો હું ખાસ કહું છું કે, એ બિનસાંપ્રદાયિકતા કહેવું બહુ સહેલું છે. પણ, એનો અમલ કરવો બહુ મુશ્કેલ છે. પણ, એના માટે આપણે લોકોનું માઈન્ડ બદલવું પડશે. અને એ જ્યાં સુધી નહીં થાય ત્યાં સુધી આપણે આ પ્રોબ્લેમોનો સામનો કરતા જ રહીશું. વખતોવખત આવાં હુલ્લડો થશે, કમનસીબે લોકો મર્યા પણ હશે. અને છતાંય આપણો દેશ ચાલે છે. અમેરિકામાં માનતા હતા કે, બાબરી મસ્જિદ પછી હિન્દુસ્તાન ટકી નહીં શકે. એમનું માનવું હતું કે, યુગોસ્લાવિયા તૂટી ગયું. સોવિયેટ યુનિયન તૂટી ગયું. એમ હિન્દુસ્તાન પણ તૂટી જશે. કારણ કે, હિન્દુસ્તાન પણ મલ્ટી લીંગવલ, મલ્ટી કલ્ચરલ, મલ્ટી રિલીઝયેશ છે.

હિન્દુસ્તાન નથી તૂટયું એનાં કારણો છે. આપણ લોકોના અંદર, સામાન્ય લોકોના અંદર, સદ્‌ભાવ ઘણો છે. ઘણો મોટો છે. હું પોતે માનું છું કે, સૌથી વધારે કોમવાદ બંને બાજુ હિન્દુ હોય કે મુસલમાન હોય તમને પ્રોફેસરમાં જોવા મળશે, લૉયરોમાં જોવા મળશે, ડૉકટરોમાં મળશે. તમે જેમ નીચે જશોને એમ કોમવાદ પણ ઓછો થાય છે. તમે ચાવાલાની પાસે જાઓ કે, પાનવાલાની પાસે જાઓ કે,

કોઈ લારી ફેરવતો હોય એનામાં નહીં મળે. એ બધા સાચા અર્થમાં હિન્દુસ્તાનીઓ છે. એમનામાં કટ્ટરપંથીપણું નથી એનું શું કારણ ? શું આપણી એજ્યુકેશન સિસ્ટમમાં કંઈ ખરાબી છે ?

એક બીજો મુદ્દો લઈ લઉ પ્રેસનો. પ્રેસનો રોલ ઘણો મોટો છે આના અંદર. કમનસીબે આપણે ત્યાં બે ટાઈપની પ્રેસ છે. રિસ્પોન્સીબીલ પ્રેસ ઈલ્મોનલ પ્રેસ અમુક પ્રેસનો રોલ પોઝીટીવ છે એમાં ખાસ કરીને ઈંગ્લીંશ પ્રેસનો રોલ "ઈવન સ્મોલર પ્રેસ ઈઝ લાઈક" ભૂમિપુત્ર છે, નયામાર્ગ છે. પણ ગુજરાતી લેન્ગવેઝ પર આવો, સરકયુલેશન વૉર છે. તમે એડિટરોને મળો, કહેશે કે, હું શું કરું, હું જરાપણ ઢીલ કરીશ તો પેલા સામેવાળાનું સરકયુલેશન વધી જશે. અમારા વડોદરાની અંદર ટક્કર ચાલે સંદેશ અને ગુજરાત સમાચારની અમદાવાદમાં પણ એવું જ હશે. હવે એ ટક્કરના અંદર છેલ્લે ભોગ કોના લેવાય છે ? ગરીબ માણસના. કારણ કે, હુલ્લડ તો થઈ જાય. લોકોને ઉશ્કેરે. નાની વસ્તુ હોય અને એને હેડલાઈન આપી દે. અને છતાં હું કહું છું કે, જો સેકયુલારીઝમને આપણે જીતાડવી હોય તો ફ્રી પ્રેસ રાખવી જ પડશે. ભલે ગુજરાત સમાચાર કહો કે, સંદેશ કહો કે, બીજાં પેપરો કહો. એ ખોટું પણ કરે. છતાં સરકારી પ્રતિબંધ ના આવવો જોઈએ. કોઈ દિવસ ના આવે. ખરો રોલ પ્રેસ કાઉન્સિલનો છે. કમનસીબે, પ્રેસ કાઉન્સિલે જે રીતે એકટીવ થવું જોઈએ એ રીતે પ્રેસ કાઉન્સિલ એક્ટીવ નથી.

ઈલેકશનની અંદર ધર્મનો ઉપયોગ થવો ન જોઈએ. જે ધર્મની વાત કરે એ તરત જ Disqualify થઈ જાય. મારાથી એમ ના કહેવાય કે હું મુસ્લિમ છું એટલે મને વૉટ આપો. ઈલેકશન એ ડૅમોક્રેસીનો મૂળ પાયો છે અને ડેમોક્રેસીની અંદર આવો ધાર્મિક ઉપયોગ થાય એમાં દેશને ખતરો છે. બીજો એક મુદ્દો ઊભો થાય છે કે, આપણા ધાર્મિક અગ્રગણ્યોનું શું કરવું. સાધુ, સંતો, બાવાઓ, મૌલાનાઓ એને આટલું બધું મહત્ત્વ અપાય ખરું ? મોરારીબાપુની દીકરીની શાદીમાં સોળ લાખ રૂપિયા ખર્ચાયા એ વાત લોકોમાં ફેલાવી જોઈએ. લોકોએ જાણવું જોઈએ કે આવું પણ થાય છે. એક બાજુ તમે સાદાઈની વાત કરો, પણ અમલનું શું ? અમારા મુસલમાનોમાં પણ એવું છે. પયગંબર સાહેબે પોતાની દીકરીની શાદી બિલકુલ સાદાઈથી કરાવેલી. પણ છતાંય આ મુસલમાનો આટલો બધો ખર્ચ કઈ રીતે કરે છે ? તમને નવાઈ લાગશે કે છોકરીઓની ફી આપવાના પણ પૈસા ન હોય પણ, મુસલમાન ઘરોમાં તમે જાવ તો શાદીમાં અને

મુશાયરામાં ખર્ચવાના પૈસા નીકળે જ. મુસલમાનોએ પણ બદલાવું પડશે. તમે એક બાજુ કહો કે સાદાઈ, તમે અલ્લાને યાદ કરો, ફાતેમાને યાદ કરો, એની શાદીના અંદર એટલી સાદાઈથી થયેલી તો પછી તમે તમારી પ્રેકટિકલ લાઈફમાં લો. કેમ ના લેવાય ? મને આજે ગૌરવ છે કે મારી પોતાની શાદીની હમણાં અમે સિલ્વર જ્યુબિલી મનાવીએ છીએ. મારી પોતાની શાદી, એ વખતે પચ્ચીસ વર્ષ પહેલાં એકદમ સાદાઈથી થયેલ. હું અમેરિકાથી આવેલો અને મારાં લગ્ન થયાં, અને મારા કાકા મુંબઈના મેયર. કાકા ઈશાકભાઈને છોકરા નહીં. ઈશાકભાઈને તો એમ કે બંદૂકવાલાના ઘરનો છોકરો અને શાદી તો તાજમહાલ હૉટલમાં જ થવી જોઈએ. તો એ વખતે હું નાનો. મેં કહ્યું : તમે શાદી રાખો, તમે ફગ્શન કરો, પણ હું નહીં આવું. મેં ના થવા દીધું. અને એ રકમ લઈને ચેરિટીમાં આપેલી. આજે મારા ઘરની અંદર વાત કરું કે, બધા મને મૂર્ખો કહે છે, અને આજે સિલ્વર જ્યુબિલીના માટે મારા ઘરનાં એક મહિનાથી પાછળ પડેલાં છે કે તે વખતે નહોતું કર્યું, પચ્ચીસ વર્ષ પહેલાં તો આ વખતે સિલ્વર જ્યુબિલીના અંદર ખર્ચ કરવો જ પડશે. પણ, આ બધી વસ્તુ આપણા સમાજમાંથી જતી નથી. લોકોને ભેગા કરવા, હોહા થાય, બેન્ડવાજાં વાગે, પણ મેં તેમને કહ્યું કે એ પૈસા છોકરાઓને સ્કૉલરશિપના માટે આપો.

અમુક વખતે કડવી વાત કહેવી એ લોકોને ગમતી નથી. પણ, મને લાગે છે કે, હવે કહેવી જોઈએ. મુસ્લિમોની મદ્રેસા સિસ્ટમ લો. આપણે બધા કહીએ છીએ કે મુસ્લિમોમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. કબૂલ્યું, આજે ગુજરાતમાં ૧૨૦ મુસ્લિમ સ્કૂલો છે માંડ ત્રણ સ્કૂલોને બાદ કરતાં કોઈ પણ સ્કૂલનું પરિણામ એસ. એસ. સી.માં કે હાયર સેકન્ડરીમાં પંદર વીસ ટકાથી ઉપર આવે તો બહુ થઈ ગયું. ભરૂચ જિલ્લાની અંદર તો કેટલી સ્કૂલો એવી છે કે તેનું ઝીરો ટકા રિઝલ્ટ સતત આવે છે. બધા ફેલ થયા. તો છોકરાઓના ભવિષ્યનું શું ? મુસ્લિમ બાળકોને બે થી અઢી કલાક મદ્રેસામાં જવું પડે. કમ્પલસરી. મદ્રેસાની અંદર સાચું ઈલમ આપતા હોય તો વાત બરાબર છે. હું પણ કબૂલ કરું કે જવું જ જોઈએ. પણ આજે ૯૯% મદ્રેસાઓના અંદર ઈલમ એવી રીતે અપાય છે કે, એક ઉસ્તાદ બેસેલા હોય, ડંડી હોય, લાકડી હોય "બેઠ, પઢ જલ્દી, પઢ જલ્દી, પઢ પઢ" હવે આ કંઈ એજ્યુકેશન ના થાય એના અંદર. તો છોકરાઓ ગોખણપટ્ટી કરે. બે અઢી કલાક સુધી છોકરો ત્યાં બેસે. પછી ઘરે જાય થોડો નાસ્તો કરે, અને સીધા સ્કૂલે જાય.

સ્કૂલે છ-સાત કલાક બેસે. પાછી ગરીબી. છોકરીઓ હોય તો ઘરનું કામ કરવું પડે. છોકરાઓ હોય તો ગરીબીના લીધે નોકરી કરવી પડે. ચાની લારી હોય. આવા વાતાવરણમાં આ ગરીબ છોકરો ભણે કઈ રીતે ? આટલા વખતથી હું કહ્યા કરું છું. મદ્રેસા સિસ્ટમ બદલવી પડશે. તરત જ ત્યાં તો ઉહાપોહ થઈ ગયો મારા સામે. "અમે તો માનતા હતા કે બંદૂકવાલા મુસ્લિમ લીડર છે, આ તો કાફીર નીકળ્યો." મારા સામે એક વંટોળ ઊભો થયો. મારા એક લેખમાં મેં આટલું જ લખ્યું કે, જો તમારા પાસે ચોઈસ હોય ઉર્દૂનો અને વિજ્ઞાન ને ગણિતનો તો તમે તમારા છોકરાને કયો સબજેક્ટ આપશો ? તો કહે "ઉર્દૂ તો અપની ભાષા હૈ, વહાં તો જાના હી પડેગા". બરાબર છે ઉર્દૂ ભણાવો પણ, છોકરાની લેવલ થયા પછી. પણ તમે સાથે કહો કે ઉર્દૂ ભી પઢના પડેગા અરબી ભી પઢના પડેગા અને પછી છેલ્લે લાઈન આવે મેથ્સ અને સાયન્સની તો છોકરાની દાંડી ગઈ !

મોટાભાગના મુસ્લિમ બચ્ચાઓ મ્યુનિસિપલ સ્કૂલોમાં જાય છે. કેમ કે, પૈસા નથી. ગરીબી ઘણી છે. અને મુસ્લિમ પ્રાઈમરી સ્કૂલો શહેરે શહેર ચલાવનારા મુસ્લિમ કોર્પોરેટરો જ હોય છે. ગ્રાઉન્ડ સારું હોય છે, ત્યાં ફેસિલિટી પણ સારી હોય છે. છતાંય ચાલતી નથી અને છોકરાઓ છોડી દે છે. પાયાની વાત કરીએ તો મદ્રેસા સિસ્ટમ બદલવી પડશે.

આજે તમે ત્રિપલ તલ્લાકની વાત કરો. ત્રિપલ તલ્લાક ખોટું જ છે. ત્રિપલ તલ્લાક કુરાનમાં નથી. હદીસમાં ઉલ્લેખ છે કે મોહમ્મદ સાહેબને જ્યારે ખબર પડી કે એક ભાઈએ આવી રીતે તલ્લાક આપેલી તો તે રોષે ભરાઈ ગયેલા કે, આ વસ્તુ ખોટી થઈ રહી છે. મેં આટલું જ કહ્યું કે 'આ ખોટું છે.' તમે નહીં માનો, મારા ત્રણ અંગત મિત્રોએ મારા સાથે લગભગ સંબંધો તોડી નાખ્યા. એક મિત્રે કહ્યું કે, હજરત સાહેબને આ વાત ગમી નહોતી. પણ એમ નહોતું કહ્યું કે "હું આ તલ્લાકને માન્ય રાખતો નથી." બસ, એ નહોતું કહ્યું તો તમારાથી એમ ના કહેવાય કે "તલ્લાક ન અપાય;" એ તો પુરુષનો હક્ક છે. મેં કહ્યું કે આ પુરુષનો હક્ક છે, પણ સ્ત્રીની હાલતનું શું ? તલ્લાક આપેલી સ્ત્રી જાય કયાં ? છોકરાઓ ઘણાં હોય, એકબાજુ મૌલવી કહે કે, "કુટુંબ નિયોજન કરના તો હરામ હૈ" બાપના પાસે જઈ ના શકે. છોકરાઓ ઘણાં હોય, છેલ્લે પોતાનું શરીર જ વેચે ને ! બીજું શું કરે ?

મુસ્લિમોએ ફેમિલી પ્લાનીંગ કરવું જ પડશે. મુસ્લિમોમાં આને પ્રોત્સાહન આપવું જ પડશે. પણ, આ વાત કરો તો વિરોધ થાય. અમે જે કામ કરી રહ્યા

છીએ એ બહુ કઠિન છે. આજે સુધારાવાદી મુસ્લિમ બનવું એ તો અમારું મન જાણે કે કઈ રીતે થાય છે. આજે જ્યારે લોકો સુધારાવાદી થાયને એટલે સલમાન રશ્દીનું નામ આવી જાય. તસ્લીમાનું નામ આવી જાય. હાથમાં પછી પેલું બીજું પાસું આવી જાય સિકંદર બખ્ત. મુસ્લિમ સમાજને છોડીને સામને ચાલ્યા ગયા.

આપણે જેના માટે ભેગા થયા છીએ ગુલામરસૂલ કુરેશીચાચા. એમનું સ્થાન ઘણું ઊંચું, પણ મુસ્લિમોમાં પૂછો તો આજે એમને કેટલા ઓળખતા હશે ? શા માટે નહીં ? આટલા મહાન જેની લગ્ન કંકોત્રી ગાંધીજીએ પોતાના નામે આપેલી. હવે આટલું બધું ઊંચું સ્થાન છતાં આજે તમે જઈને જમાલપુરમાં પૂછો કે,ગુલામ રસૂલ કુરેશી ચાચા કો કોઈ જાનતે હો ? જવાબ ના મળશે. કારણ એ છે કે, મુસ્લિમ પબ્લિક લાઈફની અંદર જ્યારે સુધારાની વાત કરે છે તો તરત જ એના સામે ચાર્જ આવે છે કે આ માણસ તો કાફીર નીકળ્યો. એમને બેસાડી દેવા બહુ સહેલું છે. હું તો બહુ નાનો કહેવાઉં. મારા ઉપર વાઝીબુલ કતલનો ચાર્જ આવી ગયો છે. વાઝીબુલ કત્તલ એટલે શું ? તમે એને મારી શકો છો. ખતમ કરી શકો છો. હવે આવી વાત થાયને તો અમારા જેવા મૂર્ખાઓ તો આગળ વધીને જાય અને સામનો કરી લે પણ ઘરવાળાઓનું શું થાય ? આજે મારા અંગત મિત્રો જાણે છે કે મારી વાઈફની જો તબિયત બગડી ગઈ તો આના લીધે. વખતોવખત ફોન આવ્યા કરે કે અમે આને મારી નાંખીશું. યહાંથી જશે તો મારી નાંખીશું. હું તો જવાબ આપું જ : મારી મોત તારા હાથે લખેલી હશે તો તારા હાથે મરી જઈશ. એટલે હું કંઈ મોતથી ગભરાતો નથી. પણ, પેલા ઘરવાળાઓ તો ગભરાય ને ? હવે આવા વાતાવરણમાં એ સુધારાવાદી વાત કરવી બહુ કઠિન છે. તમે વિચાર કરો કે આવી તલ્લાકની વાત મૌલાના કમરુદ્દીનને ધ્યાનમાં રાખીને મેં કહી. મેં કહ્યું : આટલા મોટા લોકો સમજતા નથી એટલે તલ્લાકનો ગેરઉપયોગ થાય છે. આમ તો બરોડાના સૌથી મોટા આલીમ છે. અને આલીમે એની વહુને તલ્લાક એટલા માટે આપી કે એની માને પાણી આપવામાં જરા ઢીલ થઈ ગઈ. તો પછી આ આવું કરે તો ગરીબ માણસ કરે તો ખોટું શું છે ? મેં કહ્યું કે, પાકિસ્તાનની અંદર આ પ્રથા નથી. તો કહે નહીં, "પાકિસ્તાન તો સાચા મુસ્લિમ દેશ નહીં હૈ." મારા સામે આ બચાવ થયો છે. મેં કહ્યું કે, ઈન્ડોનેશિયામાં છે, મલેશિયામાં છે ? તો કહે એ બધા સાચા મુસ્લિમ દેશો નથી. તો તમારે એકલા જ હિન્દુસ્તાનના અંદર સાચા મુસ્લિમ દેશ તરીકે બહાર આવવું છે ? બે મહિના ઉપર વડોદરામાં, અમદાવાદમાં, મુંબઈમાં સર્વે કરવામાં આવ્યો. મુસ્લિમ બહેનોને પૂછવામાં

આવ્યું કે, તમે આના ફેવરમાં છો ? તો "એન બ્લોક" અમે એનો વિરોધ કરીએ છીએ. પણ એમાં  તકલીફ કયાં છે કે તેઓ બહાર આવી શકતી નથી. પૂછવામાં આવ્યું તમારો શું અભિપ્રાય છે ? "અગેઈન્ટ્સ ત્રિપલ તલ્લાક" આ બહેનો ભણેલી નથી. પછી એને પૂછવામાં આવે કે મૌલાના કહે છે કે, 'આ બરાબર છે.' તો કહે, 'તો તો પછી અમારાથી કંઈ કહેવાય ના. બરાબર હશે.' સુધારવાદી મુસ્લિમોને સાચા પ્રોબ્લેમ ઉપર બોલવું જ પડે. અમે જો મુસ્લિમ પ્રોબ્લેમ્સમાં ના બોલીએ ને તો મુસ્લિમોમાં અમારો ક્રેડિબિલીટી ઝીરો થઈ જાય. અને મારી હાલત સિકંદર બખ્ત જેવી જ થવાની. મારે સિકંદર બખ્ત નથી થવું. એટલે જો મુસ્લિમ સમાજમાં પરિવર્તન લાવવું હોય તો મુસ્લિમોનો મારામાં થોડો ભરોસો તો હોવો જોઈએ કે આ માણસ આપણને વેચી નહીં દે. હું મુસ્લિમ વિસ્તારોમાં ફરું છું. બરાબર છાતી ઠોકીને બહાર જાઉં છું. મારો અલ્લા તો છે ને ! બહુ થઈ ગયું. હું તમારો સામનો કરી લઈશ.

વિનંતી કરું કે, તમે એમને સમજો. તમે અમારું એક સ્ટેટમેન્ટ આવે ને કે, આ ટાડાની વસ્તુ ખોટી છે તો તમે એમ ના કહી દો કે આ બંદૂકવાલા તો કોમવાદી નીકળ્યા કે મુસ્લિમ પ્રશ્ન પર કેમ બોલે છે ? પણ જે સાચી વાત હોય એ અમે જો નહીં બોલીએ તો અમારી ક્રેડિબિલિટી મુસ્લિમોમાં ઝીરો થઈ જશે. અને અમે કંઈ પણ નહીં કરી શકીએ. યાસીનભાઈ પણ ન કરી શકે અને અસગરઅલીભાઈ પણ નહીં કરી શકે.

મુસલમાન કોમનાં છોકરા-છોકરીઓ શિક્ષણમાં આગળ વધે, કોમ પોતાના વેપાર ધંધા વધારીને હિંદુભાઈઓ જોડે વધારે સંબંધો વધારે, સામાજિક રીતે પ્રગતિ કરે, અને અમેરિકામાં જે રીતે યહૂદીઓ ભળી ગયા છે તેમ મુસ્લિમો આ સમાજમાં એક રસ થઈ જાય તો તેમાં રાષ્ટ્રને, સમાજને અને મુસલમાન કોમને પણ વધારે ફાયદો જ થવાનો છે.

(૨-૭-૯૪એ અમદાવાદમાં મળેલ કોમી એકતાના સંમેલનમાં આપેલ વ્યાખ્યાન)

J.S. BANDUKWALA

# રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનાં પોષક પરિબળો

**શ્રી અસગરઅલી એન્જિનિયર**
નિયામક, ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈસ્લામિક સ્ટડીઝ, મુંબઈ

હમણાં તમે યાસીનભાઈનું સુંદર વકતવ્ય સાંભળ્યું. જોકે એમની ઘણી વાતો સાથે હું સહમત નથી. પરંતુ આ જ રીતે સંવાદ ચાલતો રહેવો જોઈએ. હમણાં અહીં શ્રી ટી.યુ. મહેતાસાહેબની પુસ્તિકા 'ઈસ્લામનું રહસ્ય : સૂફીવાદ'નું વિમોચન થયું. શરૂઆતમાં હું એ વિશે જ વાત કરીશ. સૂફીવાદ એ ઈસ્લામની સુંદર ભેટ છે. એ સર્વવિદિત છે કે દરેક ધર્મના અલગ અલગ સંદર્ભો, ભિન્ન ભિન્ન હિતો અને જુદી જુદી વિચારધારાઓને દૃષ્ટિ સમક્ષ રાખીને તે મુજબના અર્થઘટન થઈ શકે છે અને દુનિયાનો કોઈ ધર્મ આ બાબતથી બચી શકયો નથી. કદાચ અનેક લોકોને ખ્યાલ નથી કે ઈસ્લામમાં પણ એક-બે નહિ, સેંકડો સંપ્રદાય છે. એમાં પણ હિંદુ ધર્મ જેટલી જ વિવિધતા છે. જો અભ્યાસ કરીએ તો ખ્યાલ આવે કે ઈસ્લામના દ્વિતીય સૈકામાં જ તેના સેંકડો સંપ્રદાય અસ્તિત્વમાં આવી ચૂકયા હતા. એમાંના કેટલાય તો એવા હતા કે જે એકબીજાના લોહીના તરસ્યા હતા ! એ લોકો બિનમુસ્લિમને 'કાફિર' નહોતા માનતા પણ અન્ય સંપ્રદાયના ઈસ્લામના અનુયાયીને 'કાફિર' માનતા હતા અને એમની કતલ કરવાનો ફતવો બહાર પાડતા હતા.

સૂફી ઈસ્લામની ચર્ચા કરું તે અગાઉ એક અન્ય બાબત પ્રત્યે અંગુલિનિર્દેશ કરવા માગું છું. એ બાબત આશ્ચર્યજનક છે કે ઈસ્લામમાં અત્યાચારોની શરૂઆત કટ્ટરપંથીઓએ નથી કરી પરંતુ રેશનાલિસ્ટો (બુદ્ધિવાદીઓ) દ્વારા થઈ છે. ઈસ્લામના પ્રથમ સામ્રાજ્ય ગણાતા ઉમનવી ખાનદાનની હકૂમત ખતમ થઈ અને એમણે જે કંઈ પગલાં ભર્યાં તે ઈસ્લામ વિરોધી હતાં. ઈસ્લામના ઉદય અગાઉ આરબોમાં જે રીતરિવાજ પ્રવર્તતા હતા તેને પુનર્જીવન આપવાની કોશિશ ઉમનવીઓએ કરી. એમાં એક માત્ર ખલીફા અબ્દુલ અઝીઝ એવા હતા કે જે ઈસ્લામના પાયાના સિદ્ધાંતોનો અમલ કરવા માગતા હતા. ત્યારબાદ અબ્બાસી સત્તામાં આવ્યા ત્યારે એમને મુતજેકોએ સાથ આપ્યો, જે ઈસ્લામના

ઈતિહાસમાં મોતેજલા કહેવાય છે. મોતેજલા 'રેશનલ' વાતો કરતા હતા. પરંતુ એમણે જ્યારે અબ્બાસીને સાથ આપ્યો ત્યારે જેઓ કટ્ટરપંથી ગણાતા હતા તેમના પર ભયંકર અત્યાચાર કર્યો. એમને જેલમાં પૂર્યા, દરરોજ કોરડા ફટકારતા. આની પાછળનું એક માત્ર કારણ એ હતું કે કટ્ટરપંથી 'રેશનલ' નહોતા. આજે મુસ્લિમ પંથોમાં જે ચિત્ર આપણા હિંદુસ્તાનમાં નજરે પડે છે એવું ઈસ્લામના પ્રારંભે નહોતું પરંતુ એ અંગે હું પછી થોડી વાત કરીશ.

ઈસ્લામમાં જે કટ્ટરવાદ ઝડપભેર ઊભરી રહ્યો છે તેના કારણોનું વિશ્લેષણ કરવું જોઈએ. હું એવું માનું છું કે જગતનો કોઈપણ ધર્મ હોય - ઈસ્લામ, હિંદુ, જૈન, બૌદ્ધ એ તમામમાં માત્ર ક્રિયાકાંડનું જ મહત્ત્વ રહી જતું જોવા મળે છે અને ધર્મનું હાર્દ વિસારે પાડી દેવામાં આવે છે. મેં થાઈલેન્ડ, દક્ષિણ કોરિયા કે શ્રીલંકા જેવા દેશોમાં જોયું છે કે બુદ્ધ ધર્મના જે રીતરિવાજો ત્યાં અપનાવાયા છે, તેને મહાત્મા બુદ્ધ સાથે કશી જ લેવાદેવા નથી. આવું બધા ધર્મો અંગે થતું જ રહે છે. શરૂઆતમાં જૈન કે બુદ્ધ ધર્મમાં મૂર્તિપૂજા, પૂજાપાઠ કે કોઈને ભગવાન માનવાનો કશો સવાલ જ નહોતો. આજે એ બધા વગર જાણે કે ધર્મનું અસ્તિત્વ જ નથી એવું બની ગયું છે. હવે એનો દોષ ધર્મને અપાય કે પામર ઈન્સાનને ?

દરેક ધર્મની શરૂઆત જે તત્કાલીન સ્થાપિત હિતો હતાં તેની સામેના વિદ્રોહમાંથી થઈ છે. બહુ ઓછા લોકો જાણે છે કે ઈસ્લામનો જન્મ ખરેખર તો આવા જ એક વિદ્રોહમાંથી થયો હતો. મક્કામાં મોટા વેપારીઓએ લાખો રૂપિયા જમા કર્યા હતા, અન્ય લોકો પર તેઓ અત્યાચાર કરતા હતા, તેમના વિરુદ્ધ બળવો થયો. કુરાનમાં એવી ઘણી બધી બાબતો છે કે જેમાં ધન-દોલત ભેગી કરવાની કડક આલોચના કરવામાં આવી છે. ધન ભેગું કરવાનું કૃત્ય એટલું બધું નિંદનીય ગણાયું છે કે જે મુસ્લિમ અરબી ભાષા જાણે છે, નિયમિત નમાજ પઢે છે તે કયારેય પૈસા પાછળ દોટ ન મૂકે. પરંતુ આજે સમગ્ર ઈસ્લામી દુનિયામાં પાકિસ્તાન, સાઉદી અરેબિયા, કુવૈત વગેરે સ્થળે મુઠ્ઠીભેર લોકો અત્યંત ધનવાન છે. તેમના હાથમાં બધી સંપત્તિ છે. કુરાન તો ત્યાં સુધી કહે છે કે આ પૈસો જે જમા કરો છો, વારંવાર ગણ્યા કરો છો તે જ નરકની આગ થઈને તમને બાળી મૂકશે. જેઓ ધન એકઠું કર્યા કરે છે, ગરીબો વચ્ચે નથી વહેંચતા તેને અલ્લાહ આકરી સજા કરશે. આમ હોવા છતાં પયગમ્બરના નિધન પછી માત્ર ૩૦ વર્ષમાં જ ધન-દોલતનું મહત્ત્વ વધવા લાગ્યું !

આજે આપણી સામે ધર્મની વિકૃત સ્વરૂપે રજૂઆતો થાય છે. ઈસ્લામ હવે અત્યારચારીઓ વિરુદ્ધ વિદ્રોહ રૂપે નથી રહ્યો. ઈસ્લામના ઉદય વેળા ત્રણ ધર્મો તેની સામે હતા : ખ્રિસ્તી ધર્મ, યહૂદી ધર્મ અને સબાઈ ધર્મ. આ ત્રણેય ધર્મની કોઈ નિંદા કુરાનમાં જોવા નહિ મળે. બલ્કે, એવું કહ્યું છે કે, 'અગર અલ્લાહ ચાહત તો આખી દુનિયાને એક જ ધર્મમાં માનનાર બનાવત. અલ્લાહે જ એવું નથી કર્યું અને તમને ભિન્ન ભિન્ન ધર્મમાં માનવાવાળા બનાવ્યા. આવી ભિન્નતા છતાં તમે બધાં શાંતિપૂર્વક રહી શકો છો કે નહિ, એકબીજાના સારા કામમાં સાથ આપો છો કે નહિ' વગેરે બાબતો કુરાનમાં જણાવી છે. અલબત્ત, અન્ય ધર્મોના પૂજારીઓ, પંડિતો, ગુરુઓ ખુદાએ જ મોકલેલા સાચા ધર્મોમાં વિકૃતિ આણીને તેને હાનિ પહોંચાડી છે એવું કુરાન શરીફમાં જણાવ્યું છે. કયાંય એવું નથી આવતું કે અમુક ધર્મ અયોગ્ય છે અને ઈસ્લામ જ સાચો ધર્મ છે. આપણે વિરોધ કરવો હોય તો માત્ર કર્મકાંડમાં માનતા અને અન્યધર્મીઓ પર અત્યાચારો કરતા કટ્ટરપંથીઓનો કરીએ.

ધર્મની સારપનો પ્રચાર સૂફી સંતોએ કર્યો છે. હમણાં જે પુસ્તિકાનું વિમોચન થયું તેમાં એક ખૂબ મહાન સૂફી સંત હઝરત નિઝામુદ્દિન ઓલિયાનો ઉલ્લેખ નથી. એમની મઝાર દિલ્હીમાં છે. ગાંધીજીએ જે સંદેશો વીસમી સદીમાં આપ્યો તે વાત ૧૫મી સદીમાં હઝરત નિઝામુદ્દિને કરી હતી. એમની દિનચર્યાની શરૂઆત જ ભજનથી થતી હતી અને દિવસ પૂરો થતો કવ્વાલીથી. એકવાર તેઓ ખુસરો સાથે સવારે જમુના નદી તરફ ફરવા ગયા. કેટલીક હિંદુ સ્ત્રીઓ સ્નાન કરીને સૂર્ય-નમસ્કાર કરી રહી હતી. તરત તેઓ બોલી ઊઠયા : 'ખુસરો, આ સ્ત્રીઓ પણ ખુદાની ઈબાદત કરી રહી છે. ઈશ્વરની ઉપાસના કરવાની તેમની રીત અલગ છે એટલું જ. અલ્લાહની ઈબાદતના એટલા બધા રસ્તા છે, જેટલા રેતીના કણો.... એટલે એક માર્ગને બીજા કરતાં ઉત્તમ ન ગણવો જોઈએ !' અને પછી એમણે કુરાન શરીફની આયાત સંભળાવી : 'અલ્લાહે દરેક માટે અલગ દિશા બતાવી છે. એ દિશા ભણી કરીને તે મારી ઈબાદત કરી લે છે. એટલે એ મુદ્દે ઝઘડો ન કરો અલ્લાહની ઈબાદત કેવી રીતે કરવી જોઈએ ?' હવે ખુસરો તો મહાન કવિ હતા, તેમણે તો તરત જ આ વાતને કાવ્યદેહ આપી દીધો ! હઝરત નિઝામુદ્દિન ઓલિયાનું મેં ઊંડાણથી અધ્યયન કર્યું છે. એમને ત્યાં રોજ હજારો ટાકા(રૂપિયા) આવતા. તેમાંથી તે દરેકને જમાડતા, ગરીબોને દાન આપતા, દરરોજ રોજા

રાખતા અને સાંજ પડયે રૂમાલ ઝાટકીને ઊભા થઈ જતા. આમ એક પણ ટાકો પોતાની પાસે સંઘરતા નહિ. પોતે ભૂખ્યા રહેતા, સાંજે સૂકી રોટી પાણીમાં પલાળીને ખાઈ લેતા. વળી, તેઓ સત્તાથી દૂર ભાગતા. એકવાર બાદશાહે કહેવડાવ્યું કે, ખુસરો સાથે નિઝામુદ્દિનને દરબારમાં લાવો. આવી વાત નિઝામુદ્દિનને કહેતાંય ખુસરો ગભરાય. એટલે એકવાર સહેજ ડરતાં ડરતાં વાત મૂકી : 'હુજૂર મને દરબારમાંથી કાઢી મૂકશે એટલે કાં તો આપ મારી સાથે દરબારમાં આવો અથવા બાદશાહ હુજૂર ખુદ અહીં આવવા ઈચ્છે છે તેમને આપને ત્યાં આવવા દો.' નિઝામુદ્દિને ખુસરોને ઉત્તર વાળ્યો : 'ખુસરો તને તો ખબર છે કે મારી દરગાહને બે દરવાજા છે. એક દરવાજેથી બાદશાહ અંદર પ્રવેશશે તો બીજા દરવાજેથી આ ફકીર બહાર ભાગી જશે.' નિઝામુદ્દિન સત્તાથી એટલા માટે દૂર ભાગતા કે સત્તાધીશો ધર્મનો દુરુપયોગ ન કરે. ફક્ત ખુદાની જ ઈબાદત કરતા. તમામ સૂફી સંતો આવી જ વિચારસરણી ધરાવતા હતા.

હમણાં યાસીનભાઈએ ઉલ્લેખ કર્યો કે કેટલાક મુસ્લિમ દોસ્તોને નમસ્કાર સાંભળીનેય ગુસ્સો ચડે છે. પંદરમી સદીમાં ઈરાનમાં એક કવિ થઈ ગયા તેમનું નામ હાફિઝ. એમનો ફારસીમાં એક મશહૂર શેર છે. જેની એક પંક્તિ મને યાદ આવે છે : બા મુસલમાન અલ્લા અલ્લા, બા બરેહમન રામ રામ... એટલે કે મુસલમાનને મળો તો અલ્લા કહો, બ્રાહ્મણને મળો તો રામ રામ કરો. યાદ રહે કે હાફિઝ ઈરાનના હતા, ભારતના નહિ છતાં તેમણે આવી સુંદર વાત કરી છે. એ સાચા મુસ્લિમ હતા. નમસ્કાર, નમસ્તે, સલામ, આદાબ એ શબ્દો આદરસૂચક છે, કોઈ એક ધર્મના નથી. કોઈ શબ્દ સંસ્કૃત ભાષાનો છે કે અરબી ભાષાનો તેથી ફરક પડતો નથી. એવું જ શ્રી કે જનાબનું છે. હું મલેશિયા ગયો હતો ત્યાં જોવા મળ્યું કે દરેક નામ આગળ શ્રી શ્રી લખાય છે, એક વખત નહિ બે વખત મને જિજ્ઞાસા થઈ એટલે પૂછયું તો જાણવા મળ્યું કે આ સંસ્કૃત શબ્દ એમની ભાષામાં પણ છે. ઈન્ડોનેશિયાથી મલેશિયા શબ્દ આવ્યો અને દરેક મુસલમાન બેવાર નામ આગળ તે લખે છે. આ બધી ક્ષુલ્લક બાબતો છે જેને ધર્મ સાથે સ્નાનસૂતકનોય સંબંધ નથી અને છતાં કટ્ટરપંથીઓ રાજકીય કારણોસર આવી બાબતો ચગાવ્યા કરે છે.

મોયુદ્દિન અરબી એક મહાન સૂફી સંત થઈ ગયા. તમામ સૂફીઓને મન તે ગુરુ ગણાય છે. એમણે અરબીમાં એક સિદ્ધાંત આપ્યો : 'અસલ અસ્તિત્વ એક

માત્ર અલ્લાહનું છે, આપણે સહુ માનવોને એણે જ પેદા કર્યા છે એટલે સહુ સમાન છીએ. આપણી વચ્ચે કોઈ ભેદભાવ ન હોવા જોઈએ. (વહાદતુલ વુજદ = Unity of Being) આ એક ક્રાંતિકારી વિચાર છે જેનાથી તમામ ભેદભાવ નષ્ટ થઈ જાય છે. પછી કોઈ હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, શીખ વચ્ચે કશું જ અંતર જ નથી રહેતું. તમામ સૂફી આ વિચારસરણીને અનુસરે છે એટલે તેમને મન ભેદ નથી રહેતો કે આ હિંદુ છે કે આ મુસલમાન છે, આ ઉપાસના કરે છે કે આ ઈબાદત કરે છે.. નિઝામુદ્દિન ઓલિયા પણ કહી ગયા હતા કે, 'મેરા દિલ જો હૈ યહ એક મસ્જિદ ભી હૈ, યહ એક ગિરિજાઘર ભી હૈ, યહ એક મંદિર ભી હૈ, યહ એક યહૂદીયોં કી ઈબાદત કા ઘર ભી હૈ.' સૂફીઓએ સદાય સત્તાથી દૂર રહેવાનું પસંદ કર્યું છે પરંતુ સત્તાધીશો અને ઉલેમાઓએ (મૌલવીઓએ) સત્તા હાંસલ કરવા માટે ધર્મનો ઉપયોગ કર્યો છે. આ પાયાનો ભેદ આપણે ખાસ ધ્યાનમાં રાખવો જોઈએ. કેટલાક ઉલેમા ખરેખર પ્રામાણિક હતા પરંતુ પોતાના હિતો સારુ, સત્તા જાળવી રાખવા માટે ધર્મનો ઉપયોગ કરતાં અચકાયા નહીં.

ગુજરાતના સૂફી સંત ઈમામ શાહની મજાર મારા ખ્યાલથી નવસારીમાં છે. એમણે એક મશહૂર કવિતા ગુજરાતીમાં લખી છે. સૂફી કયારેય અરબી કે ફારસીમાં નહોતા લખતા. બાબા ફરીદ પંજાબી ભાષામાં લખતા. ખરેખર તો પંજાબી કવિતાનો આરંભ બાબા ફરીદથી થાય છે, એટલે જ ગુરુ નાનકે બાબા ફરીદની કવિતા અવારનવાર ગુરુગ્રંથસાહેબમાં ટાંકી છે. ઈમામ શાહની કવિતાનો અર્થ એવો છે કે, કૃષ્ણ સતયુગમાં અવતર્યા, મહંમદ કલિયુગમાં થયા, કૃષ્ણ ચોટી રાખતા, મહંમદ દાઢી રાખતા.. કૃષ્ણ ધોતી પહેરતા, મહંમદ અકા પહેરતા... આ કવિતામાં એમણે કૃષ્ણને પયગંબર નથી કહ્યા, અવતાર જ કહ્યા છે, કારણ કે ભારતીય ભાષામાં અવતાર શબ્દ જ વપરાય છે. પયગંબર અરબી શબ્દ નથી, ફારસી છે. પૈગંબર એટલે પયગામ લાવનાર, અલ્લાહનો સંદેશ-વાહક. અરબીમાં એને નબી કહે છે. યા રસુલ, રસુલ અલ્લા એટલે અલ્લાહનો સંદેશ લાવનાર. આમ શબ્દાવલિ ભિન્ન ભિન્ન છે, વાત તો એક જ છે.

અઢારમી સદીમાં એક મહાન સૂફી સંત મજહરજાનજાના થઈ ગયા. એને કોઈ શિષ્યે પૂછયું કે આપની હિંદુઓ અંગે શી માન્યતા છે ? તેમને 'કાફિર' ગણવા જોઈએ ? એ લોકો મૂર્તિપૂજા કરે છે. મજહરજાનજાનાએ લેખિત પ્રત્યુત્તર વાળ્યો, જે વાંચતાં ખ્યાલ આવે છે કે તેમનું હિંદુ ધર્મનું અધ્યયન કેટલું ઊંડું હતું !

એમણે કહ્યું : 'પહેલી વાત તો એ સરાસર જૂઠ છે કે હિંદુને કાફિર કહેવાય. બીજું, હિંદુ જે મૂર્તિપૂજા કરે છે તે આરબો ઈસ્લામના આગમન અગાઉ કરતા હતા. એવી મૂર્તિપૂજા નથી. એ ફરક સૂક્ષ્મ છે પણ બધાએ સમજવા જેવો છે. આરબો જે મૂર્તિપૂજા કરતા તેમાં મૂર્તિને જ ખુદા માનીને ચાલતા હતા. હિંદુઓ જે મૂર્તિપૂજા કરે છે તેમાં તેને ઈશ્વરની છબિ માનીને કરે છે; અનેક છબિઓ, અનેક મૂર્તિઓ હોય છે. વળી, કુરાન શરીફની એક આયાતમાં કહ્યું છે કે 'લિકુલ્લી કોમીન હાદ' એટલે કે દરેક કોમ માટે અમે એક પૈગંબર મોકલ્યો છે જે એની ભાષામાં જ સંદેશો ફેલાવે. એટલે હિંદુસ્તાન જેવો વિશાળ દેશ ખુદાની રહેમનજરથી વંચિત કેમ રહી શકે ?' આ બધી વાતો સૂચવે છે કે ઈસ્લામ કટ્ટરપંથી છે જ નહીં.

ઈસ્લામને સત્તાધીશોએ કટ્ટરવાદના વાઘા પહેરાવ્યા. ખરેખર તો ઈસ્લામ અન્ય ધર્મોની જેમ સુલેહ, શાંતિ, સમાનતા અને દયાનો જ સંદેશ ફેલાવે છે. દરેક સૂફી સંત આ બાબત પર જ ખાસ ભાર મૂકે છે. દારા શિકોહનું નામ તો બધાએ સાંભળ્યું જ હશે, તે હિંદુસ્તાનના બાદશાહ ન બની શકયા એ એક દુર્ભાગ્યપૂર્ણ ઘટના છે. એમણે એક પુસ્તક લખ્યું છે - 'મજમઉલ બેહરેન' (બે મહાસાગરોનું મિલન). એટલે કે ઈસ્લામ અને હિંદુ ધર્મનું મિલન. એ પુસ્તક અંગ્રેજીમાં પ્રસિદ્ધ થઈ ગયું છે. એનો ખૂબ પ્રચાર થવો જોઈએ, અનેક ભાષામાં તેનો તરજૂમો થવો જોઈએ. આ બંને ધર્મો વચ્ચે કોઈ વિરોધાભાસ નથી, એક જ છે એવું એમાં પુરવાર કર્યું છે. મિયાં મીર એમના ગુરુ હતા. જ્યારે ગોલ્ડન ટેમ્પલનો શિલાન્યાસ થતો હતો ત્યારે શીખ ધર્મગુરુએ આગ્રહ સેવ્યો હતો કે શિલારોપણ વિધિ મિયાં મીરના હસ્તે જ થશે. એ સૂચવે છે કે શીખ તેમજ હિંદુઓમાં મિયાં મીરની કેટલી ઊંચી પ્રતિષ્ઠા હતી !

મારી દૃષ્ટિએ આવી બધી હકીકતોનો વધુમાં વધુ પ્રચાર-પ્રસાર થાય તે આજે અત્યંત જરૂરી છે. કોઈને કાફિર કે કોઈને મલેચ્છ ગણવામાં આવે તેવી બાબત અટકાવવી તેમજ એકબીજા ધર્મ વિશે જે ગેરસમજો પ્રવર્તે છે તેને દૂર કરવી અનિવાર્ય છે. તમામ મુસ્લિમો કટ્ટરપંથી કયારેય નહોતા, આજેય નથી. એવા જ મુસ્લિમ કટ્ટરપંથી રહ્યા છે જેમનું અંગત હિત ધર્મ સાથે સંકળાયેલું છે. આવું ન હોય તો ઉર્દૂ અને ફારસી ભાષામાં રામાયણનાં ૬૦થી વધુ અને મહાભારતનાં ૭૫ જેટલાં ભાષાંતર જોવા મળે ખરાં ? આ પુસ્તકો સંગ્રહાલયોમાં મોજૂદ છે, મેં જોયાં છે. રામાયણ, મહાભારત તમામ લોકો વાંચે છે. મારા વડવાઓ ગુજરાતના

છે, અમારી માતૃભાષા ગુજરાતી છે, અમારા સમાજમાં એવાં નામો છે કે તે જાણવાથી ખબર ન પડે કે એ વ્યક્તિ હિંદુ છે કે મુસ્લિમ. સૌરાષ્ટ્રમાં મારા વોહરામિત્રને ત્યાં હું ગયો હતો. તેણે કહ્યું કે મારાં પત્ની અને માતા આવ્યાં છે તેને મળો. બે સ્ત્રીઓ હતી છતાં હું આજુબાજુ જોવા લાગ્યો. તેમણે કહ્યું આ સામે ઊભાં છે તે જ... એ બંનેએ સૌરાષ્ટ્રના અન્ય લોકો પહેરે છે એવો જ પોશાક પહેર્યો હતો. આવું મેં અન્યત્ર જોયું નહોતું તેથી મને નવાઈ લાગી અને સાથે આનંદ થયો.

એ હકીકત જાણીને આશ્ચર્ય થશે કે ૧૯મી સદી સુધી બંગાળી ભાષામાં ઈસ્લામ વિશે અલ્લાહની જગ્યાએ 'ઈશ્વર' શબ્દ વપરાતો હતો ! બંગાળી ફકીરો ઈસ્લામનું જે સાહિત્ય ગામેગામ પહોંચાડતા તેમાં અરબી ભાષા જવલ્લે જ જોવા મળે, બંગાળી કે સંસ્કૃત શબ્દો જ હોય ! ત્યારબાદ અંગ્રેજોએ મ્યુનિસિપલ ચૂંટણીની શરૂઆત કરી. મતદાનનો સવાલ ઊભો થયો. કલકત્તામાં બેઠેલા ભદ્રવર્ગના મુસ્લિમોને લાગ્યું કે ચૂંટણી જીતવા, મત મેળવવા અને મુસ્લિમોનું પ્રતિનિધિત્વ કરવા માટે ઈસ્લામીકરણ કરવું જરૂરી છે. આમ કરવાથી જ સત્તાની ભાગબટાઈમાં મોટો હિસ્સો મળશે. બંગાળમાં હિંદુસમાજ સુધારાના પંથે વળ્યો ત્યારે જ મુસલમાનો માટે ઈસ્લામીકરણનું આંદોલન શરૂ થયું. ભરતપુર (રાજસ્થાન) વિસ્તારના મિયો મુસ્લિમોનો અનેક લોકોએ અભ્યાસ કર્યો છે. એ લોકો અડધા મુસ્લિમ હતા અને અડધા હિંદુ. તેઓ હિંદુ તહેવાર ઉજવતા અને મુસ્લિમ તહેવાર પણ મનાવતા. એમની ભાષા, રહેણીકરણી પરથી નક્કી કરવું મુશ્કેલ હતું કે તેમને હિંદુ ગણવા કે મુસ્લિમ. છેક દેશના ભાગલા વખતે નક્કી કરવું પડયું કે એ લોકો મુસ્લિમ છે.

એટલે સમજવાનું એ છે કે આ રાજકારણ આપણને અંદરોઅંદર લડાવે છે. અસલ હિંદુ ધર્મ કે મૂળ ઈસ્લામ ધર્મ આપણને લડાવતો નથી. હું જરા જુદી રીતે આ વાત મૂકું. રાજકીય નેતાઓ તો કાયમ જૂઠી વાતો કરે છે એ વિશે કશો જ મતભેદ નથી, પણ તેનું નિરાકરણ કઈ રીતે લાવવું ? શું આપણે કાયમ રાજકારણ અને નેતાઓની મજાક કર્યા કરીશું અને સમગ્ર દોષનો ટોપલો એમના પર ઢોળી દઈશું ? એ લોકો મંદિર કે મસ્જિદમાં જવાનો દેખાવ એ કારણોસર કરે છે કે આપણે એ વર્તનને અનુલક્ષીને એમને મત આપીએ છીએ. આવા કારણોસર મત આપવાનું જ બંધ કરીએ તો કયો રાજકારણી ધાર્મિક સ્થાનોમાં જવાનું ચાલુ

રાખશે ? આપણો પણ આમાં દોષ જોવો જોઈએ. આપણે કોઈ ડર, કોઈ લાલચ, કોઈ હિતને કારણે તો આ બધું પસંદ નથી કરતાને ?

અમારા દાઉદી વહોરા સમુદાયમાં કેટલાય લોકો સુધારાવાદી સંઘર્ષ કરી રહ્યા છે તે જાણીતું છે. સૈય્યદનાસાહેબની જોહુકમી વિરુદ્ધ આ સંઘર્ષ ચાલી રહ્યો છે. અમે અમારા સમાજને એવું સમજાવવાની કોશિશ કરીએ છીએ કે સૈય્યદનાની આપખુદી ઈસ્લામ માટે નથી, તેમના હિતોની હિફાજત માટે છે. એ કારણે તો તે એશઆરામભર્યું, ફાઈવસ્ટાર લકઝરી જેવું જીવન ગાળે છે. એમના ખાનદાનના ૨૦૦-૩૦૦ લોકો આખી દુનિયામાં ઘૂમ્યા કરે છે, મોજમજા કરે છે અને આ બધું ધર્મને નામે થઈ રહ્યું છે. હું ઘણા નેતાઓને મળ્યો. એમનો સાથ માગ્યો. એ લોકો હમદર્દી બતાવે છે, પણ પછી સાથ આપવાનો ઈન્કાર કરે છે. હું આ વિરોધાભાસી વર્તણૂકનું કારણ પૂછું છું, તો એવો ખુલાસો કરે છે કે, 'ભાઈ, અમે તો રાજકારણી છીએ. જે ચીજથી અમને નેતાગીરી મળશે, મતો મળશે તેવા કામો અમે કરીશું. આપ સમાજને સુધારી દો તો અમેય સુધરી જઈશું. અને સુધરેલા સમાજની નેતાગીરી કરીશું. આજે તો એ ઝનૂન ફેલાવી લાખો લોકોને અમારી સામે કરી દેશે.' મને એક જમાનામાં ખૂબ જાણીતા અગ્રણી શશિભૂષણ યાદ આવે છે. એમણે એકવાર ભાષણમાં કહી નાખ્યું કે, 'આ દેશમાં જે દોલત પાછળ દોટ મૂકે છે તે શેતાન ગણાય છે અને સત્તાને દોલતનો ત્યાગ કરે છે તે સંત કહેવાય છે. હું સૈય્યદનાસાહેબને સલાહ આપું છું કે તેઓ સંતના માર્ગે ચાલે.' આ વિધાનથી શશિભૂષણની એવી માઠી દશા થઈ છે કે હવે પછી જિંદગીભર તે આવું કયારેય નહિ બોલે. એટલે સવાલ આપણા સહુનો છે. જ્યાં સુધી આપણે બધા સમાજમાં સુધારો આણવાનું કામ નહિ કરીએ ત્યાં સુધી કેટલાક લોકો ધર્મનો દુરુપયોગ કરતા જ રહેશે. સમાજ સુધારા માટે અનેક યાતના, કઠિનાઈઓનો સામનો કરવો પડે છે. એ માર્ગ કંટકછાયો છે.

વર્ષોથી શાહબુદ્દિનસાહેબ સાથે મારો વિવાદ ચાલી રહ્યો છે. હું એમને કહું છું કે બાબરી મસ્જિદ બચી જાય તો પણ તેમાં મુસલમાનોને શું ફાયદો થશે તે સમજાવો. આપ મુસ્લિમોની પ્રગતિ માટે, શિક્ષણ માટે, તેમનું આર્થિક પછાતપણું દૂર કરવા માટે કામ કરીને સર સૈય્યદ જેવા કેમ નથી બનતા ? તમે માત્ર નેતા જ કેમ બનવા માગો છો ? લઘુમતીઓ માટે એક સુંદર હેવાલ ગોપાલસિંઘ હાઈ કમિશનરે તૈયાર કરી સુપરત કર્યો છે. સરકારે તે સંસદ સમક્ષ

હજી રજૂ નથી કર્યો. આપ તેની ભલામણો અમલમાં મુકાય તે માટે આંદોલન ચલાવો. જ્યાં સુધી શિક્ષણનો ફેલાવો નહિ થાય ત્યાં સુધી મુસ્લિમ યુવકને નોકરી નહિ મળે, તે આગળ નહિ વધે. શાહબુદ્દિન તો મુસ્લિમોના દેશઅગ્રણી થવા માગે છે એટલે કટ્ટરવાદી વાતો કરે છે. પરંતુ તેને પરિણામે અન્ય લોકો પણ ઈસ્લામ અને મુસલમાનની ખોટી છાપ ઊભી થઈ રહી છે. એ પોતે નામના કમાય છે પરંતુ ઈસ્લામ ધર્મ બદનામ થાય છે.

મૂળ વાત જ એ છે કે જ્યાં સુધી આવા અંગત હિતથી ઉપર ઊઠીને નહિ વિચારીએ ત્યાં સુધી આપણે સમાજને કયારેય ન સુધારી શકીએ. આપણે બુદ્ધિજીવીઓ - જે બધું સમજે છે, સાંપ્રદાયિક સદ્ભાવના ફેલાવવા ચાહે છે, એ બધાએ સત્તાની લાલચનો ત્યાગ કરીને કામ કરવા આગળ આવવું પડશે. આત્મત્યાગ વગર સમાજસુધારણા થવી અશકય છે. જ્યાં સુધી સમગ્ર જનતા સાંપ્રદાયિકતા વિરુદ્ધ અવાજ નહિ ઉઠાવે ત્યાં સુધી કશું વળવાનું નથી.

શાહબાનો કેસ વખતે મેં કેટલાક મૌલવીઓ સાથે અંગત વાતચીત કરી તો તેમનો અભિપ્રાય એવો હતો કે, શરિયતમાં એવું નથી કે તલાકશૂદા સ્ત્રીને ત્રણ મહિનાથી વધુ ભરણપોષણ ચૂકવવું એ ગંભીર અપરાધ છે. કુરાન શરીફમાં તો એવું છે કે તલાકશૂદા મહિલા માટે કંઈક જોગવાઈ કરો. એમાં સમયમર્યાદા કે કેટલી રકમ એવો કશો ઉલ્લેખ નથી. આ આખી બાબત સંજોગો પર આધારિત છે. કયારેક ત્રણ મહિના હોય, ત્રણ વરસ કે ત્રીસ વરસ પણ હોઈ શકે; એ જ રીતે રકમ પણ અલગ અલગ હોઈ શકે. તત્કાલિન સંદર્ભને અનુલક્ષીને જ કુરાનનું અર્થઘટન કરવું ઘટે. કુરાને જણાવ્યું કે આવી સ્ત્રીને સહારો આપો, પરંતુ સ્ત્રી નબળી છે એટલે એના હિતની વિરુદ્ધ વર્તવાનું ? આમાં તો ઈસ્લામની બદનામી જ થઈ ને ? પરંતુ રાજકારણી એટલે સફળ થાય છે કે આપણે કેટલીક બાબતમાં પછાત છીએ. આવા પ્રશ્નો પર જબરદસ્ત આંદોલન થાય તો રાજકારણીએ તેને ટેકો આપવો જ પડે. જનતા ભ્રષ્ટાચારથી તંગ આવી ગઈ છે એટલે આજે ખૈરનારને ટેકો આપે છે, તે મહાનાયક થઈ ગયા છે.

કોમી હુલ્લડોનો ભોગ કોણ બને છે ? બેરોજગાર મજૂરો, ગરીબો તેનો ભોગ બને છે. અડવાણી કે શાહબુદ્દિનના નામો રોજ અખબારોમાં ચમકે છે અને એટલે તેઓ હોય છે એના કરતાં મોટા નેતા બની જાય છે. જેટલો ઝૂંપડાવાસીનો ભોગ લેવાય છે, એની તુલનામાં આપણે કંઈ ભોગ નથી આપતા. પેટ્રોલ છાંટીને

ઝૂંપડાં સળગાવાય છે, નાના ગલ્લા લૂંટાય છે, એ લોકો બેઘર બની જાય છે.

આપણે 'ધર્મનિરપેક્ષતા'નો અર્થ કાઢવાનું કે પશ્ચિમી ખ્યાલ છે તેવી વાતો કરવાનું છોડી દઈએ. ધર્મમાં માનવું કે નહિ તેની ચર્ચામાંથી બુદ્ધિજીવી કયારેય બહાર નહિ નીકળે. મૂળ વાત એ છે કે આપણું દેશહિત શેમાં છે ? ગાંધીજી આ વાત સમજ્યા હતા. તેઓ દેશની નાડ પારખતા હતા, કારણ કે લોકોની વચ્ચે ઘૂમતા હતા. લોકો શું ઈચ્છે છે તે જાણતા હતા. ગાંધીજીએ ગર્વભેર કહ્યું હતું કે હું સનાતની હિંદુ છું. પરંતુ સનાતની હિંદુ ક્યારેય ખરા અર્થમાં કોઈ મુસલમાનનો દુશ્મન હોઈ શકે જ નહિ. એટલે જ ગાંધીજી પોતાની સભામાં ગીતા જેટલું જ મહત્ત્વ કુરાન, બાઈબલ વગેરે ધર્મગ્રંથોના ટાંચણો આપીને કરતા.

મેં જે કુરાન શરીફની આયાતો રજૂ કરી છે તે તમામ બાબતો મૌલાના આઝાદે અવારનવાર કહી છે. ધર્મોની એક્તા પર એમણે અભ્યાસપૂર્ણ પુસ્તકો લખ્યાં છે. મૌલાના આઝાદ સુંદર વિવેચન કરી શક્તા, ઈસ્લામનું ઊંડું અધ્યયન કર્યું હતું. આ જ કારણસર કટ્ટરપંથીઓ મૌલાના આઝાદનો વિરોધ કરતા હતા. મૌલાના આઝાદે પાકિસ્તાન સંદર્ભે કહ્યું કે પાકિસ્તાન શબ્દ જ ઈસ્લામ ધર્મ વિરુદ્ધનો છે. અલ્લાહે આ સમગ્ર સૃષ્ટિ રચી, ધરતી રચી તો તેનો એક જ હિસ્સો 'પાક' (પવિત્ર) હોય અને બાકીનો વિશાળ હિસ્સો 'નાપાક' એવું બની જ કઈ રીતે શકે ? ઈસ્લામના પ્રકાંડ પંડિત અને જમિયતે ઉલેમાએ હિંદના અધ્યક્ષ મૌલાના હુસેન અહમદ મદનીએ પણ પાકિસ્તાનનો જોરદાર વિરોધ કર્યો હતો. બીજી બાજુ આધુનિક અને પાશ્ચાત્ય કેળવણી પામેલા મહંમદઅલી ઝીણાએ પાકિસ્તાનની માગણી કરી હતી. એટલે કે હકીક્ત સ્પષ્ટ થઈ જાય છે કે એમાં લડાઈ અંગત-રાજકીય હિતોની જ હતી, ધર્મની નહિં. હિંદુ ધર્મ કે ઈસ્લામ ધર્મમાં ભાગલા વખતેય ટક્કર નહોતી આજે પણ નથી, સ્થાપિત હિતોની ટકરામણ હતી. જેઓ ભણેલા છે, વકીલ છે, ધંધાદારી છે તેઓ રાજકારણમાં આગળ આવવા ઈચ્છે છે. આજે સાંપ્રદાયિકતા જેટલી શિક્ષિતોમાં છે એટલી અભણ લોકોમાં નથી. આમજનતામાં નફરત નથી ફેલાઈ એ ચોખ્ખું દેખાય એવું છે. ઝીણા ક્યારેય મસ્જિદમાં જતા નહિ, કુરાન શરીફ વાંચતા નહિ, અરબી ભાષા તો છોડો માતૃભાષા ગુજરાતી પણ નહોતા જાણતા, એમણે ઈસ્લામમાં કેટલી બધી વિકૃતિ ફેલાવી ! જસ્ટિસ ચાગલાએ તેમની આત્મકથા 'રોઝીસ ઈન ડિસેમ્બર'માં એક કિસ્સો નોંધ્યો છે. પાકિસ્તાનની માગણી પૂરજોશથી ચાલતી

હતી, ત્યારે મુંબઈના કાલાઘોડા નજીકની એક હોટલમાં ઝીણા જમવા ગયા. તેમણે સુવ્વરના માંસનો ઓર્ડર આપ્યો, જેનો ઈસ્લામ ધર્મમાં સંપૂર્ણ નિષેધ કરવામાં આવ્યો છે. દારૂ પીનાર મુસ્લિમ પણ આ માંસને હાથ નહિ લગાડે. ઝીણા ખાઈ રહ્યા હતા ત્યારે જ એક મુસ્લિમ તેના પુત્ર સાથે આવી ચડયો. ઝીણાને પસીનો છૂટી ગયો કે જો એને હું શું ખાઈ રહ્યો તેની ખબર પડી જશે તો મારી બદનામી થઈ જશે. ઝીણાનો આ ઈસ્લામ ધર્મ હતો ! એમણે માત્ર સત્તા હાંસલ કરવા કટ્ટરવાદી ઈસ્લામનો સહારો લીધો. વળી, મુસ્લિમ લીગનું હિત તેની સાથે સંકળાયેલું હતું.

મૌલાના આઝાદ વગેરે તે ઉદાહરણ આપતા કે જ્યારે પૈગંબરસાહેબ મક્કાથી મદીના ગયા તો ત્યાં અનેકધર્મી સમાજ હતો. મુસ્લિમો લઘુમતીમાં હતા. પૈગંબરસાહેબે અન્યધર્મીઓ સાથે સમજૂતી કરી અને સૌને પોતપોતાના ધર્મ મુજબ વર્તવાની આઝાદી મળી ગઈ. મૌલાના આઝાદ માનતા હતા કે આપણે હિંદુ ભાઈ-બહેનો સાથે સમજૂતી સાધવી જોઈએ. આપણે આ દેશમાં હળીમળીને સાથે જ રહેવું જોઈએ. ભારત દેશને મુસ્લિમો માટે 'દારૂલ અમન' એટલે કે પોતાનો ધર્મ પાળીને પણ શાંતિ અને સલામતીથી જીવી શકે એવો દેશ બનાવીએ. વળી, હિંદુઓએ ઈસ્લામની રક્ષા કરવા બતાવેલી ખુશીનો એ અગ્રણીઓને સંતોષ હતો.

આ બાબત જ સાચી ધર્મનિરપેક્ષતા છે. હું તો સ્પષ્ટ માનું છું કે જે વ્યકિત સાચા અર્થમાં ધાર્મિક છે તે કયારેય કોમવાદી હોઈ શકે નહિ અને કોમવાદી કદાપિ ધાર્મિક હોઈ શકે નહિ. આનું જ્વલંત ઉદાહરણ મહાત્મા ગાંધી અને મૌલાના આઝાદ હતા. એક હિંદુ હતા. બીજા હતા મુસલમાન. એક ગર્વથી કહેતા હું સનાતની હિંદુ છું, બીજા ગર્વથી કહેતા કે હું મુસલમાન છું... પણ બંને કયારેય કોમવાદી નહોતા.

●

ઈસ્લામ ધર્મ જે સંસારના તમામ ધર્મો કરતાં વધુમાં વધુ અપરિવર્તનીય ધર્મ ગણાય છે તેમાં પણ પરિવર્તનના પ્રવાહો ચાલ્યા છે, અને સૂફી સંતો તેના પરિવર્તનના એક ભાગ રૂપે જ હતા. ઈસ્લામી ધર્મના અનુયાયીઓ માટે આ હકીકત ઘણી જ અગત્યની છે કેમ કે ભારતમાં જે ઈસ્લામી અનુયાયીઓ છે, તેમના ઉપર મજબૂત પકડ તેમના રૂઢિચુસ્ત મુલ્લાં-મૌલવી અને રાજકારણી- ઓની છે જે તેમના ધાર્મિક પ્રેમનો તથા શ્રદ્ધાનો ગેરલાભ થઈ તેમને સંકુચિતતાની જંજીરોમાં જકડી રહેલ છે.

હિંદુધર્મના અનુયાયીઓ માટે પણ ઉપરની હકીકતો તેટલી જ અગત્યની છે. કેમ કે હિંદુઓમાં પણ આમજનતાના ખ્યાલો એવા છે કે ઈસ્લામની ધાર્મિક માન્યતાઓ, તેમની ધાર્મિક માન્યતાઓથી સર્વાંશે વિપરીત છે. હકીકતે બંને કોમમાં જે વિપરીતતા દેખાય છે, તે તો બંને કોમોના રૂઢિચુસ્તોએ ઊભી કરેલ છે, જે ધર્મનું હાર્દ પકડવાને બદલે તેના બાહ્યાચારોને વધુ મહત્ત્વ આપે છે.

સમસ્ત જગતના જે વિવિધ ધર્મો છે તેના ફલસ્વરૂપ જે આચારધર્મ છે જેવા કે, સત્ય, પ્રેમ, અહિંસા, સદાચાર - તેમાં તેઓ વચ્ચે કોઈ વિસંવાદ કે વિરોધાભાસ નથી, અને જે કાંઈ વિરોધાભાસ જણાય છે તે વૈચારિક પ્રવાહોમાં, તેમજ રૂઢિગત પ્રણાલિકાઓમાં છે, તેટલું જો આપણને સર્વને સાચી રીતે સમજાય તો આપણી સહિષ્ણુતા વધશે અને રાષ્ટ્રની પ્રગતિ થશે. મોટા ભાગના સૂફી સંતોનો માર્ગ આ સહિષ્ણુતાનો અને પ્રેમનો હતો અને તેથી જ ભારતના અનેક સૂફી સંતોના અનુયાયીઓ હિંદુ તથા મુસ્લિમ બંને કોમોમાંથી હતા.

ટી. યુ. મહેતા

('ઈસ્લામનું રહસ્ય : સૂફીવાદ'માંથી)

## મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિરે મુનિશ્રી સંતબાલજીનાં પ્રગટ કરેલ સર્વોપયોગી પુસ્તકો

* ઉત્તરાધ્યયનસૂત્ર * સાધક સહચરી
* દશવૈકાલિકસૂત્ર * વિશ્વવત્સલ મહાવીર
* આચારાંગસૂત્ર * સિદ્ધિનાં સોપાન
* તત્ત્વાર્થસૂત્ર * સર્વધર્મ પ્રાર્થના પીયૂષ
* જૈન દૃષ્ટિએ ગીતા દર્શન (નવી આવૃત્તિ) કિં. ૧૨૫-૦૦
* અભિનવ રામાયણ (નવજીવન પ્રકાશન મંદિર)
* અભિનવ મહાભારત ( ,, ,, )
* અભિનવ ભાગવત ભાગ-૧ તથા ૨
* આદર્શ ગૃહસ્થાશ્રમ * સુખનો સાક્ષાત્કાર
* સ્મરણશક્તિ * ધાર્મિક દૃષ્ટિ અને સમાજવાદ
* પ્રશ્નોત્તરી અને પ્રાસંગિક * નળકાંઠાનું નિદર્શન

મુનિશ્રીના જીવન અને કાર્યને વિષદ રીતે રજૂ કરતા બે અનુપમ સ્મૃતિગ્રંથો :

**સંતબાલ સ્મૃતિગ્રંથ ભાગ ૧, ૨**

* **સાધુતાની પગદંડી** (બે ગ્રંથ પ્રગટ થઈ ચૂકયા છે)

શ્રી મણિભાઈ પટેલે તૈયાર કરેલી પ્રવાસની નોંધો ઉપરથી રોજેરોજની સામાજિક પ્રવૃત્તિઓ અને વિશાળ જનસંપર્ક મારફતે માર્ગદર્શન પામતી આ ગ્રંથશ્રેણી મુનિશ્રીએ રાષ્ટ્રક્ષેત્રે આપેલ યોગદાનનો કિંમતી દસ્તાવેજ બની રહે છે.

: પ્રકાશક :

મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.

વિપુલ પ્રિન્ટર્સ, ૧૪-૧૫, અડવાણી માર્કેટ, શાહીબાગ રોડ, અમ.-૪